MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૧૯-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ચીનમાં કોરોનાથી યુએસ કરતાં પણ વધારે માર્યા ગયા છે, ચીન વિશ્વાસને લાયક નથીઃ ટ્રમ્પનો દાવો

3 યુરોપના બે દેશોએ સમયસર પગલા ભરીને કોરોના સામે મેળવી જીત

7 કોટવિસ્તારમાં હજુ કેસ વધશે, કારણ કે લોકો સમજી જ નથી રહ્યાઃ અ.મ્યુ.કમિશ્નર

12 નર્મદામાં લેવાયેલા ૩૦ સેમ્પલનું રિઝલ્ટ નેગેટિવ, ૨૪ કલાકમાં એક પણ કેસ પોઝિટિવ નહિ

કોરોના સંકટ વચ્ચે સંવેદનશીલ સરકારનો સંવેદનશીલ નિર્ણય

રૂપાણી સરકાર ૬૬ લાખ પરિવારોને ૧ હજારની મદદ કરશે

રેશનિંગના બદલામાં રોકડ સહાય આપવાનો નિર્ણયઃ સોમવારથી તેમના બેન્ક ખાતામાં જમા થશે,આ નિર્ણયથી સરકાર પર ૬૬૦ કરોડનું ભારણ પડશે,અત્યાર સુધી ૬૦ લાખ પૈકી ૪૫ લાખ લાભાર્થીઓએ રાશન મેળવ્યું

ગાંધીનગર

ગુજરાત રાજ્ય વર્તમાન મહામારી કોરોના સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. લોકડાઉનો સમય પણ વધુ ૧૯ દિવસ લંબાવી દેવાયો છે. લોકડાઉનને કારણે લોકોના સામાજિક અને આર્થિક બાબતો પર અસર થઈ રહી છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગને રાહત મળે તે માટે સરકારે વિચારવિમર્શ બાદ એવો નિર્ણય કર્યો છે કે જે પરિવારોને રેશન મળ્યું નથી તેમને એક હજારની રોકડ સહાય આપવી. આવા ૬૬ લાખ પરિવારોને ઓળખી કાઢવામાં આવ્યાં છે. સરકાર પાસે તેમના બેંકના ખાતા નંબર વગેરેની માહિતી ઉપલબ્ધ હોવાથી સોમવારે તેમના ખાતામાં એક હજાર રૂપિયા જમા થઈ જશે.

સૂત્રોએ કહ્યું કે, એક રીતે જોતા રાજ્યના ૬૬ લાખ પરિવારોને આ એક હજારની રોકડ સહાય આશિર્વાદરૂપ નિવડી શકે તેમ છે. જે કે આ એક હજાર માટે તેમણે બેંકમાં જવુ પડશે. અને આમ પણ ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં શરતી છૂટછાટો મળવાની છે ત્યારે આ ૬૬ લાખ પરિવારોને સહાય મેળવવામાં કોઈ મુશ્કેલી નહીં પડે એમ સરકારનું માનવુ હતું. સરકારના આ નિર્ણયને એક મહત્વનું માનવામાં આવી રહ્યું છે.

સૂત્રોએ કહ્યું લોકડાઉનમાં એવા અસંખ્ય પરિવારો છે કે જેઓ આર્થિક સંકડામણ કે મુશ્કેલી અનુભવી રહ્યાં છે. તેમના માટે રોજનું કરિયાણુ અને એક એક રૂપિયો મહત્વનો બની ગયો છે. વિશેષ કરીને રોજ મહેનત કરીને રોજનું કમાવીને ખાનાર વર્ગની હાલત કફોડી બની ગઈ છે. લોકોને એમ હતું કે ૧૪ એપ્રિલે લોકડાઉન ઉઠાવી લેવામાં આવશે. પરંતુ તેના બદલે વધુ ૧૯ દિવસ લંબાવતા આ વર્ગની મુશ્કેલી દૂર કરવા સરકારે તેમના ખાતામાં એક હજાર રોકડા જમા કરીને રાહત આપવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન, સત્તાવાર રીતે જણાવાયા મુજબ, આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહત્વનો નિર્ણય લીધો છે. બે દિવસ બાદ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા હેઠળ આવતા ૬૬ લાખ કુટુંબોના ખાતામાં ૧૦૦૦ રૂપિયા જમા કરાવવાની શરૂઆત કરાશે. એપ્રિલ મહિના માટે વધુ ૧ હજાર રૂપિયાની સહાયની જાહેરાત પહેલા કરી હતી, જેસોમવારથી મળવાની શરૂ થઈ જશે. રાજ્ય સરકાર પર આ નિર્ણયથી ૬૬૦ કરોડનું ભારણ આવશે. પરંતુ ૬૬ લાખ પરિવારોને લોકડાઉનની વચ્ચે રાહત મળશે

અનાજ વિતરણ અંગે તેઓએ કહ્યું કે, ગુજરાતમાં પ્રથમ વખત ૬૦ લાખ APL કાર્ડધારકોને ૧૩ એપ્રિલથી ઘઉં, ચોખા, ખાંડ, દાળ આપવાની શરૂઆત થઈ હતી.

અનુ. પાના નં. ૬ પર

રાજસ્થાનના કોટામાં લોકડાઉનનું ઉલ્લંઘન, હજારો વિદ્યાર્થીઓ બસ સ્ટેશન પર એકત્રિત થયા

● ઘરે પહોંચવાની ઉતાવળમાં લોકડાઉના નિયમો પણ ભૂલાયા
● સ્થાનિક પ્રશાસન પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવામાં નિષ્ફળ રહ્યું

કોટા

લોકડાઉન દરમિયાન રાજસ્થાનમાં ફસાયેલા ઉત્તર પ્રદેશના આશરે ૭,૫૦૦ વિદ્યાર્થીને લેવા માટે શુક્રવારે યુપી સરકારે ૨૫૨ બસ કોટા મોકલી હતી. કોટામાં આ તમામ વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જીનિયરિંગની તૈયારી માટે કોચિંગ કરી રહ્યા છે. તેમ જ તેઓ હોસ્ટેલો તથા પીજીમાં રહે છે. ગુરુવારે રાજસ્થાન તથા યુપી સરકારે કોટામાં ફસાયેલા વિદ્યાર્થીઓને પાછા લાવવા માટે બસોની વ્યવસ્થા કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ શુક્રવારે ૧૦૨ બસ ઝાંસી અને ૧૫૦ બસ આગ્રાથી રવાના થઈ હતી. પણ તે અગાઉ બસ સ્ટેશનો પર હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ એકત્રિત થઈ જતા લોકડાઉનના નિયમોનું મોટા પ્રમાણમાં ઉલ્લંઘન થયું હતું. સ્થાનિક પ્રશાસન પણ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવામાં નિષ્ફળ રહ્યું હતું.

બસ સ્ટેશન પર ઘરે જવાની તૈયારી કરીને બેઠેલા અભિષેક ત્રિપાઠી સાથે વાતચીત કરી. તે યુપીના કન્નોજનો રહેવાસી છે. કોટામાં એક સંસ્થામાં તે NEETની તૈયારી કરવા માટે આવ્યો છે. અભિષેકના મતે તેને ૧૬ એપ્રિલની સાંજે કોચિંગથી એક મેસેજ આવ્યો કે તમારી બેગ તૈયાર રાખો. આવતીકાલે તમને ઘરે લઈ જવા બસ આવી રહી છે. આ સમાચાર મળતા અભિષેક ખૂબ જ ખુશ હતો. જોકે, હોસ્ટેલથી નિકળ્યા બાદ તે નર્વસ પણ થઈ ગયો છે. તેમણે કોરોના સંક્રમિત થવાનો ડર લાગે છે. કારણ કે તેનું ઘર

અનુ. પાના નં. ૬ પર

લોકડાઉન ૨.૦માં છૂટ મળવાની સાથે જ પુનઃ ધબકતું થશે દેશનું ૪૫% અર્થતંત્ર

નવી દિલ્હી

દેશભરમાં કોરોના વાયરસના હાહાકારની વચ્ચે ૨૦મી એપ્રિલથી દેશના અર્થતંત્રને પુનઃ ધબકતું કરવાનો સરકારે પ્રયાસ કર્યો છે. સરકારની ગાઇડલાઇન મુજબ જે વેપાર ઉદ્યોગોને ૨૦મી એપ્રિલથી કામકાજ કરવાની છૂટ મળી છે તેમાં દેશનો ૬૫ ટકા વર્ગ કામ કરે છે. અને આ છૂટ મળવાની સાથે જ દેશનું ૪૫% અર્થતંત્ર પુનઃ ધબકતું થઈ જશે.

ખેતી : હિંદુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ દેશની જીડીપીમાં ૩૬.૪ ટકા યોગદાન ખેતીનું છે એવામાં ફૂડ પ્રોસેસિંગ, કોલ્ડ સ્ટોરેજ, વેર હાઉસ, માછીમારી, પેકેજિંગ, મત્સ્ય ઉદ્યોગ, ફીશ સીડ, ચા-કોફી, રબર, કાજુ પ્રોસેસિંહ, દૂધનું કલેક્શન,. વગેરેનું ઉત્પાદન અને ડિસ્ટ્રિબ્યૂશન શરૂ થઈ જશે.

અહેવાલ મુજબ દેશની આઈટી ઈન્ડસ્ટ્રીસની ઓફિસો ૨૦મી તારીખથી ખુલી જશે. આ ઉપરાંત કૉલ સેન્ટર, ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, મેકેનિક, કારપેન્ટર, કૂરિયર, ડીટીએચ સેવા, કેબલ સર્વિસ ખુલી જશે. રિયલ એસ્ટેટ : દેશની જીડીપીમાં રિયલ એસ્ટેટનું યોગદાન ૭.૭૪ ટકા છે. આ સાથે દેશમાં શરૂ થનારી આ ઈન્ડ્રસ્ટ્રીસમાં રિયલ એસ્ટેટ છે જ્યાં શરતોને આધીન સાઈટ શરૂ કરવાની

અનુ. પાના નં. ૬ પર

મુંબઈ સ્થિત આઈએનએસ આંગ્રેમાં કોરોના વાયરસનો મોટો કેસ સામે આવ્યો

ઈન્ડિયન નેવી પર કોરોનાનો મોટો 'હુમલો', એક સાથે ૨૦થી વધુ જવાન સંક્રમિત

મુંબઈ

દેશમાં કોરોના વાયરસના અત્યારસુધી ૧૩ હજારથી વધારે કેસ સામે આવી ચુકયા છે. હવે એવા સમાચાર છે કે આ ઘાતક વાયરસ ભારતીય નૌસેના સુધી પહોંચી ગયો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે, પશ્ચિમ નેવી કમાનના કિનારે સ્થિત લોજિસ્ટિક અને એડમિનિસ્ટ્રેટિવ સપોર્ટ બેસ "દ્રજી છહસ્રી પર કોવિડ ૧૯ના પોઝિટિવ કેસ નોંધાયા છે. દાવો કરવામાં આવ્યો છે કે પોઝિટિવ કેસની સંખ્યા ૨૦ની હોઈ શકે છે. આઈએનએસ એંગ્રે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના દરિયા કિનારે સ્થિત છે.

નોંધનીય છે કે ભારતમાં અત્યાર સુધી કોરોના વાયરસના સૌથી વધારે કેસ મુંબઈમાં નોંધાયા છે. ઈન્ડિયન નેવી સાથે જોડાયેલા કેસ પહેલા શુક્રવારે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૩૪ નવા કેસ સામે આવ્યા હતા. મહારાષ્ટ્રમાં નેવીના મામલા પહેલા શુક્રવારે કુલ સંક્રમિત લોકોની સંખ્યા ૩,૨૩૬ જણાવવામાં આવી હતી. પરંતુ મોડી રાત્રે ઈન્ડિયન નેવી અંગે મોટા સમાચાર આવ્યા હતા. ભારતીય નેવીના મામલા પહેલા શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૧૩,૩૮૭ લોકો કોરોનાથી સંક્રમિત છે. જયારે કોરોનાને કારણે દેશમાં મૃતકોની સંખ્યા ૪૩૭ સુધી પહોંચી છે. તાજેતરમાં જ કેરળના કોચીમાં ઈન્ડિયન નેવીએ અંતરિયાળ વિસ્તારોમાંથી કોરોના સંક્રમિત દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા માટે એક સ્માર્ટ 'એર ઈવેકયુએશન પોડ'

અનુ. પાના નં. ૬ પર

યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીના સંશોધન મુજબ

મોટી આફતઃ ભારતમાં નવા ૧૦ કરોડ ગરીબો વધશે...!!

આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ ૭.૬ કરોડ લોકો ખૂબ ગરીબ બનશે,દેશની કુલ વસ્તીમાં ગરીબની સંખ્યા વધીને ૬૮% ટકા જશે,આવક અને વપરાશમાં ૨૦%નો ઘટાડો થશે

યુએન

કોરોના વાયરસ અટકાવવા માટે દેશભરમાં લોકડાઉન ચાલુ છે. આ લોકડાઉનની આર્થિક અસરને ઘટાડવા માટે સરકાર તમામ શક્ય પગલાં લઈ રહી છે, પરંતુ આ લોકડાઉન કરોડો લોકોને ભારે પડશે. યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી (UNU)ના એક સંશોધન મુજબ, જો કોરોના તેની ખરાબ સ્થિતિમાં પહોંચે છે, તો ભારતમાં ૧૦૪ મિલિયન અથવા ૧૦.૪ કરોડ નવા ગરીબોનો જન્મ થશે. UNUએ આ સંશોધન ગરીબી રેખાથી નીચેના લોકો માટે વિશ્વ બેંક દ્વારા નિર્ધારિત આવક ધોરણો અનુસાર કર્યું છે.

UNUના સંશોધન મુજબ, વર્લ્ડ બેંકના આવક ધોરણો અનુસાર, લગભગ ૮૧.૨ કરોડ લોકો ભારતમાં ગરીબી રેખાની નીચે જીવે છે. તે દેશની કુલ વસ્તીના ૬૦% છે. કોરોના વાયરસ રોગચાળો અને વધતા લોકડાઉનથી થતી આર્થિક અસરને કારણે, ભારતમાં ગરીબોની સંખ્યા વધીને ૯૧.૫ કરોડ થઈ જશે. આ ભારતની કુલ વસ્તીના ૬૮ ટકા જેટલું હશે. દેશમાં ગરીબોની સંખ્યાને લઈને એક દાયકા પહેલા જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ ફરી સામે આવશે. બીજા શબ્દોમાં કહીએ તો, ગત વર્ષોમાં ગરીબી ઘટાડવા ભારત સરકારે લીધેલા તમામ પગલા નિરર્થક બની રહેશે.

વિશ્વ બેંકે આવકના આધારે વિશ્વના દેશોને ચાર કેટેગરીમાં વહેંચી દીધા છે. આ દેશોમાં, ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ત્રણ ધોરણ નક્કી કરવામાં આવ્યા છે.

લોઅર મિડલ આવક જૂથઃ એવા દેશોમાં કે જ્યાં માથાદીઠ વાર્ષિક રાષ્ટ્રીય આવક

અનુ. પાના નં. ૬ પર

લોકડાઉનમાં લોકોની બેદરકારીથી કોરોનાને લઈ ગુજરાત માટે ચિંતાજનક બાબત

કોરોના સંકટઃ રાજ્યમાં એક જ દિવસમાં ૭ના મોત, નવા ૧૭૬ કેસ, ૧૪૩ એકલા અમદાવાદમાં

● રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દી ઓની સંખ્યા ૧૨૭૨ થઈ
● રાજ્યમાં કોરોનાના ૧૦૯૯ પોઝિટિવ કેસ, ૪૧ મોત અને ૮૬ ડિસ્ચાર્જ

ગાંધીનગર

ગુજરાતમાં સરકારની અપેક્ષા અને જાહેરાત મુજબ કોરોના વાઈરસ મહામારીના કેસો સતત વધી રહ્યાં છે. આજે એક જ દિવસમાં અત્યારસુધી હાઈએસ્ટ કહી શકાય એવા ૧૭૬ પોઝીટીવ કેસો બહાર આવ્યાં છે. સરકારનું માનવુ છે કે સ્થાનિક સ્તરે કોરોનાના કેસો શોધી કાઢવા સર્વેલન્સ અને ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવી હોવાથી કેસો વધી રહ્યાં છે. જે કેસો વધારે બહાર આવી રહ્યાં છે તે મુખ્યત્વે કોરોના હોટસ્પોટ વિસ્તારોમાંથી બહાર આવી રહ્યાં છે.

રાજ્યના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના નવા ૧૭૬ કેસ નોંધાયા છે. જેમાં ૧૪૩ કેસ એકલા અમદાવાદમાં નોંધાયા છે. આ મોટાભાગના કેસ હોટસ્પોટ વિસ્તારમાં નોંધાયા છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૨૭૨ પોઝિટિવ કેસ થયા છે. તેમજ રાજ્યમાં વધુ સાત લોકોના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો હોવાનું આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું હતું. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જ્યાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. એટલે કે કેસ વધ્યા જરૂર છે પણ કોરોનાને મર્યાદિત વિસ્તારમાં રોકી પણ લેવાયો છે. ગુજરાતમાં કોરોના ફેલાવાની ઝડપ પણ ઘણી વધારે છે. રાજ્યમાં પહેલો કેસ ૧૯ માર્ચે નોંધાયો હતો અને ૧૮ એપ્રિલ સુધીમાં ૧૨૭૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, સરકારે આપેલા આંકડા પર નજર કરીએ તો, માત્ર ૨૪ કલાકમાં ગુજરાતનાં નવા ૨૫૪ કેસોનો ઉમેરો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો કહી શકાય.

૨૪ હજાર રેપિડ ટેસ્ટ કિટ દિલ્હીથી અમદાવાદ પહોંચી ગઈ હોવાનું જણાવીને તેમણે કહ્યું કે, ભારત સરકાર તરફથી ગુજરાતને ૨૪,૦૦૦ કોવિડ-૧૯ રેપિડ ટેસ્ટિંગ કિટનો પ્રથમ જથ્થો શુક્રવારે મળ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની

અનુ. પાના નં. ૬ પર




કોરોના વાયરસ સામે લડવા માટે ભારત જે પ્રમાણેના પ્રયત્નો કરી રહ્યું છે તે માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશ સહિતના વિશ્વના અનેક દેશો ભારતના વખાણ કરી રહ્યા છે. આ યાદીમાં હવે સ્વિત્ઝરલેન્ડનું નામ પણ ઉમેરાઈ ગયું છે. સ્વિત્ઝરલેન્ડના મેટરહૌર્ન પર્વતને ત્રિરંગાના રંગમાં રંગી દીધો છે. પર્વતને ત્રિરંગાના રંગમાં રંગીને તેના પર ભારતનો નકશાથી ચમકાવીને કોરોના વિરુદ્ધ ભારત જે પ્રમાણેના પગલા લઈ રહ્યું છે તે બદલ ભારતને વખાણ કર્યા.

૨૦ એપ્રિલથી ફરી રાષ્ટ્રીય રાજમાર્ગો ઉપર શરૂ કરવામાં આવશે ટેકસ વસૂલી

નવી દિલ્હી

સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે ત્યારે હવેથી રાષ્ટ્રીય રાજમાર્ગો પર ટેકસ વસૂલાત કરવામાં આવશે. એન.એચ.આઈ. દ્વારા એનએચ-૯ પર નિર્માણ કાર્યની સાથે તમામ ટોલ પ્લાઝા પર ચાર્જ વસૂલવાનો નિર્ણય કર્યો છે. જેના માટે એન.એચ.આઇ એ પૂરી તૈયારી કરી લીધી છે. સરકાર દ્વારા જે નિર્દેશ જાહેર કરાયો છે તે અનુસાર ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રધિકરણ ૨૦ એપ્રિલથી રાષ્ટ્રીય રાજમાર્ગો પરથી ટોલ ટેકસ વસૂલી શકશે.

ત્યારે સરકારના આ આદેશનો પરિવહન ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોએ વિરોધ કર્યો છે. સરકારે કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને લોકડાઉન દરમ્યાન ૨૫ માર્ચ સુધી ટોલ ટેકસમાં મુકિત આપી હતી પરંતુ હવે ૨૦ એપ્રિલથી ફરી ટેકસ વસૂલી શરૂ કરવામાં આવશે.. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બધા જ ટ્રકો અને અન્ય માલવાહક વાહનોને રાજયમાં જે છૂટ આપવામાં આવી હતી તે હવે નહિં અપાય અને ટેકસ વસૂલવામાં આવશે તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.



દેશવ્યાપી લોકડાઉનમાં જ્યાં લોકોની ચહલપહલ જોવા મળતી હતી ત્યાં માત્ર હવે પશુ અને પક્ષીઓની લટાર જોવા મળી રહી છે.

સૌથી મોટો સવાલ- આ મહામારી કેવી રીતે સમાપ્ત થશે?

૨૦૨૫ સુધી દર વર્ષે કોરોના વાઈરસનું સંક્રમણ થવાની વ્યકત કરાઈ સંભાવના

અસરકારક સારવાર અથવા વેક્સીન ન મળે ત્યાં સુધી રોગચાળો સમાપ્ત કરવો અશક્ય

કોરોનાને હરાવવા ટોટલ લોકડાઉન નહીં, પરંતુ કેટલાક પ્રતિબંધો ૧.૫ વર્ષ સુધી ચાલુ રાખવા પડશે..!

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સંશોધનકાર એરિન મોર્દકાઈ કહે છે કે, જ્યારે ૧૯૧૮માં સ્પેનિશ ફ્લૂ ફેલાયો ત્યારે અમેરિકાના કેટલાક શહેરોએ અચાનક ૩ થી ૮ અઠવાડિયા માટે પ્રતિબંધ હટાવ્યો હતો. પરિણામ એ આવ્યું કે ટૂંક સમયમાં ફ્લૂ વધુ સ્થળોએ ફેલાઈ ગયો. સ્પેનિશ ફ્લૂથી ૫૦ કરોડથી વધુ લોકોને ચેપ લાગ્યો હતો, જ્યારે ૫ કરોડ લોકોના મોત થયા હતા.

એરિનના જણાવ્યાં પ્રમાણે, આપણે કોરોનાના ડર માટે ૧.૫-૨ વર્ષ સુધી સંપૂર્ણ લોકડાઉન રાખવાની જરૂર નથી, પરંતુ આપણે ૧૨ થી ૧૮ મહિના સુધી કેટલાક નિયંત્રણો ચાલુ રાખવાના રહેશે.

નવી દિલ્હી

બે મહિનામાં કોરોનાવાયરસ ચીનથી નીકળીને અને સમગ્ર વિશ્વમાં ફેલાયો છે. વિશ્વના અડધાથી વધુ લોકો કોરોનાવાયરસના ડરથી ઘરે રહેવા મજબૂર છે. વાયરસે ૧.૫ લાખ લોકોનો જીવ લીધો છે. અમેરિકા જેવા શક્તિશાળી દેશો પણ લાચાર છે. પરંતુ મોટો પ્રશ્ન હજી પણ છે કે આ મહામારી કેવી રીતે સમાપ્ત થશે?

થોડા દિવસો પહેલા યુ.એસ. કોરોનાવાયરસ ટાસ્ક ફોર્સના ડો. એન્થની ફાઉચીએ કહ્યું હતું કે, કોરોના સીઝનલ ફ્લૂ અથવા સીઝનલ રોગ બને તેવી સંભાવના છે. હવે સાયન્સ મેગેઝિનમાં પ્રકાશિત હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધનમાં પણ આ જ વાત સામે આવી છે. આ રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી કોરોનાવાયરસની અસરકારક સારવાર અથવા વેક્સીન ન મળે ત્યાં સુધી રોગચાળો સમાપ્ત કરવો અશક્ય છે. આ મુજબ, વેક્સીન અથવા અસરકારક સારવાર વિના કોરોના સીઝનલ ફ્લૂ બની શકે છે અને ૨૦૨૫ સુધી દર વર્ષે આનું સંક્રમણ થાય તેવી સંભાવના છે.

સૌ પ્રથમ, આ રોગનું નામ કોવિડ-૧૯ છે, જે સાર્સ કોવ -૨ નામના કોરોનાવાયરસથી ફેલાય છે. કોરોનાવાયરસ ફેમિલીમાં જ સાર્સ અને મર્સ જેવા વાયરસ પણ હોય છે. સાર્સ ૨૦૦૨-૦૩ અને મર્સ ૨૦૧૫માં ફેલાઈ ચૂક્યા છે. એક જ ફેમિલીમાં બે હ્યૂમન વાયરસ પણ હોય છે. પ્રથમ: HCoV-OC43 અને બીજું: HCoV-HKU1.

સાર્સ અને મર્સ જેવી મહામારીઓથી ટૂંક સમયમાં રાહત મળી હતી. જ્યારે, HCoV વાયરસ દર વર્ષે શિયાળાની ઋતુમાં માણસોને સંક્રમિત કરી શકે છે. આ વાયરસને કારણે શિયાળાની ઋતુમાં ઠંડી-ઉધરસ થાય છે. ઈમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારક શક્તિ) કોઈપણ રોગ સામે લડવામાં મદદગાર છે. વ્યક્તિની ઈમ્યૂન સિસ્ટમ જેટલી સ્ટ્રોંગ હશે, તે કોઈપણ રોગ સામે લડવામાં એટલો જ સક્ષમ હશે. તેથી જ્યારે આપણે બીમાર હોઈએ છીએ, ત્યારે આપણું શરીર તે રોગ સામે લડવાની ઈમ્યુનીટી બનાવે છે અને આપણે સાજા થઈએ છીએ.

દુનિયાભરમાં આકાશમાં ઉડનારા ૧૬૦૦૦થી વધુ વિમાનો અત્યારે જમીન પર શાંત

નવી દિલ્હી

કોરોના વાયરસને કારણે લગભગ ૬૨% વિમાન વિશ્વભરમાં કાર્યરત નથી. આ વિમાનો એરપોર્ટથી સ્ટોરેજ સુધી પાર્ક કરવામાં આવ્યા છે. ઉદ્યોગ સર્વેક્ષણ કંપની સેરીયમના જણાવ્યા મુજબ વિશ્વભરમાં હાલમાં ૧૬,૦૦૦થી વધુ વિમાનો જમીન પર છે. આવી સ્થિતિમાં, એરલાઇન્સ તેમને ફ્લાઈટ ઉડાડવા લાયક રાખવા માટે યોગ્ય સ્થાન અને પરિસ્થિતિ શોધવા માટે સંઘર્ષ કરી રહી છે. લાંબા સમય સુધી વિમાનને ઉભા રાખ્યા પછી, તેની ધૂળ દૂર કરીને તેને ઉડાડી શકાતા નથી. તેમાં હાઇડ્રોલિક્સ જાળવવી પડશે. જંતુઓ અને વન્ય જીવોથી બચાવવા માટે ફ્લાઇટ-કંટ્રોલ સિસ્ટમ્સ જાળવવી પડશે. પક્ષીઓ વિમાન એન્જિનમાં તેમના માળા બનાવી શકે છે. ભેજ વિમાનના પાર્ટ્સમાં કાટ લગાડી શકે છે.

જમીન પર ઉભેલા વિમાનમાં ફ્યુઅલ ભરેલું રાખવું પડે છે. પ્લેન એરફિલ્ડ પર ઉભેલા હોય ત્યારે પણ તેલને વિમાનમાં રાખવું પડે છે જેથી ટાંકી લુબ્રિકેટ થાય રહે અને વિમાન હવાના કારણે બહુ હાલે નહિ. નવી દિલ્હી સ્થિત એર રિપેર અને મેન્ટેનન્સ કંપની એર વર્કસના સીઈઓ આનંદ ભાસ્કરે કહ્યું હતું કે, કોઈએ કલ્પના પણ નહોતી કરી કે ઘણું બધુ કરવાની જરૂર પડશે. પાર્કિંગ એક મોટી સમસ્યા છે.

રાહુલ ગાંધીએ પાંચ ટ્રક ચોખા, પાંચ ટ્રક લોટ સાથે અન્ય ખાદ્ય સામગ્રી અમેઠી મોકલી

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમેઠીમાં જરૂરિયાતમંદ લોકોની મદદ માટે પાંચ ટ્રક ચોખા, પાંચ ટ્રક લોટ, ઘઉં અને એક ટ્રક દાળની સાથે તેલ, મસાલા તથા અન્ય ખાદ્ય સામગ્રી મોકલી છે.

અમેઠી જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા અનિલ સિંહે જણાવ્યું કે, અમેઠીમાં કોઈ ભૂખ્યો ન રહે અને દરેક જરૂરિયાતમંદને રાહત સામગ્રી પહોંચે તે માટે અમેઠી સંસદીય ક્ષેત્રની ૮૭૭ ગ્રામ પંચાયતો તથા નગર પંચાયતો, નગર પાલિકામાં રાહુલ ગાંધી તરફથી ૧૬,૪૦૦ રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૧૨,૯૦૦ લોકોને મધ્યાહન ભોજનના પેકેટ પહોંચાડવામાં આવી ચુક્યા છે. સંકટના સમયમાં ૫૦ હજાર માસ્ક, ૨૦ હજાર સેનિટાઈઝર બોટલ અને ૨૦ હજાર સાબુ પણ લોકોને વહેંચવામાં આવ્યા છે. સિંહે કહ્યું, રાહુલ ગાંધીના માર્ગદર્શનમાં ચાલી રહેલા કોંગ્રેસ ફાઈટ્સ કોરોના ગ્રુપના માધ્યમાથી અમેઠી સંસદીય મતવિસ્તારમાં અંતરિયાળ વિસ્તારોમાં રહેતા ગરીબોની મદદ કરવામાં આવી રહી છે. આ પહેલા પણ રાહુલ ગાંધી અન્ય સામગ્રી મોકલી ચુક્યા છે.

કોરોના ઈફેક્ટ: ફેબ્રુઆરીથી લઈ અત્યાર સુધીમાં મોતના આંકડામાં થયો સતત વધારો

નવી દિલ્હી

વિશ્વમાં ૧૦ ફેબ્રુઆરી સુધીમાં કોરોનાને કારણે વિશ્વમાં કુલ ૧૦૦૦ મોત થયા હતા. તે પછી ૨૯ ફેબ્રુઆરી સુધીમાં ૨૯૭૭ મોત થયા હતા. ૧૫ માર્ચ સુધીમાં ૬૫૨૦ લોકોના મોત થયા હતા. તે પછીથી વિશ્વમાં કોરોનાને કારણે મોતની સંખ્યામાં પણ સતત વધારો થતો ગયો છે. ૩૧ માર્ચ સુધી વિશ્વમાં ૪૨૩૨૦ લોકોના મોત થયા હતા.

છેલ્લા ૧૬ દિવસમાં કોરોનાને કારણે ૧ લાખ લોકોના મોત થયા છે. ૧૦ એપ્રિલે કોરોનાના મોતની સંખ્યા ૧ લાખને પાર થઈ હતી. અર્થાત છેલ્લા ૬ દિવસમાં કોરોનાને કારણે કુલ ૪૫૦૦૦ લોકોના મોત થયા છે. છેલ્લા સપ્તાહમાં કોરોના સંક્રમિતોની સંખ્યા અને મોતની સંખ્યા સતત વધી રહી છે. હાલમાં કોરોના સંક્રમિતોમાંથી મૃત્યુ દર ૬.૬૭ ટકા થયો છે.

કોરોનાના નવા આંકડા અંગે અમેરિકાના રાષ્ટ્રપતિએ ચીનનો લીધો ઉધડો

ચીનમાં કોરોનાથી યુએસ કરતાં પણ વધારે માર્યા ગયા છે, ચીન વિશ્વાસને લાયક નથી: ટ્રમ્પનો દાવો

ન્યૂયોર્ક

ચીને કોરોના વાયરસથી પોતાના દેશમાં મૃતકોની સંખ્યામાં વધારો કર્યો તો અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તરત જ એ ચીનનો જોરદાર ઉધડો લેતાં સંભળાવ્યું અને કહ્યું કે ચીનમાં હકીકતમાં કોરોના વાઇરસથી મરનારાઓની સંખ્યા કયાંય વધુ જ છે. આ આંકડો અમેરિકા કરતાં કયાંય વધુ છે.

ચીનમાં કોરોના વાયરસથી મૃતકોની સંખ્યા શરૂઆતથી જ શંકાના દાયરામાં હતી. આ બધાની વચ્ચે ચીને અચાનક ૧૨૯૦ મોતની માહિતી દુનિયાને આપી હતી. આ મોત અંગે દુનિયા અત્યાર સુધી અંધારામાં હતી. તેની સાથે જ ચીનના આંકડાઓમાં વધારો થયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારના રોજ આ ઘટનાક્રમ પર ટ્વીટ કરી પ્રતિક્રિયા આપી હતી. ટ્રમ્પે કહ્યું કે ચીને અદ્રશ્ય શત્રુના લીધે થનાર મોતના આંકડાને બમણો કરી દીધો છે. આ તેનાથી પણ કયાંય વધુ છેપઅમેરિકાથી પણ વધુ, તેની આસપાસ પણ નહીંપ!

નોંધનીય છે કે આની પહેલાં કોરોના વાયરસના કેન્દ્ર રહેલા વુહાન શહેરના અધિકારીઓએ પોતાના ત્યાં મોતના આંકડામાં પચાસ ટકાનો વધારો કરી દીધો. અધિકારીઓએ કહ્યું કે તેમણે વુહાનના મોતના આંકડામાં ૧૨૯૦ નવા મોત જોડી દીધા છે. વુહાનમાં પહેલાં કોરોના વાયરસના લીધે ૨૫૩૯ મોત દેખાડ્યા હતા. પરંતુ હકીકતમાં મોતની સંખ્યા ૩૮૬૯ હતી. આ નવો આંકડો ૨૫૩૯માં ૧૨૯૦ જોડતા આવી છે. તેની સાથે જ ચીનમાં કોરોના વાયરસથી થયેલા કુલ મોતનો આંકડો વધીને ૪૬૩૨ થઇ ગયો છે. આપને જણાવી દઈએ કે અમેરિકાએ કેટલીય વખત ચીન પર કોરોના વાયરસથી થયેલા મોતના આંકડામાં ગડબડી કરવા પર અને તેને છુપાવાનો આરોપ મૂક્યો હતો.

દુબળા કરતા ઝાડા લોકોમાં કોરોના વાયરસના સંક્રમણનું જોખમ વધારે: રિસર્ચ

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચી ગયો છે ત્યારે વિશ્વનાં વૈજ્ઞાનિકો દ્વારા એક ખાસ સંશોધન કરવામાં આવ્યું છે. આ સંશોધનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો મેદસ્વી છે તેમનામાં કોરોના વાયરસનું જોખમ વધારે છે. દુબળા કરતા ઝાડા લોકોમાં કોરોના વાયરસના સંક્રમણનું જોખમ વધારે છે.

આ અભ્યાસમાં ટાંકવામાં આવ્યું છે કે કોરોના વાયરસ ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને વધારે સંક્રમિત કરી રહ્યો છે. જોકે, સંશોધન મુજબ જે લોકોનો બૉડીમાસ ઈન્ડેક્સ ૩૦-૩૪ છે તેમને ૩૦થી ઓછા બૉડીમાસ ઈન્ડેક્સ ધરાવતા લોકો કરતાં વધારે જોખમ છે. આવા લોકોએ ૧.૮ ગણું વધારે સતર્ક રહેવાની જરૂર છે.જો કોઈનો બૉડી માસ ઈન્ડેક્સ ૩૫થી વધારે હોય તો તેમણે ૨.૨ ગણું વધારે જોખમ છે અને તેમને સામાન્ય દર્દી કરતા ૩.૬ ગણી વધારે કાળજી રાખવી પડશે. બીએમઆઈ એટલે કે બૉડી માસ ઈન્ડેક્સ એક એવી વૈજ્ઞાનિક પદ્ધતિ છે જેમાં વ્યક્તિની લંબાઈ અને વજનની તુલના કરવામાં આવે છે.

આ સંશોધન જગતજમાદાર અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં દાખલ દર્દીઓ પર કરવામાં આવ્યું હતું. ન્યૂયોર્કમાં દાખલ ૩૬૧૫ દર્દીઓ પર થયેલા સંશોધનમાં આ ખુલાસો થયો છે. આ દર્દીઓમાંથી ૨૧ ટકા લોકોનું બીએમઆઈ ૩૦થી૩૪ ટકા હતું અને ૧૬ ટકા દર્દીઓનું બીએમઆઈ ૩૫થી વધુ હતું.આમ કુલ મેળવીને કોરોના વાયરસના દાખલ દર્દીઓમાંથી ૩૭ ટકા દર્દીઓનું વજન વધારે હતું. આ સંશોધન ઑક્સફોર્ડ જર્નલમાં પ્રકાશિત થયું છે.

કોરોના વાઈરસની અસર લાંબા સમય સુધી રહેશે; સામાજિક સર્વે બાદ નિષ્ણાતોનો મત

બિઝનેસ ડૂબવા, નોકરી જવી, બેઘર થવાના ડરથી લોકોમાં માનસિક તણાવ વધ્યું

લંડન

કોરોના વાઈરસથી દુનિયાભરમાં ભય અને ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. નિષ્ણાતોએ ચેતવણી ઉચ્ચારી છે કે આ ત્રાસદાયક ઘટનાને કારણે સમગ્ર દુનિયાએ ખરાબ માસિક સ્વાસ્થ્યનો સામનો કરવો પડી રહ્યો છે અને લાંબા સમય સુધી તેની અસર જોવા મળશે. માનસિક વિકાર સંબંધિત ન્યૂરોસાયન્ટિસ્ટ, મનોચિકિત્સક અને મનોવિજ્ઞાનીઓનું કહેવું છે કે લોકોની માનસિક સ્થિતિ પર કોઈ અસર ન થાય તે માટે તમામ દેશોએ લક્ષણ આધારિત સારવાર અને રિસર્ચને પ્રોત્સાહન આપવાનું કામ તાત્કાલિક શરૂ કરી દેવું જોઈએ. સાથે જ આવા મામલા પર દુનિયાભરમાં એકસાથે નિરીક્ષણ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.

ગ્લાસગો યુનિવર્સિટીના પ્રોફેસર રોરી ઓકોનરે કહ્યું કે દારૂના નશાની ટેવ, જુગાર, સાઈબર બુલિંગ, સંબંધો તૂટવા, બેઘર થવાના કારણે ચિંતા અને ડિપ્રેશનથી અસામાન્ય વર્તન કરનારાની અવગણનાથી આગળની સમસ્યા હજુ વધશે. સંકટના આ સમયે લોકોની આવી સમસ્યાઓની અવગણના કરવાથી ન ફક્ત તેમનું જીવન, સમાજ પણ પ્રભાવિત થશે. એવા લોકો પર નજર રાખવાની જરૂર છે જે ગંભીર રીતે ડિપ્રેશનમાં છે, કાં તે આત્મઘાતી પગલાં ભરવા વિચારે છે. તેમના પર મોબાઈલ ફોન જેવી નવી ટેક્નોલોજીના માધ્યમથી નજર રાખવાની જરૂર છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રો. એડ બુલમોરે કહ્યું કે આપણે ડિજિટલ સંસાધનોનો ઉપયોગ કરવો જોઈએ. લોકોના માનસિક સ્વાસ્થ્યને ચકાસવા માટે સ્માર્ટ રીત શોધવી પડશે, ત્યારે જ આ પડકારનો સામનો કરી શકાશે. ખરેખર બ્રિટનમાં લેન્સેટ સાઈકેટ્રીએ માર્ચના અંત સુધીમાં ૧૦૯૯ લોકોનો સરવે કર્યો હતો. તેમાં જાણ થઈ કે લૉકડાઉન અને આઈસોલેશનમાં રહેવાના કારણે લોકોમાં બિઝનેસ ડૂબી જવા, નોકરી જવા અને બેઘર થવાનો ભય પેદા થઈ ગયો છે.

ઈન્ડિયન સાઈકિયાટ્રિક સોસાયટીના સરવે મુજબ કોરોના વાઈરસના આવ્યા પછી દેશમાં માનસિક રોગોથી પીડાતા દર્દીઓની સંખ્યા ૧૫થી ૨૦ ટકા વધી ગઈ છે. દુનિયાભરમાં તમામ સ્વાસ્થ્યકર્મીઓમાં ફક્ત ૧ ટકા હેલ્થ વર્કર્સ જ મેન્ટલ હેલ્થની સારવાર સાથે સંકળાયેલા છે. ભારતમાં તેનો આંકડો ખૂબ જ ઓછો છે.



યુરોપના બે દેશોએ સમયસર પગલા ભરીને કોરોના સામે મેળવી જીત

જર્મની અને ઓસ્ટ્રેયા પાસેથી દુનિયાએ શિખવું જોઈએ- કેવી રીતે કોરોનાના ખતરાને સમજ્યા, તૈયારી કરી અને ફેલાવો અટકાવ્યો જર્મનીએ પહેલેથી જ ટેસ્ટ કીટ સમગ્ર દેશમાં પહોંચાડી દીધી હતી

બર્લિન

માર્ચના બીજા સપ્તાહમાં યુરોપ કોરોનાનું નવું કેન્દ્ર બની રહ્યું હતું. ચીનના બદલે વિશ્વનું ધ્યાન યુરોપ ઉપર કેન્દ્રીત થઈ ગયું હતું. જોત જોતામાં ઈટાલી, સ્પેન, ફ્રાન્સ અને બ્રિટન ઝડપપથી તેના ભરડામાં આવી ગયા. ત્યારે જર્મન ચાન્સલર એન્જેલા મર્કલનું નિવેદન આવ્યું જેણે દેશના લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા. તેમણે કહ્યું કે જર્મનીની ૭૦ ટકા વસ્તી સંક્રમિત થઈ શકે છે.

મર્કલે પોતાની જાતને ક્વોરન્ટિન કરી,ત્યારે લાગતું હતું કે જર્મનીમાં પણ ઈટાલી અને સ્પેન જેવી સ્થિતિ થઈ શકે છે. એક મહિનામાં ઈટાલી, સ્પેન, ફ્રાન્સ અને બ્રિટનમાં એક દિવસમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે. જર્મની યુરોપિયન દેશમાં સારી સ્થિતિમાં છે. દેશમાં ૧ લાખ ૪૧ હજાર ૩૯૭ પોઝિટિવ કેસ અને ૪,૩૫૨ લોકોને જીવ ગુમાવ્યા છે.

વાસ્તવમાં જર્મનીએ જાન્યુઆરીની શરૂઆતમાં જ ટેસ્ટ કિટ બનાવી લીધી હતી. પ્રથમ કેસ અહીં ફેબ્રુઆરીમાં નોંધાયો હતો. આ પહેલા સમગ્ર દેશમાં ટેસ્ટ કિટ પહોંચાડી દેવાઈ હતી.આના પરીણામ સ્વરૂપ દ.કોરિયાની જેમ ન માત્ર વધારે ટેસ્ટિંગ જ થઈ પરંતુ આ આધારે લોકોને હોસ્પિટલમાં દાખલ પણ કરાયા.ઘણા શહેરમાં ટેસ્ટિંગ ટેક્સિ પણ ચલાવવામાં આવી, જે લોકડાઉનમાં ઘર-ઘર જઈને ટેસ્ટ કરતી રહી. તેનાથી સમયસર ઈલાજ શક્ય બન્યો હતો.

ઓસ્ટ્રિયાની રાજધાની વિએના ઈમરજન્સી માટે બનાવવામાં આવેલી હોસ્પિટલો ખાલી છે. ઓસ્ટ્રિયાની રાજધાની વિએનાની નવી હોસ્પિટલોમાં પાર્કિંગ વિસ્તાર સુમસાન છે. કાંચની દીવાલોમાં અમુક મેડીકલ સ્ટાફ જોવા મળી રહ્યા છે. હાલ અહીં મુલાકાતીઓને આવવાની છૂટ નથી. ઈટાલી અને સ્પેનની જેમ અહીં હોસ્પિટલો કોરોનાના દર્દીઓના ભારણમાં રહી નથી. સ્થિતિ નિયંત્રણમાં છે. દેશમાં એક હજાર દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમાંથી ૨૫૦ આઈસીયુમાં દાખલ છે. ઉતાવળમાં બનાવવામાં આવેલ અનેક બેડવાળી હોસ્પિટલો પણ ખાલી છે.

સ્થિતિ કાબૂમાં હોવાનું સૌથી મોટું કારણ લોકડાઉન છે એમ કહીને દેશના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે ૨૪ કલાકમાં આવનાર કેસ ૧૨૨ સુધી ઘટી ગયા છે. જ્યારે ૨૬ માર્ચે કુલ કેસ ૯૬૬ હતા. સ્થિતિ નિયંત્રણમાં હોવાનું સૌથી મોટું કારણ લોકડાઉન છે. ઓસ્ટ્રિયામાં ૧૬ માર્ચના રોજ લોકડાઉન લાગુ કરી દેવાયું હતું. જ્યારે બાકીના દેશો તેના વિશે વિચારી રહ્યા હતા.

સપ્ટેમ્બર સુધીમાં બજારમાં કોરોના સામેની રસી આવી જશેઃ ઓક્સફર્ડ વૈજ્ઞાનિકો

લંડન

બ્રિટિશ યુનિવર્સિટી ઓક્સફર્ડના વેક્સીનોલોજી વિભાગના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, સપ્ટેમ્બર મહિના સુધીમાં બજારમાં કોરોના સામેની રસી આવી જશે. સંશોધક પ્રોફેસર સારા ગિલ્બર્ટે કહ્યુ હતુ કે, આ મહામારીની દવા શોધવા માટે અમે કામ કરી રહ્યા છે. તેના ૧૨ ટ્રાયલ અમે યોજી ચુક્યા છે. આ વેક્સિનના એક જ ડોઝથી દર્દીની રોગ પ્રતિકારક ક્ષમતા બહેતર બનાવી શકાય છે. આ રસીની ક્લિનિકલ ટ્રાયલ પણ અમે શરુ કરી દીધી છે.

જેની સફળતા પર અમને વિશ્વાસ છે. સપ્ટેમ્બર મહિના સુધીમાં અમે તેના ૧૦ લાખ ડોઝ બજારમાં ઉપલબ્ધ કરી શકીશું. ઓક્સફર્ડ યુનિવર્સિટના સંશોધકોને આ રસીની સફળતા પર એટલો વિશ્વાસ છે કે, ક્લિનિકલ ટ્રાયલના પરિણામ આવે તે પહેલા જ તેમણે આ જાહેરાત કરી છે. એટલે સુધી કે ટીમના સભ્ય પ્રોફેસર એડ્રિયન હિલનુ કહેવુ છે કે, અમે તો રસીનુ ઉત્પાદન પણ શરુ કરી દીધુ છે. દુનિયાના વિવિધ હિસ્સાઓમાં સાત ઉત્પાદકો દ્વારા તેનુ ઉત્પાદન કરવાની યોજના છે. આ ટીમના કહેવા પ્રમાણે સાતમાંથી ત્રણ બ્રિટેન, બે યુરોપ, એક ચીન અને એક ભારતમાં છે. હાલમાં ૫૧૦ લોકો પર તેની ટ્રાયલ લેવામાં આવી રહી છે. ત્રીજા સ્ટેજમાં ૫૦૦૦ લોકો ક્લિનિકલ ટ્રાયલમાં ભાગ લેશે.



દિલ્હી પોલીસના કર્મચારીઓ મધ્ય દિલ્હી ખાતે કોરોનાવાયરસ રોગચાળાને પગલે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન સંસદ ભવન નજીક બાઇક પર પેટ્રોલિંગ કરે છે.

વિશ્વભરમાં મહામારી કોરોનાના ૨૨.૫૧ લાખ કેસ, ૧.૫૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યો..!

- **તમામ દેશ વન્યજીવોના માંસના વેપાર ઉપર કડક પ્રતિબંધ લગાવે-વિશ્વ આરોગ્ય સંસ્થાની સલાહ**
- **૫.૭૨ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી**
- **કેસો અને મૃત્યુઆંક વધતાં ન્યૂયોર્ક રાજ્યમાં ફેસ માસ્ક પહેરવું ફરજીયાત થઈ ગયું...**

ન્યૂયોર્ક

વિશ્વભરમાં ફેલાઈ ચૂકેલા મહામારી કોરોના વાઈરસના ૨૨.૫૧ લાખ કેસ નોંધાય ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૫૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે નોંધનીય રીતે ૫.૭૨ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. અમેરિકામાં પોઝિટિવ કેસની સંખ્યા સાત લાખને પાર કરીને ૭.૧૦ લાખ થઈ ગઈ છે. જ્યારે અહીં ૩૭ હજાર ૧૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. ન્યૂયોર્ક રાજ્યમાં ફેસ માસ્ક પહેરવું ફરજીયાત થઈ ગયું છે. અમેરિકામાં શુક્રવારે ૨૫૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૩૨ હજાર ૧૬૫ નવા કેસ નોંધાયા છે. દેશમાં કુલ ૩૭ હજાર ૧૫૪ લોકોના મોત થયા છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૭.૧૦ લાખ છે. ટ્રમ્પે કહ્યું દેશમાં આઠ કરોડ લોકોને રાહતની રકમ મળી ચૂકી છે. ખેડૂતને ૧૯ બિલિયન ડોલર (૧૪૫૪ અબજ રૂપિયા)ની સહાય અપાશે. તેમણે કહ્યું કે ખેડૂતોને ૧૬ બિલિયન ડોલરની સીધી ચૂંકવણઈ કરાશે અને ત્રણ બિલિયન ડોલરનો ઉપયોગ ભોજન વિતરણમાં કરાશે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરી કહ્યું કે ચીને અચાનક અજ્ઞાત શત્રુથી થનાર મોતના આંકડા વધારે ડબલ કરી દીધા છે. વાસ્તવામાં તે ઘણા વધારે છે. અમેરિકામાં થઈ રહેલા મોત કરતા પણ વધારે. ચીનના વુહાનમાં મોતના આંકડાને સુધારવામાં આવ્યો ત્યારે તેમનું આ નિવેદન આવ્યું છે. તમામ દેશ વન્યજીવોના માંસના વેપાર ઉપર કડક પ્રતિબંધ લગાવે એમ વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમુખ ટેડ્રોસ એડહોનમ ગેબ્રિસિએસે કહ્યું કે મહામારીના કારણે તમામ દેશે વન્યજીવોના માંસના વેપાર ઉપર કડક પ્રતિબંધ લવાવવા જોઈએ. આ બજારમાં મોટાભાગની જગ્યાએ સ્વસ્થતાનો અભાવ હોય છે. તેમણે કહ્યું કે માંસ બજાર ત્યારે જ ખોલવા જોઈએ, જ્યારે અહીં સમગ્ર રીતે ફૂડ સેફ્ટી અને સ્વચ્છતા સુનિશ્ચિત થાય. ૭૦ ટકા નવા વાઈરસ પશુઓમાંથી આવ્યા છે. અમે પશુઓમાંથી વ્યક્તિમાં સંક્રમણ ન ફેલાય તે દિશામાં કામ કરી રહ્યા છીએ.

સ્પેનમાં મૃત્યુઆંક ૨૦ હજારને પાર થઈ ગયો છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૧.૯૧ લાખ છે. ઈટાલીમાં ૧.૭૨ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે અને અહીં ૨૨ હજાર ૭૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. બેલ્જિયમમાં પણ ઝડપથી મૃત્યુઆંક વધી રહ્યો છે. અહીં ૩૬ હજાર ૧૩૮ કુલ કેસ નોંધાયા છે અને ૫૧૬૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. દક્ષિણ કોરિયામાં કુલ પોઝિટિવ કેસ ૧૦ હજાર ૬૫૩ કેસ નોંધાયા છે અને ૨૩૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

રશિયાની રાજધાની મોસ્કોમાં મહામારીથી ૨ કલાકમાં ૨૧ લોકોના મોત થવાથી અહીં મૃત્યુઆંક ૧૪૮એ પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિ પુતિને મહામારીની સારવાર માટે દવા આપવા બદલ ભારતનો આભાર માન્યો છે. રશિયામાં અત્યાર સુધીમાં ૩૨ હજાર કેસ અને ૨૭૩ મૃત્યુઆંક થયો છે

એરટેલ અને વોડાફોન-આઈડિયા દ્વારા પોતાના કરોડો યુઝર્સને મોટી રાહત

કંપનીઓએ પ્રીપેડ પ્લાન્સની વેલીડીટી ત્રીજી મે સુધી વધારી

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે લોકડાઉન લંબાવી દેવામાં આવ્યો છે ત્યારે એરટેલ અને વોડાફોન-આઈડિયા દ્વારા તેના કરોડો યુઝર્સને મોટી રાહત આપવામાં આવી છે. બંને કંપનીઓએ પ્રીપેડ પ્લાન્સની વેલીડીટી ત્રીજી મે સુધી વધારી દીધી છે. લોકડાઉનના કારણે જે ગ્રાહકો રિચાર્જ કરાવી શકતા નથી તે લોકોને માતાએ આ સૌથી મોટી રાહત છે. બંને કંપનીઓ કોઈ જ એક્સ્ટ્રા કોસ્ટ વગર યુઝર્સને વેલીડીટીની ઓફર આપવામાં આવી છે.

વોડાફોને કહ્યું કે તે પોતાના ૯ કરોડ એવા યુઝર્સને રાહત આપવામાં આવી છે જે ઓછી આવક ધરાવે છે. જે ગ્રાહકો ફીચર ફોનનો વપરાશ કરી રહ્યા હોય તેમને આ સુવિધાનો લાભ આપવામાં આવશે. એરટેલ કંપની દ્વારા ઓછી આવક ધરાવતાં ગ્રાહકો માટે આ જ નિર્ણય લીધો છે.

એરટેલ કંપનીએ પ્રેસ રીલીઝ જાહેર કરીને કહ્યું કે લોકડાઉનના કારણે ૩ કરોડ યુઝર પોતાના પ્રીપેડ નંબર પર રીચાર્જ કરાવી શકતા નથી. એવામાં યુઝર્સને લોકો સાથે કનેક્ટ થવામાં મુશ્કેલી ના થાય તે માટે વેલીડીટી ત્રીજી મે સુધી વધારી દેવામાં આવે છે. કંપની દ્વારા આપવામાં આવેલ આ રાહતનો અર્થ થાય છે કે રિચાર્જ નહી થાય તો પણ ત્રીજી મે સુધી ઈનકમિંગ કૉલ ચાલુ જ રહેશે. આ પહેલાં જ્યારે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે વેલી વેલીડીટીને ૧૭મી એપ્રિલ સુધી લંબાવી દેવામાં આવી હતી.

કોરોનાનો ભોગ બનનાર પોસ્ટ વિભાગના કર્મચારીઓને ૧૦ લાખનું વળતર મળશે

ભારતમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૪,૬૭૬ કેસ નોંધાયા - ૪૯૬ મોત

સિંગાપોરથી ભારતને કોરોનાની ૨ લાખ કીટ આવવાની આશા

નવી દિલ્હી

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૬૭૬ થઈ ગઈ છે. શનિવારે ગુજરાતમાં ૧૭૩, રાજસ્થાનમાં ૪૧, પશ્ચિમ બંગાળમાં ૩૨, આંધ્રપ્રદેશમાં ૩૧ અને મેઘાલયમાં ૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પહેલા શુક્રવારે સૌથી વધારે ૨૭૩ કોરોના સંક્રમિતોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તમિલનાડુમાં એક દિવસમાં સૌથી વધારે ૧૦૩ દર્દી, ત્યારબાદ ઈન્દોરમાં ૩૫ દર્દી સ્વસ્થ થયા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ૩૧, હરિયાણામાં ૨૧, દિલ્હીમાં ૨૦ અને રાજસ્થાનમાં ૧૯ લોકો સ્વસ્થ થયા છે. રાજસ્થાનમાં કોરોનાનું એપિસેન્ટર રહી ચુકેલા ભીલવાડામાં તમામ દર્દી સ્વસ્થ થયા છે. ભીલવાડામાં ૨૮ કેસ આવ્યા હતા, જેમાંથી ૨નું મોત થયું છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર તરફથી મળેલી માહિતી પ્રમાણે આપવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારે કોરોનાનો ભોગ બનનાર પોસ્ટ વિભાગના કર્મચારીઓને ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરી હતી.

કેન્દ્રી સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં પ્રમાણે, અલગ અલગ રાજ્યોને અત્યાર સુધી ૪ લાખ ૧૨ હજાર ૪૦૦ પીપીઈ કીટ મોકલવામાં આવી છે. સિંગાપુરથી ૨ લાખ કીટ આવવાની આશા છે. ૨૫ લાખ ૮૨ હજાર ૧૭૮ દ્વ-૯૫ માસ્ક અને ૪ કરોડ ૨૮ લાખ હાઈડ્રોક્સીક્લોરોક્વીન ટેબલેટ પણ મોકલવામાં આવી છે. ઝારખંડમાં રાંચીના સદર હોસ્પિટલમાં ૨ દિવસ પહેલા બાળકીને જન્મ આપનારી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બાળકી હવે રિમ્સના આઈસોલેશન વોર્ડમાં છે. નિષ્ણાતની સલાહથી મહિલાને બાળકીને દૂધ પીવડાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ પહેલા તેને પોતાને સેનેટાઈઝ કરવું પડશે. સદર હોસ્પિટલમાં મહિલાની દેખરેખ કરનારા સ્ટાફ વાળા સ્ટાફ અને બાળકોની પણ કોરોના તપાસ કરવામાં આવશે.

કોરોના વાઈરસના કેરમાં હવે ભારતની નૌસેના પણ સપડાઈ ગઈ છે. નૌસેનાના ૨૧ સૈનિક કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ તમામને મુંબઈની નેવી હોસ્પિટલમાં ભરતી કરાવાયા છે. આ તમામ નૌસેનિક નેવીના જ એક નાવિકના સંપર્કમાં આવ્યા હતા. જેનો ૭મી એપ્રિલે કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. મહત્વનું છે કે હજુ સુધી નૌસેના તરફથી કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી.

૨૭ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ ફેલાયું છે. કોરોના વાઈરસ અત્યાર સુધી દેશના ૨૬ રાજ્યોમાં પગ પેસારો કરી ચુક્યો છે. સાથે જ દેશના સાત કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ આ સંક્રમણ પહોંચી ચુક્યું છે. જેમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, દાદર નગર હવેલી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરી સામેલ છે.

ઈન્દોરમાં કોરોનાનો સર્વે કરી રહેલી સ્વાસ્થ્ય વિભાગની ટીમ પર ચાકૂ વડે હુમલો કરવાની ઘટના સામે આવી છે. તો ઉત્તરાખંડના હરિદ્વારમાં કોરોનાના ૨ નવા કેસ સાથે રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૪૨ થઈ છે. પૂર્વોત્તરના રાજ્ય મેઘાલયમાં કોરોનાના વધુ ૨ પોઝિટિવ કેસ સાથે રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૦ થઈ છે.

લૉકડાઉનમાં બની અજબ ઘટનાઃ મહારાષ્ટ્રથી સુરત આવી રહેલી ત્રણ વ્યક્તિની ચોર સમજીને હત્યા

પાલઘર

હાલમાં દેશ આખામાં લોકડાઉનની કપરી પરિસ્થિતિ ચાલી રહી છે અને સૌ કોઇ ઘરોમાં લોકડાઉનમાં બંધ છે ત્યારે એક ગંભીર ઘટનામાં એક ટોળાએ ૩ જણની હત્યા કરી નાંખી છે. મહારાષ્ટ્રથી સુરત આવી રહેલી ત્રણ વ્યક્તિની મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના એક ગામના લોકોએ ચોર સમજીને હત્યા કરી નાખી છે. આ મામલે પોલીસે ગામના ૧૧૦ આરોપીઓની અટકાયત કરી છે.

ઘટનાની વિગત એવી છે કે મુંબઈના કાંદિવલીથી ત્રણ લોકો કારમાં સુરત આવી આવી રહ્યા હતા, જેમને ગઢચિંચલે ગામના લોકોએ ચોર સમજીને મારી નાખ્યા હતા. મધરાતે પોલીસને આ અંગે માહિતી મળતાં ઘટનાસ્થળે ધસી ગઈ હતી, જ્યાં તેમને મૃતદેહો મળ્યા હતા અને નુકસાન પહોંચાડાયેલી ગાડી મળી આવી હતી. પાલઘરના જિલ્લા કલેક્ટરે કૈલાશ શિંદેએ કહ્યું હતું કે 'ઘટનાસ્થળે ફરીથી પહોંચેલી પોલીસ મૃતદેહોને લઈને પરત ફરી હતી' મૃત્યુ પામનાર વ્યક્તિ ચીકણે મહારાજ કલ્પવૃક્ષગીરી, સુશીલગીરી મહારાજ અને નીલેશ તેલગડે હોવાનું જાણવા મળ્યું છે એક અહેવાલ અનુસાર, આ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસની ટીમ પર પણ હુમલો કરાયો હતો. આ ઘટના ગુરુવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ કાસા પોલીસ સ્ટેશન પાસેનાં ગઢચિંચલે ગામ પાસે ઘટી હતી. ગામલોકોના ટોળાએ તેમની ગાડી રોકી હતી અને હુમલો કર્યો હતો.

લોકડાઉનઃ તેલંગાણામાં આર્થિક સહાય મેળવવા બેંકમાં ગયેલી મહિલાનું થયું મોત

હૈદરાબાદ

રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૧,૫૦૦ની આર્થિક સહાય મેળવવા શુક્રવારે તેલંગાણામાં એક બેંક સમક્ષ કતારમાં રાહ જોતા એક મહિલાનું મોત થયું છે.આ ઘટના કામરેડ્ડી જિલ્લાના રામારેડ્ડી 'મંડલ' (બ્લોક) ના મુખ્ય મથકની છે. જ્યાં તેલંગણા ગ્રામીણા બેંકમાં કતારમાં ઉભા રહેલી મહિલા અચાનક ઢળી પડી હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ માર્ગમાં તેનું મોત થયું હતું. આ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આદિવાસી મહિલાનું મૃત્યુ હૃદય હુમલાના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.

કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી મોહમ્મદ અલી શબ્બીરે મહિલાની મોત માટે રાજ્ય સરકારને જવાબદાર ગણાવી હતી. તેણે કહ્યું કે, પીડિતા છેલ્લા બે દિવસથી પૈસા માટે બેંકમાં આવી રહી હતી અને સળગતા તડકા હેઠળ કલાકો સુધી ઉભી હતી.તેમણે કામરેડ્ડી સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જ્યાં મૃતદેહને શબપરીક્ષણ માટે લેવામાં આવ્યો હતો. પરિવારના સભ્યોને સાંત્વના આપી હતી અને કેટલીક આર્થિક મદદ પણ કરી હતી.

તેમણે માગણી કરી છે કે, સરકાર પીડિત પરિવારને વળતર ચૂકવે.લૉકડાઉન હોવા છતાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ પૈસા ઉપાડવા માટે રાજ્યભરની બેંકો પર કતારોમાં ઉભા છે.

લૉકડાઉનમાં જપ્ત થયેલા વાહનો ફ્રીમાં પરત આપવાની માંગ સાથે ધાનાણીનો સીએમને પત્ર

ગાંધીનગર

સમગ્ર વિશ્વ, દેશ અને રાજયમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે, આ વાયરસને ભારતમાં ફેલાતો અટકાવવા માટે ૨૫ માર્ચ, ૨૦૨૦થી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. લોકડાઉનના સમયગાળા દરમ્યાન રાજ્યના લોકો દ્વારા અતિઆવશ્યક એવા તાકીદના કામો તથા દવાખાના અને સારવાર બાબતે નાના-મોટા વાહનોમાં હેરફેર દરમ્યાન પોલીસતંત્ર તરફથી આવા વાહનો જપ્ત કરવામાં આવેલ છે. ૧૫ એપ્રિલ સુધીમાં અંદાજે ૯૯,૪૮૭ જેટલા વાહનો પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે.

આ જપ્ત થયેલ વાહનો મુક્ત કરવાની સત્તા R.T.O.ને છે, પરંતુ લોકડાઉનના સમયગાળા દરમ્યાન વાહનો મુક્ત કરવાની સત્તા પોલીસ તંત્રને આપેલ છે.ત્યારે વિપક્ષના નેતા પરેશ ધાનાણી નું માનવું છે કે કોરોના વાયરસના કારણે રાજ્ય અને દેશમાં ઓચિંતાના લાદવામાં આવેલ લોકડાઉનના કારણે લોકો ખાસ કિસ્સામાં આવતાં-જતાં તેઓના વાહનો જપ્ત કરી લેવામાં આવેલ છે. વાહન માલિકો દ્વારા મોટર વ્હીકલ એક્ટને લગતો ભંગ કે ગુનો કર્યો નથી કે જેથી તેઓના વાહન જપ્ત કર્યા હોય પરંતુ લોકડાઉન દરમ્યાન અતિ આવશ્યક કામકાજે જતા તેઓના વાહનો જપ્ત કરવામાં આવેલ છે, જેથી આવા પ્રથમ વખત જપ્ત કરેલા તમામ વાહનો કોઈપણ દંડ વિના મુક્ત કરવા વિનંતી છે.

લોકડાઉન દરમ્યાન જે વાહનો પકડાયા છે તે મોટાભાગે સાવ ગરીબ અને મધ્યમ વર્ગના નાના માણસોના છે કે જેઓ રોજેરોજનું કમાઈને ખાનાર લોકો છે. કોરોના વાયરસના કારણે હાલ સમગ્ર રાજ્ય માં લગભગ તમામ પ્રકારના ધંધા-રોજગાર બંધ છે, ત્યારે આવા કપરા કાળમાં ભરવાની થતી મોટી દંડની રકમ તેઓ ભરી શકે તેમ નથી. પ્રથમ વખતની ભુલ બદલ કોઈપણ દંડ વિના વાહનો મુક્ત કરવા જોઈએ અને ભવિષ્યમાં બીજીવાર ભુલ કરે તો ડબલ દંડની જોગવાઈ કરી એ મુજબ દંડની રકમ વસુલ કરવી જોઈએ. આ ઉદ્યોગોને છૂટઆથી, રાજ્યની ગરીબ અને મધ્યમવર્ગની પ્રજા પ્રત્યે સહાનુભૂતિ દાખવી, રાજ્યમાં લોકડાઉનના સમયગાળા દરમ્યાન જપ્ત કરેલ તમામ પ્રકારના વાહનો, અજાણતા થયેલ પ્રથમ વખતની ભુલ માફ કરી, કોઈપણ પ્રકારનો દંડ વસુલ્યા વિના તાત્કાલિક મુક્ત કરવા મુખ્ય મંત્રી વિજય રૂપાણી ને પત્ર લખી ભલામણ કરી છે.

તંત્રી લેખ

અર્થતંત્રમાં પ્રાણ ફુંકવા

કોરોના વાયરસના કારણે સુસ્ત પડેલી અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફુંકવા માટે શુક્રવારના દિવસે આરબીઆઈ દ્વારા અનેક મોટા એલાન કરી દીધા હતા. અર્થવ્યવસ્થામાં ગતિ લાવવા માટેના ઈરાદા આની પાછળ રહેલા છે. રીઝર્વ બેંકે સૌથી પહેલા તો રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો છે. આની સાથે જ આ દર ૩.૭૫ ટકા થઈ ગયો છે. રિવર્સ રેપો રેટ એ વ્યાજદરનુ નામ છે જે બેંકો દ્વારા પોતાના પૈસા રિઝર્વ બેંકમાં રાખવા પર તેમને હાંસલ થાય છે. રિઝર્વ બેંકે હાલના સમયમાં રિપો રેટમાં કેટલીક વખત કાપ મુક્યો છે. જો કે આ વખતે તેમાં કોઈ ફેરફારો કરવામાં આવ્યા નથી. રિવર્સ રેપો રેટ ઘટી જવાથી બેંક પોતાની રોકડ રકમને કારોબારમાં જ લગાવવા માટે મજબુર બનશે. તેમના માટે રિઝર્વ બેંકમાં પોતાની રકમ રાખવાની બાબત તેમના માટે નુકસાનનો સોદો રહી શકે છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાત દાસે કહ્યુ છે કે કેન્દ્રિય બેંક ટીએલટીઆરઓ હેઠળ વધારાના ૫૦૦૦ કરોડ રૂપિયાની રકમ ઉપલબ્ધ કરાવનાર છે. નાબાર્ડ, સિડબી અને નેશનલ હાઉસિંગ બેંક માટે કુલ ૫૦૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ સહાયતા રિફાયનાન્સ સુવિધાને વધારી દેવા માટેના ઈરાદા સાથે કરવામાં આવી રહી છે. સેક્ટરલ ક્રેડિટ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ સહાયતા આપવામાં આવી રહી છે. રિઝર્વ બેંકે વિગતવાર માહિતી આપતા કહ્યુ હતુ કે ક્ષેત્રીય ગ્રામીણ બેંકો, કોઓપરેટિવ બેંકો અને એમએફાઈને મદદરૂપ થવા માટે નાબાર્ડને ૨૫૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. આવી જ રીતે ધીરાણ, રિફાયનાન્સ માટે સિડબીને ૧૫૦૦૦ કરોડ આપવામાં આવી રહ્યા છે. હાઉસિંગ ફાયનાન્સ કંપનીઓને ટેકો આપવા માટે નેશનલ હાઉસિંગ બેંકને ૧૦૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. કોરોનાનો સામનો કરવા માટે કરવામાં આવેલા લોકડાઉનના કારણે અર્થતંત્રની કમર તુટી ગઈ છે. ફિક્કી દ્વારા કહેવામાં આવ્યુ છે કે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના કારણે દરરોજ ઉદ્યોગજગતને ૪૦ હજાર કરોડ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યુ છે. ઔદ્યોગિક એકમો બંધ થઈ જવાના કારણે ચાર લાખ લોકોની નોકરી ખતરામાં પડી ગઈ છે. એસોચેમે હાલમાં કહ્યુ હતુ કે અર્થવ્યવસ્થાને ઓછામાં ઓછા ૧૪ લાખ કરોડ રૂપિયાના રાહત પેકેજની જરૂર દેખાઈ રહી છે. જેમાં સરકારી કંપનીઓના ૨.૦૨ લાખ કરોડ રૂપિયાના ખાતર બાકી રકમ પણ સામેલ છે. નાના એકમોને તાત્કાલિક સહાયની જરૂર દેખાઈ રહી છે. જો બેંકોની પાસેથી તેમને લોન મળશે તો તેમની કામગીરી સરળ બની શકે છે. રિઝર્વ બેંકના ઈરાદા પણ આવા રહેલા છે. કેટલાક નિષ્ણાંતો માની રહ્યા છે કે ઉદ્યોગોમાં ઉત્પાદન શરૂ કરવાના બદલે મોટી સમસ્યા તો તેમની સેવા અને ચીજ વસ્તુઓની માંગમાં વધારો કરવાની રહેલી છે. માંગ વધારી દેવામાં આવ્યા બાદ જ તેજી આવી શકે છે. માંગ વધારી દેવા માટે રોકડ રકમ લોકોની પાસે રહે તે જરૂરી છે. રિઝર્વ બેક અને મોદી સરકારની સામે હાલમાં આર્થિક સ્થિતીને તેજ કરવાની સાથે સાથે કોરોનાની લડાઈને જીતવા માટેના બેવડા પડકારો રહેલા છે.

રિવર્સ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટ સુધી ઘટાડો કરી દેવાયો : નાના એકમોને ફાયદો

દેશમાં કોરોના બાબતે વિવિધ સંશોધનોને મંજૂરી ક્યારે અપાશે.....?

કોરોના વાયરસે વિશ્વની મહાસત્તાઓ સહિતના દેશોને ઘમરોળી નાખ્યા છે.. તેમાં કોઈપણ દેશના અર્થતંત્રને જોડતા રસ્તાઓ- સંસ્થાનો બાકી નથી રાખ્યા. દુનિયાભરમાં ૨૨ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે તો દોઢ લાખ ઉપરાંત લોકોને મોતના મુખમાં હોમી દીધા છે. વિશ્વના દેશોમા કોરોના મારક દવા-રસુ શોધવામાં વૈજ્ઞાનિકો પણ ગોથા ખાઈ રહ્યા છે....! તે સિથે કોરોના ભોગ બનેલા દેશોમાં માસ્ક,વેન્ટીલેટર,રેપીડ કીટ,પીપીઈ સહિતની મોટી અછત છે... ત્યારે ચીન કે જ્યાંથી કોરોના વાયરસ પેદા થયો તે મોતના આંકડા છુપાવી રહ્યો છે, ત્યારે ડોઢેક કરોડ ફોન રિસીવ નથી થતા અને મોતનો આંકડો માત્ર ચાર હજાર બતાવે છે... તે ચીને પોતાના અર્થતંત્રને દોડતું કરી દીધું છે.... તે સાથે વિશ્વના દેશોને માસ્ક રેપિડ કીટ,પીપીઈ સહિતનો જરૂરી મિડીકલ માલ-સામાન સપ્લાય કરવા માંડ્યો છે. અને આજે પણ કોરોના વાયરસ કાબુમાં કઈ રીતે લીધો તે બતાવતું નથી..... પરિણામે અમેરિકા સહિતના દેશો તેને નફરત કરવા લાગ્યા છે બાકી હતું તો રશિયામાં પણ ૩૨ હજાર લોકો કોરોના ગ્રસ્ત થતા ચીન વિરૂધ્ધ વધુ આક્રોશ પેદા થઈ રહ્યો છે.... છતાં ચીન સાથેના વ્યાપાર સંબંધો યથાવત રાખવા દરેક દેશોને ફરજ પડી છે... ત્યારે વિશ્વભરના લોકો માટે કેરલ રાજ્ય મહત્વનું રાજ્ય બની ગયું છે. અહીની એક મેડીકલ ઈન્સ્ટીટયુટે કોરોના વાયરસ તપાસ માટેની દેશી ટેસ્ટ કીટ તૈયાર કરી છે તો ત્યાની સરકારે જે પ્રકારે પગલા લીધા અને તેમા લોકોનો સો ટકા સહયોગ મળ્યો તેને કારણે કોરોના આગળ વધી શક્યો નથી.... તો અમેરિકી ડોક્ટર ટીમે કોરોના દર્દીઓને રોગનો સામનો કરતી દવા "રેસ ડીસિવિર" નો અનેક દર્દીઓ પર ઉપયોગ કરતા એક જ અઠવાડિયામાં દર્દીઓ સાજા થઈ જાય છે. તેવા અહેવાલ અમેરિકાની સ્વાસ્થ્ય સાથે જોડાયેલ એક વેબ પર ડોક્ટર પોતાના સહયોગી ડોક્ટરોને દવા બાબતે માહિતી આપતા હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ગુજરાત રાજ્યના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસનુ અંશ સૂત્ર શોધી કાઢતા હવેના સમયમા કોરોના મારક દવા કે રસી શોધતા વાર નહી લાગે....! એક સમયે વડાપ્રધાન મોદીજીએ કહ્યું કે રાજસ્થાનના ભુલવાડા મોડેલનો અમલ કરો તે ભીલવાડાની હોસ્પિટલોમાં એક પણ કોરોનાગ્રસ્ત કેસ નોંધાયો નથી.... ત્યારે એક વાત નિશ્ચિત છે કે હવેના સમયમાં કોરોના વાયરસને નાથવાનુ સરળ બની રહેશે....!

ભારતમાં તજજ્ઞો દ્વારા શંકા વ્યક્ત થયેલ તે રીતે કોરોના વાયલસ ઝડપી ગતિએ આગળ વધવા લાગ્યો છે. કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫ હજારના આંકને આંબવા તરફ આગળ વધી રહી છે, જ્યારે મૃતાક પણ ૫૦૦ તરફ દોડવા લાગ્યો છે. તે સાથે લોકડાઉનને કારણે સરકારની વિવિધ સહાય છતાં લાખો લોકો ખાવાનું મેળવવા તડપી રહ્યા છે....! ત્યારે કેરલ રાજ્યનો બોધપાઠ લેવાની દરેક રાજ્યોને માટે જરૂરી છે. કેરળ એક એવુ રાજ્ય છે કે ત્યાંની સરકારે પ્રથમ કેસ મળી આવતા જ યુદ્ધના ધોરણે પગલાં લીધા છે. જેમાં દરેક પરિવારના ઘરે અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ પહોંચાડી દેવામા આવી હતી... તો દરેક વિસ્તારોને સેનેટાઈઝ કરવા સાથે લોકોને ચેતવણી આપીને lockdown સહિતના તમામ પગલા લેવામા આવ્યા તેમા લોકોનો સો ટકા સહયોગ મળી ગયો. જેમાં વિદેશથી આવનારા તમામ લોકોની મેડિકલ તપાસ હાથ ધરવામાં આવી હતી, તો પર પ્રાંતીઓ પૈકી કોઈએ પણ કેરળ છોડ્યું નથી... ત્યારે કરળની તિરુવનંતપુરમ ખાતે આવેલ એક મેડિકલ ઈન્સ્ટીટ્યુટમાં ડૉક્ટર અનુપ અને તેમની ટીમે કોરોના વાયરસની પરખ માટે એક ખાસ દેશી કીટ બનાવી જે ૧૦ મિનિટમાં નક્કી કરે છે કે વ્યક્તિને કોરોના છે કે નહીં અને સંપૂર્ણ ટેસ્ટ બે કલાકની અંદરમાં મળી જાય છે. આ કિટની મંજૂરી માંગવામાં આવી છે મંજૂરી મળી જતા લાયસન્સ મેળવી ઉત્પાદન શરૂ કરવામાં આવશે. આ દેશી કીટ માત્ર રૂપિયા ૧૦૦૦ થી ઓછા માટે તૈયાર થાય છે. તો તેની સાથેનુ જે મશીન ઉપયોગમાં લેવાય છે તે એક સાથે ૩૦ સેમ્પલની તપાસ કરે છે. હવે લોકોએ મંજૂરી અને ઉત્પાદનની રાહ જોવી રહી..... વડાપ્રધાન મોદીજી દેશભરમાંની કોરોના બાબતેની તમામ ઘટનાઓ તરફ સતત ધ્યાન આપી રહ્યા છે. ત્યારે કીટ બાબતે વિશેષ ધ્યાન આપશે તે નિશ્ચિત છે....!

ગુજરાતમા જાણકારોની શંકા અનુસાર જે ઝડપે કોરોનાગ્રસ્તોની સંખ્યા વધી રહી છે તેને કારણે સરકાર અને આરોગ્ય તંત્રમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે....! કારણ કે ગુજરાતમાં કોરોના મૃતાક ૫૦ તરફ આગળ વધી રહ્યો છે તો કોરોના સંક્લમિતોનો આંક ૧૧૦૦ પાર કરવા લાગ્યો છે. સરકારે અમદાવાદ, સુરત સહિતના જરૂરી વિસ્તારોમાં ર્ઈજી જાહેર કરવા સાથે કર્ફ્યુ નાખી દીધો છે. તે સાથે ત્રણ ઝોન નક્કી કરવામાં આવ્યા છે. રખડ ઝોન કે જ્યા કર્ફ્યુ છે,ઓરેન્જ ઝોન કે જ્યાં લોકડાઉન યથાવત રહેશે અને ગ્રીન ઝોન કે જ્યાંના વિસ્તારોને લોકડાઉન નિયમોનુ પાલન કરવા સાથે આગામી ૨૦મી પછી કેટલાક વેપાર-ધંધા, ઉદ્યોગો, સરકારી કચેરીઓને મર્યાદામાં ખોલવા કે ચાલુ કરવાની શરતોને આધીન છૂટછાટ આપવામાં આવનાર છે. જેમાં માસ્ક અને ડિસ્ટન્સ અગત્યના હશે. જો કે સરકારની સહાય કરવામાં લોકોને મદદ કરવા મોટા બજારો અને ધંધાર્થીઓ "ઓન લાઈન" વેપાર કરે છે તેઓએ એક પાઈ પણ સરકારને સહાય કરી નથી કે લોકોને પણ સહાય આપી નથી. જ્યારે લોકડાઉન સમયમા અનાજ- કરિયાણું સહિતની જીવનજરૂરી ચીજ વસ્તુઓ વિતરણ કરવા માટે જે તે વિસ્તારોમાંના નાના વેપારીઓ કોમનમેનને ઉપયોગી રહ્યા છે. આવા તમામનો વિરોધ ઓન લાઈન વેપારને મંજૂરી સામે છે. જો કે બાંધકામ ક્ષેત્ર કેટલાક ઉત્પાદન એકમોને ચાલુ કરવા મંજૂરી આપતા અનેક નોકરિયાતોની રોજગારી ચાલુ થઈ જશે, લોકોને રોજગારી મળતી થશે અને માર્કેટમાં પૈસો ફરતો થઈ જશે.... છતાં....સરકારી તંત્રએ બાજ નજર રાખવી પડશે.....! નહીં તો.... કોરોનાનો રાક્ષસ ટાપીનેજ બેઠો છે.....!! વંદે માતરમ્

દિલ્હી સહિતના રાજ્યોને ટ્રાયલ તરીકે મંજુરી મળી ચુકી છે

પ્લાઝમા ટ્રિટમેટથી કોરોનાનો તોડ

પ્લાઝમા ટ્રિટમેન્ટથી કોરોના વાયરસનો તોડ કાઢવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. આશા વચ્ચે દિલ્હી, પંજાબ જેવા રાજ્યોમાં આની ટ્રાયલ માટે હાલમાં મંજુરી આપી દેવામાં આવી છે. પ્લાઝમા ટ્રિટમેન્ટ શુ છે, કઈ રીતે સારવાર કરવામાં આવે છે અને તે કઈ રીતે ઉપયોગી થઈ શકે છે તેની ચર્ચા આજે દુનિયામાં શરૂ થઈ ચુકી છે. પ્લાઝમાં ટ્રિટમેન્ટ અથવા તો થેરાપી કોરોના વાયરસ અથવા તો કોવિડ-૧૯ની સારવાર કરી શકશે કે કેમ તેની ચર્ચા તમામની નજર આશા સાથે કેન્દ્રિત થઈ ગઈ છે. આ પહેલા વર્ષ ૨૦૦૩માં સાર્સ, ૨૦૧૨માં મર્સમાં પણ પ્લાઝમા થેરાપી મારફતે સારવાર કરવામાં આવી હતી. આ પણ કોરોના વાયરસની કેટેગરીમાં આવે છે. પ્લાઝમાં ટ્રિટમેન્ટનુ નામ ભલે પ્રથમ વખત આવી રહ્યુ છે પરંતુ તે કોઈ સારવારની નવી પદ્ધિતી નથી. તે ૧૩૦ વર્ષ પહેલા વર્ષ ૧૮૯૦માં જર્મનીના ફિજિયોલોજિસ્ટ એમિલ વાન દ્વારા શોધી કાઢવામાં આવી હતી. આના માટે તેમને મેડિસીનના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દેશના કેટલાક રાજ્યોએ પ્લાઝમા ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી પરવાનગી માંગી છે. કેટલાક રાજ્યોને મંજુરી મળી પણ ગઈ છે. આનો હાલમાં તો ટ્રાયલ તરીકે ઉપયોગ કરવામાં આવનાર છે. ક્યા રાજ્યોને મંજુરી મળી છે તેવા પ્રશ્નનો જવાબ એ છે કે હાલમાં શરૂઆતી તબક્કામાં દિલ્હી, કેરળ, પંજાબ, મહારાષ્ટ્ર અને તમિળનાડુમાં આને મંજુરી આપી દેવામાં આવી છે. દિલ્હીમાં વેન્ટીલેટર પર રાખવામાં આવેલા એક શખ્સને આ સારવાર આપવામાં આવી રહી છે. હાલમાં તેના પરિણામ મળી શક્યા નથી. પ્લાઝમા સારવાર રીત અથવા તો ટેકનિક શુ છે તેના પર ચર્ચા છે. જાણકાર તબીબો આ અંગે સ્પષ્ટતા કરતા કહે છે કે



પ્લાઝમા ટ્રિટમેન્ટની ચર્ચા હાલમાં જોવામાં આવી મળી રહી છે : આશરે ૧૩૦ વર્ષ જુની પદ્ધિતીથી કોરોનાની સામે જંગ લડાશે

અમારા લોહીમાં ચાર ચીજો હોય છે. રેડ બ્લડ સેલ, વાઈટ બ્લડ સેલ, પ્લેટલેટ્સ અને પ્લાઝમાનો સમાવેશ થાય છે. જેમાં પ્લાઝમા લોહીના પ્રવાહી હિસ્સા તરીકે છે. તેની મદદથી જરૂર પડે ત્યારે એન્ટીબોડી બને છે. કોરોના અટેક બાદ શરીર વાયરસની સામે લડવામાં શરૂ કરે છે. આ લડાઈ એન્ટીબોડી લડે છે. જે પ્લાઝમાની મદદથી બને છે. જો શરીર પુરતા પ્રમાણમાં એન્ટીબોડી બનાવી લે છે તો કોરોનાની હાર થઈ શકે છે. તમામ લોકોને આ અંગે માહિતી નથી કે દર્દી સ્વસ્થ થઈ ગયા બાદ એન્ટી બોડી પ્લાઝમાંની સાથે શરીરમાં રહે છે. જેને ડોનેટ કરવામાં આવી શકે છે. જે દર્દીને એક વખતે કોરોના થઈ જાય છે. તે જ્યારે સ્વસ્થ થાય છે ત્યારે શરીરમાં એન્ટીબોડી ડેવલપ થાય છે. આ એન્ટીબોડી તેને ઠીક કરવામાં મદદ કરે છે. આવી વ્યક્તિ રક્તદાન કરે છે. તેના શરીરમાંથી પ્લાઝમા કાઢવામાં આવે છે. પ્લાઝમાં રહેલા એન્ટીબોડી જ્યારે કોઈ બીજા દર્દીમાં નાંખવામાં આવે છે ત્યારે બિમાર દર્દીમાં પણ એન્ટીબોડી પહોંચી જાય છે. જે તેને ઠીક કરવામાં મદદ કરે છે. એક વ્યક્તિમાંથી કાઢવામાં આવેલા પ્લાઝમાંની મદદથી બે લોકોની સારવાર શક્ય બની શકે છે. કોરોના નેગેટિવ આવ્યા બાદ બે સપ્તાહ પછી તે ડોનેટ કરી શકે છે. પ્લાઝમાં ટ્રિટમેન્ટ કેટલી અસરકારક રહેલી છે તે અંગે હાલમાં વાત કરવી વહેલી તકે રહેશે. જો કે આશા જાગી છે. ચીનમાં કેટલાક દર્દીઓને આના કારણે ફાયદો થયો છે. ત્રણ ભારતીય અમેરિકી દર્દીઓને પણ આના કારણે ફાયદો થયો હોવાની વિગત સપાટી પર આવી છે. હાલમાં ભારતમાં આઈસીએમઆર અને ડીજીસીઆઈ દ્વારા કોઈ ટ્રાયલના પરિણામ આવ્યા બાદ જ કોઈ સ્પષ્ટ વાત થઈ શકશે. કેટલી હદ સુધી ફેલાઈ રહ્યો છે. કોરોના વાયરસને કઈ રીતે રોકવામાં આવે તે સંબંધમાં આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલ દ્વારા માહિતી આપવામાં આવી છે. તેમના કહેવા મુજબ પ્રથમ સંક્રમણ ઝોન અને બીજા બફર ઝોન તરીકે રહેનાર છે. સંક્રમણ ઝોનને અલગ અલગ સેક્ટરમાં વિભાજિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દરેક સેક્ટરમાં ૫૦ ઘરને આવરી લેવામાં આવ્યા છે. જે વિસ્તારમાં એક સેક્ટરમાં ૫૦ ઘર રાખવામાં પરેશાની છે ત્યાં ૩૦ ઘર રાખવામાં આવી રહ્યા છે. ૧૭૦ રેડ ઝોનની ઓળખ કરી લેવામાં આવી છે. આના આધાર પર તમામ સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. દેશમાં કોરોનાના કેસો સત્તાવાર રીતે વધીને ૧૪૩૭૮ થઈ ગઈ છે. જ્યારે કોરોનાના કારણે ૪૮૦ લોકોએ દમ તોડી દીધો છે. કેસોમાં અવિરત વધારો જારી રહ્યો છે. પ્લાઝમા ટ્રિટમેન્ટ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ છે.

મૃત્યુનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે : રિપોર્ટ

૧૧ કલાક બેસવાથી નુકસાન

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી બેસી રહેવાથી આયુષમાં ઘટાડો થાય છે. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત રોગ અને ડાયાબિટીશનો ખતરો પણ અનેક ગણો વધી જાય છે. યુનિવર્સિટી ઓફ સિડનીના અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે એક દિવસમાં ૧૧ કલાક અથવા તો તેનાથી વધુ સમય સુધી બેસી રહેનાર પુખ્ત વયના લોકોમાં આગામી ત્રણ વર્ષમાં મૃત્યુનો ખતરો ૪૦ ટકા સુધી વધી જાય છે. એક દિવસમાં ચાર કલાકથી ઓછા સમય સુધી બેસી રહેનાર લોકો કરતા ૧૧ કલાકથી વધુ સમય સુધી બેસી રહેતા લોકોમાં ખતરો ખૂબ વધારે છે. એક નિવેદનમાં યુનિવર્સિટી ઓફ સિડની સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના પ્રોફેસરે કહ્યું છે કે મોર્નિંગ વોક અથવા તો જીમમાં જવાની બાબત પણ ખૂબ જરૂરી છે પરંતુ લાંબા સમય સુધી બેસવાની બાબત ખૂબ જ ખતરનાક છે. આનાથી ઘણા રોગનો ખતરો વધી જાય છે. તેમના જણાવ્યા મુજબ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે ઘરમાં, નોકરીમાં અને ટ્રાફિકમાં લોકો બેસવામાં ઘણો સમય ગાળે છે. આને ઘટાડવામાં આવે તે જરૂરી છે. વધારે સમય સુધી ઊભા રહેવાથી અને વોકિંગ વધુ કરવાથી આ ગાળાને ઘટાડી શકાય છે. સવારમાં ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકિંગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. બ્રિટિશ ચેનલ ઓફ સ્પોર્ટ્સ મેડીસીન દ્વારા તૈયાર કરવામાં આવેલા આવા જ અહેવાલમાં લાંબા સમય સુધી બેસવા અને આરોગ્ય વચ્ચે સીધા સંબંધ હોવાની વાત કરાઈ છે. દિવસમાં છ કલાક સરેરાશ ટીવી નિહાળનાર લોકોને પણ આવરી લેવામાં આવ્યા હતા. વય, ડાઈટ અને કસરતની ટેવ જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે.

અશ્લીલ સાઈટોનુ દુષણ

દેશમાં સોશિય મિડિયાની બોલબાલા વધી રહી છે. સાથે સાથે ઈન્ટરનેટની બોલબાલા પણ વ્યપાક પ્રમાણમાં છે. સસ્તા ડેટા પણ ઉપલબ્ધ છે. આ તમામ કારણોસર હવે મોબાઈલ પર ઈન્ટરનેટ સેવા સરળ રીતે ઉપલબ્ધ બની રહી છે. મોબાઈલ પર અશ્લીલ સાઈટોની બોલબાલા વ્યાપક રીતે રહેલી છે. બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી ચિંતાજનક રીતે વધારો થયો છે. આની પાછળ કેટલાક કારણો તો બિલકુલ દેખીતા છે. પ્રત્યક્ષ રીતે ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાઈટ્સ સરળ રીતે જોઈ શકાય છે. આના દુષણના કારણે આ બનાવો વધી રહ્યા છે. અલબત્ત સરકારે અશ્લીલ સાઈટ્સ અથવા તો પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મુકવા માટે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ પગલા લીધા હોવા છતાં તેની અસરકારકતા ઘટી રહી નથી. આની પાછળ પણ આ સાઈટ્સને લઈને યુવાનો ખેંચાઈ રહ્યા હોવાના કારણને જોઈ શકાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલ પર ઈન્ટરનેટ ગેમ રમવાની બાબત બાળકોને નુકસાન કરી રહી છે. બાળકો પણ મોટી વયના લોકોની જેમ જ ઈન્ટરનેટ તરફ કેન્દ્રિત થઈ રહ્યા છે. ક્યા ક્યા પ્રકારની સામગ્રી જોવામાં આવી રહી છે. આના પર ખુબ ઓછા લોકોનુ ધ્યાન કેન્દ્રિત થાય છે. આના કારણે બાળકોના શિક્ષણને માઠી અસર થઈ રહી છે. સાથે સાથે બાળકોની માનસિક સ્થિતી પણ ખરાબ થઈ રહી છે. કેટલાક કેસોમાં તો તેમને પુન વસવાટ કેન્દ્રોમાં પણ મોકલી દેવામાં આવે છે. થોડાક વર્ષો પહેલા કેન્દ્ર સરકારે સ્વાગતરૂપ પહેલ કરીને અશ્લીલ સાઈટ્સ ધરાવતી સંસ્થાઓ પર કાર્યવાહી કરી હતી. સાથે સાથે અશ્લીલ સામગ્રી પિરસતી ૮૦૦ સાઈટ્સ પર પ્રતિબંધ લાદી દીધા હતા. આ સાઈટ્સનો બંધ કરવાના આદેશ જારી કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં કોર્ટે અશ્લીલ સાઈટ્સ બંધ કરવાના સંબંધમાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. એ વખતે સરકારે ચાઈલ્ડ પોર્નોગ્રાફી પર પ્રતિબંધ મુકવા માટેની સહમતિ દર્શાવી હતી. પરંતુ સિવિલ લિબર્ટિજ અને તમામ સંગઠનોએ એમ કહીને આની સામે વાંધો ઉઠાવ્યોહતો કે કોઈ વ્યક્તિને એકાંતમાં કોઈ પોર્નોગ્રાફી ફિલ્મ જોવાથી કેમ રોકી શકાય છે. પરંતુ આ માત્ર વ્યક્તિ સ્વતંત્રાતાનો પ્રશ્ન નથી. શુ ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિને મર્યાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં આવી કોઈ વ્યવસ્થા નથી જેના કારણે કોઈ નિયંત્રિત ચીજો પુખ્તવયના લોકો સુધી મર્યાદિત રહે. બાળકો ક્લીક કરે ત્યારે આવી કોઈ સાઈટ્સ ન ખુલી જાય. આવી સ્થિતીમાં અશ્લીલ સાઈટ્સોને ચલાવવા માટેની બાબત કેટલી વાજબી છે. ચોક્કસપણે બાળકો સુધી આની ઉપલબ્ધતા ખતરનાક છથે. સાથે સાથે વિકૃતિ સમાન છે. અમને આ બાબતને તાર્કિદની રીતે સમજી લેવાની જરૂર છે. અમારા દિમાગની બનાવટ એવા પ્રકારની છે કે જે ચીજો વ્યક્તિ વારંવાર જુએ છે અને નિહાળે છે, વાંચે છે તેની અસર તેના પર થાય છે. આ પ્રકારની બાબતા તેની વિચારવાની શક્તિ પર અસર કરતી નથી પરંતુ સાથે સાથે તેને અન્ય રીતે નુકસાન પણ કરે છે. જે ચીજો વારંવાર વ્યક્તિ નિહાળે છે અને અનુભવ કરે છે તે બાબતને વ્યક્તિ સ્વીકાર કરવા લાગે છે.

એંજેલિના જોલીને કોપી કરનારી યૂટ્યૂબર સહર તબરનો કોરોના રિપોર્ટ પોઝીટીવ



મુંબઈ

હૉલિવૂડ અભિનેત્રી એંજેલિના જોલીને કોપી કરનારી પ્રખ્યાત યૂટ્યૂબર સહર તબરને કોરોના પોઝિટિવ આવ્યો છે. ટેસ્ટ બાદ તેમણે હાલ હોસ્પિટલસમાં વેન્ટિલેટર પર રાખવામાં આવી છે મૂળ રૂપથી ઈરાનની રહેનારી યૂટ્યૂબર સહર તબરનું અસલી નામ ફાતિમા કિશ્વંદ છે. તે અભિનેત્રી એન્જલિના જોલીને કોપી કરવાના કારણે પ્રખ્યાત થઈ હતી.

હોસ્પિટલમાં દાખલ થતા પહેલા સહર જેલમાં હતી તે તેની ઓનલાઈન એક્ટિવિટિજના કારણે જેલમાં હતી અને તે ત્યાંજ કોરોના વાયરસથી સંક્રમિત થઈ ગઈ. પહેલા તો તેને જેલમાંથી જામીન મળી રહ્યા ન હતા. વકીલ દ્વારા કેટલીક ભલામણો બાદ જેલ મેનેજમેન્ટ સહરને જામીન પર છોડવા તૈયાર ન હતા. પરંતુ જ્યારે સહરની હાલત વધારે ખરાબ થઈ ગઈ તો તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

ઈરાનની લોકલ ન્યૂઝ એજન્સીના રિપોર્ટ મુજબ સહરને ઓક્ટોબર ૨૦૧૯માં ધરપકડ કરવામાં આવી હતી. તેની પર હિંસા ભડકાવવા, અનુચિત સાધનોથી પૈસા કમાવવા અને યુવાઓને ભ્રષ્ટાચાર માટે પ્રોત્સાહિત કરવાનો આરોપ લગાવ્યો હતો. બાદમાં તેહરાનના ગાઈડેન્સ કોર્ટે સહરની ધરપકડ કરવાનો નિર્ણય લીધો. ધરપકડ બાદ તેનું સોશિયલ એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે.

કોરોના કાળમુખા સમયમાં નેહા કક્કડને ફેક ફોરવર્ડ મેસેજની સૌથી વધારે ચિંતા



મુંબઈ

કોરોના વાયરસ મહામારી દુનિયાભર માટે સૌથી મોટો પડકાર બની ગયો છે. મહામારીના કારણે લોકડાઉન થયેલી સિંગર નેહા કક્કડ આ સમયે તેના પરિવારની સાથે ઋષિકેશમાં સમય પસાર કરી રહી છે. કોરોના સંક્રમણના સમાચાર અને અફવાહ તેના અને તેના પરિવારને પરેશાન કરી રહી છે. કોરોના કાળમુખા સમયમાં નેહા કક્કડને ફેક ફોરવર્ડ મેસેજની સૌથી વધારે ચિંતા છે. આ મેસેજ લોકોને ખોટી રીતે ગેરમાર્ગે દોરી રહ્યાં છે. નેહા કહે છે કે, મારા માતા પિતા સીનિયર સિટીઝન છે. જ્યારે તેઓ આ અફવાઓ સાંભળે છે, તો ગભરાઈ જાય છે. જે કાંઈ પણ ફોરવર્ડ મેસેજ અમને વ્હોટ્સએપ પર મળે છે તે હમેશા સત્ય નથી હતા.

જોકે લોકડાઉન વચ્ચે પણ નેહાને બહારના ખાવાની યાદ આવે છે. પણ તો બીજી તરફ તેનું કહેવુ છે કે, ઈન્ડસ્ટ્રી બંધ થઈ રહી છે, જેનાથી દુનિયાભરમાં વાયુ પ્રદુષણમાં ઘટાડો આવ્યો છે. પાણી સ્વચ્છ થઈ ગયંસ છે. મને આશા છે કે, મહામારી દુર થયા બાદ આપણે પર્યાવરણ પ્રત્યે વધારે જાગૃત થઈશું.

નેહાએ કહ્યું હતું કે, લોકડાઉન લોકોના માનસિક સ્વાસ્થ્ય પર અસર કરે છે તે એક હકીકત છે. પણ જો માણસ કંઈક કરવાનું વિચારે છે તો તે જરૂર કરી શકે છે. આ બધું માત્ર આપણા દિમાગમાં હોય છે. જો તમે ડરો છો, તો તમે ક્લસ્ટ્રોફોબિક અનુભવ કરશો.

કરીમ મોરાનીનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવતા હોસ્પિટલમાંથી અપાઈ રજા



મુંબઈ

બોલિવૂડનાં કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાનનાં માનીતા અને અંગત ફિલ્મ નિર્માતા કરીમ મોરાનીએ કોરોના સામે જંગ જીતીને ઘરે પરત ફર્યા છે. હાલમાં જ તેમનો કોરોના વાયરસનો ટેસ્ટ કરાયો હતો જેમાં તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. સતત બે વાર કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ કરીમ મોરાનીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તેમની બે દીકરીઓ સાથે તે પણ ઘરે પહોંચી ગયા છે. હૉસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મોરાનીએ પીટીઆઈ સાથે વાતચીતમાં કહ્યું કે, 'ભગવાનની કૃપા અને દયા સાથે હું પોતાના મિત્રો અને પરિવાર માટે ઘરે પાછો આવ્યો છું. મારો બેવાર રિપોર્ટ નેગેટિવ આવતા મને રજા આપવામાં આવી છે. હું નાનાવટી હૉસ્પિટલમાં ઘણો જ આરામથી રહેતો હતો.

સ્વાસ્થ્ય કર્મીઓ શાનદાર કામ કરી રહ્યાં છે.તેમણે વધુમમાં કહ્યું કે, હવે હું મારા રૂમમાં ૧૪ દિવસ માટે એકાંતમાં રહીશ. ઘરે આવતા ઘણી જ રાહત મળી છે. તમારી પ્રાર્થના માટે ધન્યવાદ. ભગવાનની કૃપા તમામ પર રહે, સુરક્ષિત રહો. નોંધનીય છે કે, કરીમ મોરાનીની બંને દીકરીઓ કોરોના વાયરસની લપેટમાં આવી ચૂકી છે. કરીમની બંને દીકરીઓ ઝોયા અને શઝા બાદ કરીમનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. તેની બંને દીકરીઓને સારવાર માટે આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. શઝા નાણાવટી હોસ્પિટલમાં દાખલ હતી જ્યારે ઝોયા મુંબઈની કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં દાખલ હતી. બંને દીકરીઓ બાદ કરીમ અને તેની પત્નીનો રિપોર્ટ પણ કરવામાં આવ્યો હતો.

કરીમની બીજી દીકરી શઝા દેશમાં લૉકડાઉન જાહેર થયું તેના થોડા દિવસ અગાઉ જ શ્રીલંકાથી પરત ફરી હતી. શઝા મોરાનીએ ઓલ્વેઝ કભી કભી અને હેપ્પી ન્યૂ યર જેવી ફિલ્મોમાં સહાયક નિર્દેશક તરીકે કામ કર્યું છે. જે વિસ્તારમાં કરીમ મોરાનીનો પરિવાર રહે છે ત્યાં બોલિવૂડના ઘણાં મોટા સ્ટાર્સના પણ ઘર છે. જે બિલ્ડિંગમાં કરીમનો પરિવાર રહે છે તે બિલ્ડિંગને સીલ કરી દેવામાં આવ્યું હતું.

લોકડાઉનમાં કર્ણાટકના પૂર્વ CMના દીકરાના લગ્ન થતા રવિના ટંડને ઠાલવ્યો ગુસ્સો



મુંબઈ

કોરોના વાયરસ આજે સમગ્ર દેશ અને વિશ્વ માટે સૌથી મોટો સંકટ છે. ભારતમાં અત્યાર સુધીમાં ૧૩ હજારથી વધુ લોકોને આ વાયરસનો ચેપ લાગ્યો છે, જ્યારે મૃત્યુઆંક વધી રહ્યો છે. કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે, રાજ્યની તમામ સરકારો અને કેન્દ્ર સરકારે દેશભરમાં લોકડાઉન લાગુ કર્યું છે. ૩ મે સુધી ચાલનારા આ લોકડાઉનમાં કોઈને પણ બિનજરૂરી રીતે ઘર છોડવાની મંજૂરી નથી. દરેક વ્યક્તિ દેશથી લઈને સામાન્યથી લઈને વિશેષ સુધી સરકાર સંચાલિત લોકડાઉનને અનુસરે છે, પરંતુ કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચડી કુમારસ્વામીના પુત્ર અભિનેતા નિખિલ કુમારસ્વામી દ્વારા લોકડાઉન અને સામાજિક અંતર અંગે બેદરકારી દાખવવામાં આવી રહી છે.


હકીકતમાં નિખિલ કુમારસ્વામીએ કોંગ્રેસના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન એમ.કૃષ્ણપ્પાની ભત્રીજી રેવતી સાથે લગ્ન કર્યા હતા. તેમના લગ્નમાં હાજર લોકોએ તેમના મોં પર કોઈ પણ પ્રકારનો માસ્ક લગાવ્યો ન હતો કે સામાજિક અંતર પણ અનુસરવામાં આવ્યું ન હતું. આવી સ્થિતિમાં બોલિવૂડ એક્ટ્રેસ રવિના ટંડને નિખિલ કુમારસ્વામીના લગ્ન પર કટાક્ષ કર્યો છે. રવિના ટંડનએ નિખિલ કુમારસ્વામીનો ફોટો ટ્વિટર પર શેર કર્યો, લખ્યું, 'એ સ્પષ્ટ છે કે આ લોકો જાણતા નથી કે દેશના ઘણા લોકો તેમના પરિવારો સુધી પહોંચી શકતા નથી અને ભૂખે મરી રહ્યા છે, જ્યારે બાકીના લોકો આ સંકટમાં છે ગરીબોની મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખબર નહીં આ લગ્નના બફેટમાં શું પીરસાયું હશે? રવિના ટંડનની આ ટ્વિટ સોશિયલ મીડિયા પર એકદમ વાયરલ થઈ રહી છે. તે જ સમયે, ઘણા સોશ્યલ મીડિયા વપરાશકર્તાઓ તેમની ટ્વિટ પર પ્રતિક્રિયા આપી રહ્યા છે.

બીગ બી એ ઉજવી પોતાના બ્લોગની ૧૨મી વર્ષગાંઠ, માન્યો આભાર

મુંબઈ

મેગાસ્ટાર અમિતાભ બચ્ચન બોલિવૂડના એવા પસંદગીના કલાકારોમાં આવે છે કે જે સોશિયલ મીડિયા પર સતત સક્રિય રહી રહ્યા છે અને આ માધ્યમ દ્વારા તેઓ પોતાના વિચારો અવારનવાર લોકો સમક્ષ વ્યક્ત કરતા રહે છે. તેઓ નિયમિત રીતે બ્લોગ પણ લખી રહ્યા છે અને શુક્રવારના રોજ તેમણે તેમના બ્લોગની ૧૨મી વર્ષગાંઠ ઉજવી હતી. એટલે કે આજથી ૧૨ વર્ષ પહેલા તેમણ બ્લોગ લખવાની શરૂઆત કરી હતી.

ઈન્સ્ટાગ્રામ પર તેમણે પોતાની એક તસવીર શેર કરીને આ અંગેની જાણકારી



આપી છે. પોતાની પોસ્ટના કેપ્શનમાં તેમણે લખ્યું કે, "આજે મારા બ્લોગના ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. ૧૭ એપ્રિલ ૨૦૦૮ના રોજ મેં બ્લોગ લખવાની શરૂઆત કરી હતી. આજે ૪૪૨૪મો દિવસ છે એટલે કે મારા બ્લોગ લખવાના ચાર હજાર ચારસો ચોવીસ દિવસ... એક પણ દિવસ ચૂક્યા વગર હું દરરોજ લખુ છું...! તમારા બધાનો આભાર. તમારા પ્રેમ વિના આ ક્યારેય શક્ય ન થઈ શકત. અમિતાભ બચ્ચનની આ ઈન્સ્ટાગ્રામ પોસ્ટને અર્જુન કપૂર, ભૂમિ પેડનેકર, ટાઈગર શ્રોફ સહિત ૬,૦૮,૫૪૩ લોકો લાઈક્સ કરી ચૂક્યા છે.

કોરોનાના ફેલાવા માટે તબલીગી જવાબદાર: બબીતાને સ્વરાની સલાહ કહ્યું

જમાતના પ્રોગ્રામને પોલીસે મંજૂરી કેમ આપી તે સવાલ પણ ઉઠાવો

નવી દિલ્હી

રેસલર બબીતા ફોગાટે કોરોનાવાયરસ અને તબલીગી જમાતને લઈ એક ટ્વિટ કર્યુ હતું. જેને લઈ તેને ઘણી ટ્રોલ કરવામાં આવી હતી. બબીતા ફોગાટે દિલ્હીમાં કોરોના વાયરસના ફેલાવા માટે તબલીગી જમાતને જવાબદાર ગણાવી હતી.



બબીતા ફોગાટે એક વીડિયો પોસ્ટ કરીને ટ્રોલર્સને જવાબ આપ્યો હતો. જેમાં તેણે કહ્યું, ધમકી આપનારાથી ડરતી નથી. અહીંયા કોઈ ઝાયરા વસીમ નથી જે ડરીને ઘરે બેસી જશે. જેના પર એક્ટ્રેસ સ્વરા ભાસ્કરનું રિએક્શન આવ્યું છે.

સ્વરા ભાસ્કરે ટ્વિટ કરીને લખ્યું, બબીતાજી આ આંકડા પણ જુઓ. શું આ લાખો ભક્તજનોના કોરોના ટેસ્ટ થયા છે? તેના પર પણ ટિપ્પણી કરો અને તબલીગી જમાતના પ્રોગ્રામને પોલીસે મંજૂરી કેમ આપી તે સવાલ પણ ઉઠાવો. બાકી અમે તો તમારા ફેન છીએ જ.

પૂર્વ ઇંગ્લિશ ફૂટબોલર નોર્મન સહીત અત્યાર સુધી રમતજગતમાં કોરોનાથી કુલ ૮ના મોત



નવી દિલ્હી

ઇંગ્લેન્ડના પૂર્વ ફૂટબોલર નોર્મન હન્ટરનું કોરોનાવાયરસના કારણે અવસાન થયું છે. તે ૭૬ વર્ષના હતા. ડિફેન્ડર હન્ટર ૧૯૬૬ની વર્લ્ડ કપ વિજેતા ટીમના સદસ્ય હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૧૦ એપ્રિલ હન્ટરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. રમત જગતમાં ત્રણ અઠવાડિયાની અંદર આઠમા દિગ્ગજનું અવસાન થયું છે.

સૌથી પહેલા ૨૮ માર્ચે ઇંગ્લેન્ડમાં જ પાકિસ્તાનના સ્ક્વોશ લેજેન્ડ આઝમ ખાનનું ૯૫ વર્ષની વયે નિધન થયું હતું. તેઓ ૧૯૫૯થી ૧૯૬૨ દરમિયાન સતત ચારવાર બ્રિટિશ ઓપન જીત્યા હતા. નોર્મન હન્ટર પોતાના કરિયરમાં પહેલીવાર લીડ્સ ફૂટબોલ ક્લબ સાથે જોડાયા હતા. જ્યારે ઇંગ્લિશ ક્લબ લિવરપૂલના જ લેજેન્ડ કેની ડગ્લિશ કોરોનાને હરાવીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા છે. અત્યારે તે સેલ્ફ આઈસોલેશનમાં છે.

ફ્રાન્સના ફૂટબોલ ક્લબ રીમ્સના ડોકટર બર્નાર્ડ ગોન્ઝાલેઝ (૬૦), ઇંગ્લેન્ડના લેંકશાયર ક્રિકેટ ક્લબના અધ્યક્ષ ડેવિડ હોજકિસ (૭૧), ફ્રાન્સના ઓલિમ્પિક ડી માર્શલ ફૂટબોલ ક્લબના પૂર્વ અધ્યક્ષ પેપ દિઓફ (૬૮), આઈસ હોકી લેજેન્ડ રોજર શૈપો (૭૯), પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર ઝફર સરફરાઝ (૫૦) અને રનર દોનાતો સાબિયા (૫૬)એ જીવ ગુમાવ્યો છે. રીમ્સ ક્લબના ડોકટર બર્નાર્ડ કોરોના સંક્રમિત થયા પછી ડિપ્રેશનમાં આવી ગયા હતા. તે પછી તેમણે ૫ એપ્રિલના રોજ આપઘાત કર્યો હતો. તેમણે એક સ્યુસાઈડ નોટ પણ છોડી હતી. જેમાં કોરોના સંક્રમિત હોવાની વાત કરી હતી. તેઓ ૨૦ વર્ષથી રીમ્સ ક્લબ સાથે જોડાયા હતા.

રામાયણમાં ત્રિજટાનું પાત્ર ભજવનાર અભિનેત્રી

અનિતા કશ્યપ છે આયુષ્યમાનની સાસુ

મુંબઈ

હાલ લોકડાઉનના કારણે રામાયણનું પુનઃપ્રસારણ થતા લોકોને મજા પડી ગઈ છે. રામાયણના પાત્રો અને સિરિયલ ખુબ ચર્ચામા છે. રોજેરોજ રામાયણના પાત્રો વિશે નવા ખુલાસા થતા રહે છે. એવી જાણકારીઓ સામે આવી રહી છે જે તદ્દન નવી અને જાણીને તમને નવાઈ લાગે. આવી જ એક જાણકારી આવી છે જે બોલિવૂડના સ્ટાર આયુષ્યમાન ખુરાના સાથ ખુબ નિકટ સંબંધ ધરાવે છે. રામાયણ સિરિયલમાં આયુષ્યમાનના સાસુએ પણ એક મહત્વની ભૂમિકા ભજવી હતી.



વાત જાણે એમ છે કે સીતાહરણ બાદ અશોક વાટિકામાં જ્યારે સીતાજી હતાં ત્યારે જો તેમને કોઈએ સહારો આપ્યો હોય તો તે રાક્ષસી ત્રિજટા હતી. રાક્ષસ કુળમાં પેદા થવા છતાં તેનામાં ખુબ મમતા હતી. તેમણે સીતાને પુત્રીનો દરજ્જો આપ્યો હતો. અનેકવાર સીતા અને ત્રિજટાના લાંબા પ્રેમાળ સંવાદોએ દર્શકોની આંખોમાં આંસુ લાવી દીધા હતાં. પરંતુ બહુ ઓછા લોકોને ખબર હશે કે ત્રિજટાનું પાત્ર ભજવનારા અભિનેત્રીનું નામ અનિતા કશ્યપ છે. આ અનિતા કશ્યપ તાહિરા કશ્યપના માતા છે. તાહિરા આયુષ્યમાન ખુરાનાની પત્ની છે. અત્રે જણાવવાનું કે આયુષ્યમાન ખુરાના અને તાહિરાના લગ્નને ૧૨ વર્ષ થઈ ચૂક્યા છે.

૨૦૨૦-૨૧નો ક્રિકેટનો કાર્યક્રમ સમય મુજબ રમાશે તેવી આશા: ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના પ્રમુખ

નવી દિલ્હી

કોરોના વાઈરસના કારણે ગ્લોબલ સપોર્ટિંગ કેલેન્ડર વેરવિખેર થઈ ગયું છે અને તમામ ઈવેન્ટ્સને સ્થગિત કે રદ કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં ઓસ્ટ્રેલિયામાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપ ઉપર પણ સંકટના વાદળો છવાયા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તેના તમામ કર્મચારીઓ તથા અધિકારીઓને ઘરે રહીને જ કામ કરવાનો આદેશ આપ્યો છે. ઓસ્ટ્રેલિયાની ગર્વનિંગ વિભાગે મોટા ભાગના કર્મચારીઓને ૨૭મી એપ્રિલ સુધી ઘરમાં જ રહેવાનું જણાવ્યું છે અને આ દરમિયાન તેમની સેલેરીમાં ૨૦ ટકાનો કાપ મૂકી દેવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના પ્રમુખ રોબર્ટ્સે જણાવ્યું હતું કે રમતને પાછા ફરવામાં લગભગ ૩૦ જૂન સુધીનો સમય લાગે તેવી પૂરી સંભાવના છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ એસોસિયેશન વચ્ચે



વાટાઘાટ ચાલુ છે અને તેમાં મુખ્ય મુદ્દા વર્લ્ડ કપના આયોજનના તથા ખેલાડીઓના નાણાં સાથે જોડાયેલી બાબતોના છે. રોબર્ટ્સે ૨૦૨૦-૨૧નો તેમનો ક્રિકેટનો કાર્યક્રમ સમય મુજબ રમાશે તેવી આશા છે.

તેમાં ઓક્ટોબરમાં રમાનારો આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ પણ સામેલ છે. આ ગાળા દરમિયાન ભારતનો હાઈ વોલ્ટેજ પ્રવાસ પણ સામેલ છે. ઓસ્ટ્રેલિયન બોર્ડને સંકેત આપ્યો હતો કે ટી૨૦ વર્લ્ડ કપ ખાલી સ્ટેડિયમમાં રમાડવામાં આવી શકે છે. રોબર્ટ્સે જણાવ્યું હતું કે સમર સિઝનની કેટલીક મેચોનો ગાળો ટૂંકાવવો પડશે. રમતના ઉદ્યોગ ઉપર પણ કોરોના વાઈરસની અસર કોઈ પણ રમતની સરખામણીમાં ઘણી મોટી છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા પણ કોઈ પણ રમતના ફેડરેશનની જેમ જલદીથી મેદાનમાં પુનરાગમન કરવા માગે છે.

આજ થી દૂરદર્શન પર 'ઉત્તર રામાયણ' થશે શરુ



મુંબઈ

લૉકડાઉનમાં ચાહકોની ડિમાન્ડની વચ્ચે 'રામાયણ' શરૂ કરવામાં આવ્યું હતું. આ શોની સફળતા બાદ દૂરદર્શન હવે 'લવ કુશ'નું પુનઃ પ્રસારણ કરશે, જેને મૂળ રીતે 'ઉત્તર રામાયણ'ના નામથી ઓળખવામાં આવે છે. ૧૯ એપ્રિલથી આ સિરિયલ રાત્રે નવ વાગ્યાના સ્લોટમાં ટેલીકાસ્ટ થશે અને સવારે નવ વાગે રાતના એપિસોડનું જ પુનઃપ્રસારણ કરવામાં આવશે. આ વાતની માહિતી પ્રસાર ભારતીના સીઈઓ શશિ શેખરે ટ્વિટર પર આપી હતી. તેમણે એ વાતનો સંકેત પણ આપ્યો હતો કે આગામી સમયમાં ૯૦ના દાયકાના લોકપ્રિય શો 'શ્રીકૃષ્ણા'નું પણ બીજીવાર ટેલીકાસ્ટ કરવામાં આવશે. શશિએ ટ્વીટમાં કહ્યું હતું, અનેક રાજ્યોમાં દૂરદર્શન તથા ઓલ ઈન્ડિયા રેડિયોના માધ્યમથી એજ્યુકેશન ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. આ વાતને ધ્યાનમાં લઈને ફ્રેશ એપિસોડ રાતના નવ વાગે બતાવવામાં આવશે, જેનું રિપીટ ટેલીકાસ્ટ સવારે નવ વાગે કરવામાં આવશે. શશિએ બીજી ટ્વીટમાં કહ્યું હતું, રવિવારે સવારે નવ વાગે યુદ્ધકાંડની મુખ્ય વાર્તાના ફિનાલે એપિસોડનું રિપીટ ટેલીકાસ્ટ કરવામાં આવશે. રવિવાર રાત્રે ૯ વાગ્યાથી ઉત્તરકાંડ સંબંધિત એપિસોડનું પ્રસારણ કરવામાં આવશે.

શશિએ એક અન્ય ટ્વીટમાં લખ્યું છે, શનિવાર સવારે તથા રાત્રે નવ વાગે યુદ્ધકાંડના બાકી વધેલા એપિસોડ ટેલીકાસ્ટ કરવામાં આવશે, જેથી ઉત્તરકાંડ પહેલાં મુખ્ય સ્ટોરીલાઈનનું સમાપન થઈ શકશે. ઉલ્લેખનીય છે કે રામાનંદ સાગરની 'રામાયણ' પહેલીવાર ૧૯૮૭માં ટેલીકાસ્ટ કરવામાં આવી હતી. પુનઃપ્રસારણ ૨૮ માર્ચ, ૨૦૨૦થી કરવામાં આવ્યું હતું અને પાંચ વર્ષનો રેકોર્ડ તોડીને આ સિરિયલ ટીવી પર સૌથી વધુ જોનારી સિરિયલ બની હતી.શશિ શેખરને ટેગ કરીને એક યુઝરે 'શ્રીકૃષ્ણા'ના પુનઃપ્રસારણની અપીલ કરી હતી. આ ટ્વીટના જવાબમાં તેમણે કહ્યું હતું કે આના પર કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં અપડેટ આપીશું. રામાનંદ સાગરના શો 'શ્રીકૃષ્ણા'નું પ્રસારણ ૧૯૯૩-૯૪ સુધી કરવામાં આવ્યું હતું. આ શોના ૨૨૧ એપિસોડ હતાં.

કોરોના સામેની જંગમાં મહિલા પોલીસકર્મીઓ માટે મુકાશે ફિલ્મ સ્ટાર્સની વેનિટી વાન

મુંબઈ

પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ મુંબઈના ૨૨ પ્રમુખ સ્થાનો પર પોલીસફોર્સ માટે ખાસ કરીને મહિલા પોલીસકર્મીઓ માટે સંપૂર્ણ રીતે સુસજ્જિત ટેન્ટ અને બોલિવૂડ ફિલ્મ સ્ટાર્સની વેનિટી વાન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લીધો છે. આ પહેલને 'મિશન સુરક્ષા' નામ આપવામાં આવ્યું છે.

ગિલ્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં કહેવાયું છે કે અમને અમારી સુરક્ષા રાખનારાઓ માટે 'મિશન સુરક્ષા' લોન્ચ કરવામાં આનંદ થઈ રહ્યો છે. ખાસ કરીને તે મહિલાઓ જે બંદોબસ્ત ડ્યૂટી પર છે.

બોલિવૂડ સિતારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી અને સંપૂર્ણ રીતે સુસજ્જિત વેનિટી વાન અને ટેન્ટ શહેરના ૨૨ પ્રમુખ જગ્યાઓ પર બ્રેક ટાઈમ દરમિયાન આરામ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. આ પગલું મુંબઈમાં ચાલતા લૉકડાઉન દરમિયાન બોલિવૂડ સિતારાઓ દ્વારા સોશિયલ મીડિયા પર મુંબઈ પોલીસના વખાણ કર્યા બાદ લેવાયું છે.



પ્રયાગરાજમાં દેશવ્યાપી લોકડાઉન વચ્ચે, કોરોનાવાયરસ નિરીક્ષણ રાઉન્ડ દરમિયાન વિવિધ સ્થળોએ ચિકિત્સકો પર થયેલા હુમલાનો વિરોધ કરતા ડોકટરોએ પ્લેકાર્ડ્સ રાખ્યા છે.

'પાઇરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફેમ જોની ડેપનું આઇસોલેશન કવર સોન્ગ રિલીઝ

મુંબઈ

હોલિવૂડ સ્ટાર જોની ડેપની ઈન્સ્ટાગ્રામ પર એન્ટ્રી થઈ ચૂકી છે. 'પાઇરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફેમ જોની ડેપે બે દિવસ પહેલાં ઈન્સ્ટા પર અકાઉન્ટ બનાવ્યું છે. તેણે અત્યારસુધીમાં ત્રણ પોસ્ટ કરી છે. તેમાં લાસ્ટ પોસ્ટ તેના આઇસોલેશન કવર સોન્ગની છે જે તેની ગિટારિસ્ટ જેફ બેક સાથે મળીને ગાયું છે. તેણે સોન્ગ શેર કરી કેપ્શન લખ્યું હતું કે, આઇસોલેશન, જેફ અને મારા તરફથી પ્રેમ સાથે મોકલવામાં આવ્યું છે.

આ ડ્યુઓએ જણાવ્યું કે, તેઓ આ નવા આલ્બમ પર છેલ્લા અમુક વર્ષથી કામ કરતા હતા. આ ઓરિજિનલ સોન્ગ આઇસોલેશન ૧૯૭૦માં જોન લેનન દ્વારા રિલીઝ કરવામાં આવ્યું હતું. જોની ડેપે કોરોના મહામારી અને તેના કવર સોન્ગના રિલીઝ વિશે વાત કરીને કહ્યું હતું કે, મને લાગે છે કે આ સંકટના સમયમાં આપણે એકબીજાની મદદ કરવી જોઈએ. આ સોન્ગ અત્યારના સમયમાં બંધબેસતું છે.

ધ યાર્ડબર્ડ્સ રોક બેન્ડના ભૂતપૂર્વ ગિટારિસ્ટ જેફ બેકે કહ્યું કે, જોની અને હું મ્યુઝિક પર ઘણા બધા સમયથી કામ કરતા હતા અને અમે આ ટ્રેક ગયા વર્ષે સ્ટુડિયોમાં રેકોર્ડ કર્યો હતો.

તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દૈનિક વેતનધારીઓને અમિતાભ બચ્ચને પહોંચાડી મદદ




મુંબઈ

પીઢ અભિનેતા અમિતાભ બચ્ચને કોરોનાના પ્રકોપ સામે જંગ લડનારા દૈનિક વેતનધારીઓને મદદ પહોંચાડી છે. જોકે તેણે આ વખતે બોલિવુડના નહીં પણ દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મજૂરોને મદદ કરી છે. સાઉથની ફિલ્મના જાણીતા અભિનેતા ચિરંજીવીએ ટ્વિટર પર આની જાણકારી આપી હતી.

તેણે ટ્વિટ કર્યું હતું કે, અમિતજી, સર બચ્ચને ૧૨૦૦૦ કોરોના રિલિફ કૂપન સગવડ કરી છે. જે તેલુગુ રાજ્યની ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા દૈનિક વેતનધારી મજૂરોના દરેક પરિવારને રૂપિયા ૧૫૦૦ની કૂપન આપવામાં આવશે. જેને બિગ બજારમાં વટાવી શકાશે. ઉલ્લેખનીય છે કે, ચિરંજીવીનું એક ચેરિટી સ્ટ્રસ્ટ છે જેમાં હવે કોરોના ક્રાઇસિસ ચેરિટી બનાવામાં આવી છે.

આ દ્વારા તે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ડેઇલી વેજ વર્કર્સને જરૂરી ચીજો ઉપલબ્ધ કરાવે છે. ચિરંજીવીએ હાલમાં તેલુગુ સિનેવર્કસને ફુડ ઉપલબ્ધ કરાવાનો વીડિયો પણ ટ્વિટ કર્યો હતો. બોલીવૂડના મોટા ભાગના કલાકારો પોતપોતાની રીતે કોરોના જંગ સામે લડવા માટે મદદકરી રહ્યા છે. અમિતાભ બચ્ચને આ પહેલા પણ કોરોનાના પ્રકોપથી બેરોજગાર થયેલા લોકોને આર્થિક મદદ પહોંચાડી છે.

સાથ નિભાના સાથિયા'ની આ અભિનેત્રી
દેવોલીના ભટ્ટાચાર્જીએ કોરોના સંકટમાં બે પરિવારોની લીધી જવાબદારી




મુંબઈ

કોરોનાના સંકટને ભગાવવા માટે આખું વિશ્વ મથી રહ્યું છે. તેમજ બોલિવૂડ સ્ટાર પર પોતાની રીતે શક્તિ એવી ભક્તિ પ્રમાણે મહેનત કરી રહ્યા છે. ત્યારે બિગ બોસ ૧૩માં જોવા મળેલી દેવોલીના ભટ્ટાચાર્જીએ કોરોના વાયરસના આ સમયમાં જરૂરિયાતમંદોની મદદ કરવા માટે ગયા મહિને પીએમ કેર્સ ફંડમાં દાન આપ્યું હતું. અને હવે ફરી બે પરિવારની મદદ કરવા માટે આગળ આવી છે.

સાથ નિભાના સાથિયા'ની આ અભિનેત્રીએ એક મહિના માટે બે પરિવારની સંપૂર્ણ જવાબદારી લીધી છે અને તેના જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓનો ખર્ચ પોતે જ ઉઠાવશે. દેવોલીનાના એક ચાહકે ટ્વીટ કરીને આ માહિતી શેર કરી હતી. તેણે ટ્વીટ કરીને લખ્યું કે, પરિવાર મજૂરીકામ કરે છે અને હાલ લોકડાઉનના કારણે બધુ બંધ હોવાથી કમાણી બંધ છે, તેથી દેવોલીના તેમને મદદ કરી રહી છે. આ માહિતી આપનારી ફેનનું નામ વીરા છે. જે દેવોલીનાની ટીમ સાથે કામ કરે છે.

આવા કપરા સમયમાં અભિનેત્રી જરૂરિયામંદોને મદદ કરી રહી હોવાથી તેના ફેન્સ તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. આ પહેલા એક્ટ્રેસ અને તેના ફેને લોકડાઉનના સમયમાં એક ગર્ભવતી મહિલાને ડિલિવરી માટે સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડી હતી. ઉલ્લેખનીય છે કે, દેવોલીના છેલ્લે બિગ બોગ સીઝન ૧૩માં જોવા મળી હતી.

કોરોના સંકટમાં રોહિત શેટ્ટીએ સીધા ફોટોગ્રાફર્સના ખાતામાં પૈસા કર્યા ટ્રાન્સફર



મુંબઈ

આખા ભારતમાં જ્યારે લોકડાઉન છે ત્યારે મોટાભાગની ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીઝ પણ બંધ છે. ત્યારે ફિલ્મી જગતના ફોટોગ્રાફર્સ પાસે પણ કોઈ જ કામ નથી. ઘણા બોલિવૂડ સ્ટારે ફિલ્મ સાથે સંકળાયેલા લોકોની મદદ કરી છે. ત્યારે હવે રોહિત શેટ્ટી પણ આગળ આવ્યો છે અને મદદ માટે હાથ લંબાવ્યો છે. ફોટોગ્રાફર્સની ઈક્મનો સોર્સ બનીને રોહિત શેટ્ટીએ આવા સંકટ સમયે પાપારાઝીની મદદ કરી છે.

સેલિબ્રિટિ લોકો ઘરે હોવાના કારણે શૂટિંગ બંધ છે અને એથી પાપારાઝીનું કામ ઠપ થઈ ગયું છે. જેથી આ ફોટોગ્રાફર્સને પૈસાની ખોટ પડી. પરંતુ હવે કોઈ ચિંતા નથી. આવા લોકોનું ધ્યાન રાખવા અને સંભાળ રાખવા માટે રોહિત શેટ્ટી આગળ આવ્યો છે. રોહિત શેટ્ટી ફોટોગ્રાફર્સના એકાઉન્ટમાં સીધો પૈસા ટ્રાન્સફર કરી રહ્યો છે એવા અહેવાલ મળી રહ્યા છે. ફોટોગ્રાફર યોગેશ શાહે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ વાત શેર કરી છે.

યોગેશ શાહે રોહિત શેટ્ટીની તસવીર શેર કરીને લખ્યું કે, તેમનો સપોર્ટ હમેશાં યાદ રહેશે. સાથે જ યોગેશે રોહિત શેટ્ટીની આગામી ફિલ્મ માટે રેકોર્ડબ્રેડ સફળતાની શુભેચ્છા પણ પાઠવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ રોહિતે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોયીઝમાં ૫૧ લાખ રૂપિયાનું દાન આપ્યું છે.

રૂપાણી સરકાર
પહેલા પાનાનું ચાલું

અત્યાર સુધી ૬૦ લાખ પૈકી ૪૫ લાખ લાભાર્થીઓએ રાશન લીધું છે. આ પ્રક્રિયા હજુ પણ ચાલુ જ રહેશે. અગાઉ ૧૩ થી ૧૭ એપ્રિલ સુધીની જાહેરાત કરી હતી. જેમાં અનેક લોકોએ પોતાનો હક્ક જતો કર્યો છે. હજુ જે પણ બાકી રહી ગયું હશે તેને અનાજ આપવાની કામગીરી ચાલુ રહેશે. અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને રાજકોટના ઓઇલ મિલરો સાથે સરકારે વીડિયો કોન્ફરન્સ કરી હતી. માંગ પ્રમાણે પુરવઠો જળવાઈ રહે અને ભાવ ન વધે તે માટે ચર્ચા કરી હતી. નાફેડના અધિકારીઓ પણ કોન્ફરન્સમાં જોડાયા હતા. આવનારા દિવસોમા સીંગતેલનો પુરવઠો જળવાઈ રહેશે અને ભાવ પણ જળવાશે. આજ સુધીમાં કુલ ૬૩ માર્કેટયાર્ડ શરૂ થઈ ચૂક્યા છે. જેમાં ૩૮૮૭૩ ક્વિન્ટલ પાકનું વેચાણ થયું છે. રાજ્ય સરકારના ઝડપી નિર્ણયના કારણે જ અન્ન ઉત્પાદન માર્કેટ સુધી પહોંચ્યું છે.

રાજસ્થાનના
પહેલા પાનાનું ચાલું

ખૂબ જ દૂર છે.

અભિષેકે જણાવ્યુ કે લોકડાઉન સમયે એમ જ સમય પસાર થઈ રહ્યો હતો. અભ્યાસ થઈ શકતો ન હતો. મિત્રો પણ ખૂબ જ ડરેલા હતા કે તેમને સંક્રમણ ન થઈ જાય. આ સમય ગાળા દરમિયાન માતા-પિતા સાથે રોજ આઠ-દસ કલાક વાત થતી હતી. તેઓ કહેતા હતા કે જ્યારે પણ ઈચ્છા થાય ત્યારે વાત કરી લેવાની. હું કોટા શહેરમાં એક વર્ષ અગાઉ આવ્યો હતો. લોકડાઉનમાં કોઈ મુશ્કેલી ન હતી પણ હું થોડો ડરી ગયો છું.

લોકડાઉન ૨.૦
પહેલા પાનાનું ચાલું

છૂટ મળશે. આઈ ઉપરાંત કન્સ્ટ્રક્શન અને મજૂરોને પણ કામ કરવાની છૂટ મળશે.આવશ્યક સેવાઓ : આ ઉપરાંત ચિકિત્સા ઉપકરણ, ખાણ ખનીજ, જૂટ ઉદ્યોગ શરૂ થશે જેનું જીડીપીમાં ૧૬.૫૭ ટકા યોગદાન છે. ઉપરાંત આવશ્યક તમામ સેવાઓ શરૂ થઈ જશે. આમ આ તમામ ઉદ્યોગો ખુલતાની સાથે જ દેશમાં ૪૫ ટકા અર્થતંત્ર ફરીથી ધબકતું થઈ જશે.

ઇન્ડિયન નેવી
પહેલા પાનાનું ચાલું

બનાવ્યું હતું.

સ્વદેશીની બનાવટની આ કેપ્યૂલ દર્દીઓને સંપૂર્ણ સીલ કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં મદદ કરશે. એક રક્ષા પ્રવકતાએ જણાવ્યું હતું કે આનાથી પાયલટ તેમજ સંક્રમિત દર્દીઓને લઈ જતી ટીમને સંક્રમણ લાગવાનું જોખમ નથી. જે બાદમાં વિમાનને સેનિટાઈઝ કરવાની પણ જરૂર નથી રહેતી. પ્રવકતાએ જણાવ્યું કે આ પોડ નેવી એરબેઝ, આઈએનએસ ગરુડના મુખ્ય આરોગ્ય અધિકારીના માર્ગદર્શન અને નેવી હોસ્પિટલ આઈએનએચએસ સંજીવનીના નિષ્ણાતો સાથે સલાહ બાદ બનાવવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે આનું વજન ૩૨ કિલોગ્રામ છે. આ પોડને બનાવવા માટે ૫૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે.

મોટી આફત
પહેલા પાનાનું ચાલું

૧૦૨૬થી ૩૯૯૫ ડોલર (રૂ. ૭૮,૪૩૮થી રૂ. ૩ લાખ) ની હોય છે. ભારત પણ આ કેટેગરીમાં સમાવિષ્ટ છે. રોજના ૩.૨ ડોલર (વાર્ષિક ૭૮ હજાર રૂપિયા)ની કમાણી કરનારાઓને ગરીબી રેખાની નીચે ગણવામાં આવે છે.

ઉચ્ચ મધ્યમ આવક જૂથ: આ કેટેગરીમાં ૩૯૯૬થી ૧૨,૩૭૫ ડોલરની સરેરાશ માથાદીઠ આવક ધરાવતા દેશોને શામેલ કરવામાં આવ્યા છે. આ દેશોમાં ૫.૫ ડોલર કે તેથી ઓછી કમાણી કરનારાઓને ગરીબી રેખાની નીચે ગણવામાં આવે છે.

ઉચ્ચ આવક જૂથ: આ કેટેગરીમાં ૧૩,૩૭૫ ડોલર કરતા વધુની માથાદીઠ આવક ધરાવતા દેશોને શામેલ કરવામાં આવ્યા છે. આ દેશોમાં ગરીબી રેખા નીચેના લોકો માટે કોઈ ધોરણો નિર્ધારિત નથી. એટલે કે, આ દેશોમાં કોઈ વ્યક્તિ ગરીબ નથી.

ઓછી આવક જૂથો: માથાદીઠ ૧૦૨૬ ડોલર કરતા ઓછી વાર્ષિક આવકવાળા દેશો શામેલ છે. આ દેશોમાં દરરોજ ૧.૯ કરતા ઓછા કમાતા લોકોને ગરીબી રેખાની નીચે માનવામાં આવે છે.

જો ગરીબ દેશો માટે નિર્ધારિત ગરીબીના ધોરણ દરરોજ ૧.૯ ડોલર (આશરે ૧૪૫ રૂપિયા) આવક મુજબ ચાલીએ તો, ભારતમાં કોરોના સંકટને કારણે ૧૫ લાખથી ૭.૬ કરોડ ખૂબ ગરીબ વર્ગમાં શામેલ થશે. ભારતમાં માથાદીઠ વાર્ષિક આવક ૨૦૨૦ ડોલર (વાર્ષિક રૂ. ૧.૫ લાખ) છે. દેશની કુલ વસ્તીમાંથી ૨૨% લોકો દરરોજ ઈ ૧.૯ કરતા ઓછા કમાય છે. અત્રે નોંધનીય છે કે ગરીબી રેખાની આવક મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (મનરેગા) હેઠળ ચૂકવવામાં આવતા વેતન કરતા પણ ઓછી છે.

UNUની સ્ટડી મુજબ વૈશ્વિક સ્તરે ગરીબીમાં વધારો અને માથાદીઠ આવકના ત્રણેય પરિમાણોના આધારે આવક અને વપરાશમાં ઘટાડો થવાનો અંદાજ છે. ઓછામાં સંશોધનકારો કહે છે કે ઓછી ખરાબ સ્થિતિમાં પણ વૈશ્વિક સ્તરે આવક અને વપરાશમાં ૨૦%નો ઘટાડો થશે. સંશોધન મુજબ, ગરીબી રેખાની નીચે ગણાતા ૩.૨ ડોલરની આવકવાળા દેશોમાં ૮% નવી વસ્તી ગરીબોમાં જોડાશે. સંશોધન મુજબ, સૌથી ખરાબ પરિસ્થિતિમાં નીચલા મધ્યમ આવકવાળા દેશોમાં ૫.૪૧ કરોડ નવા લોકો ગરીબીની રેખા નીચે આવશે. આ આર્થિક સંકટને કારણે, સમગ્ર વિશ્વમાં નવા બનેલા ૧૦ માંથી ૨ ગરીબો લોકો ભારતના હશે.

કોરોના સંકટ
પહેલા પાનાનું ચાલું

ગાઈડલાઈન મુજબ કન્ટેઈનમેન્ટ ઝોન, હાઈ-રિસ્ક ઝોન અને અન્ય વિસ્તારોમાં ઝડપથી અને મોટા પાયે કોરોના સ્ક્રીનિંગ કરવામાં ખૂબ ઉપયોગી નીવડશે. રેપિડ ટેસ્ટીંગ કિટનો અન્ય જથ્થો ગુજરાત સરકારને આગામી ૨-૩ દિવસમાં પ્રાપ્ત થશે.

આ રેપિડ ટેસ્ટીંગ કિટ દ્વારા પરિક્ષણમાં જે દર્દીઓ કોરોના પોઝિટીવ જણાય તેમનું ફરીવાર રેગ્યુલર આરટીપીસીઆર ટેસ્ટ દ્વારા પણ પરિક્ષણ કરવામાં આવશે તેમ આરોગ્ય સચિવ જયંતિ રવિ એ જણાવ્યું હતું. આ કિટને કારણે ખૂબ ઝડપથી મોટી સંખ્યામાં કોરોના સંભવિત લોકોનું પરિક્ષણ કરી શકાશે. જે આ મહામારી પર ઝડપથી નિયંત્રણ મેળવવામાં અત્યંત ઉપયોગી બની રહેશે. જોકે આ કિટના ઉપયોગ અંગે હજુ આરોગ્ય કર્મીઓને તાલીમ આપવાની હોઈ તેનો ઉપયોગ શરૂ કરવામાં એકાદ બે દિવસ લાગશે.

રાજયમાં કોરોના દર્દીઓની સ્થિતિ વિશે વાત કરીએ તો ૭ દર્દીઓ વેન્ટીલેન્ટર પર છે, જ્યારે ૧૧૨૯ દર્દીઓ સ્ટેબલ છે. ૮૮ લોકોને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૪૮ લોકોના મોત થયા છે. લેબોરેટરી પરિક્ષણની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૮૦૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૨૫૧ લોકોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે. જ્યારે ૨૫૫૧ લોકોના રિપોર્ટ નેગેટિવ છે. તે સાથે અત્યાર સુધીના કુલ ૨૪૬૧૪ લોકોના ટેસ્ટ થયા છે. તેમાંથી ૧૨૭૨ લોકોના પોઝિટીવ અને ૨૪૩૪૨ લોકોને નેગેટીવ રિપોર્ટ આવ્યો છે. અમદાવાદમાં કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં ગોમતીપુર, વેજલપુર, રામદેવનગર, દાણીલીમડા, ખાનપુર, દરિયાપુર, ખાડિયા, જૂનાવાડજ, જમાલપુર, અસારવા, કાંકરિયા, બહેરામપુરા અને બોડકદેવનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં કોરોના નવા કેસોમાં રાફડો ફાટ્યો હોય તેમ. ગઈકાલ સાંજથી ૨૪ કલાકમાં ગુજરાતમાં ૧૭૬ નવા કેસ આવ્યા છે. આ સાથે જ ગુજરાતમાં કુલ કેસ ૧૨૭૫ પર પહોંચી ગયા છે. તો ૭ના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો છે. તો અમદાવાદમાં ૧૪૩ કેસ થયા છે. મોટાભાગના નવા કેસ હોટસ્પોટ વિસ્તારના છે. આમ, જોઈએ તો છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૨૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જ્યાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

લોકડાઉન વચ્ચે ગોંડલના માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું આગમન

ગોંડલ

સમગ્ર ગુજરાતમાં હાલ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે જેને કારણે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ગોંડલના માર્કેટ યાર્ડમાં કેસર કેરીનું આગમન થયું છે. સિઝનની પ્રથમવાર કેસર કેરીનું ગોંડલ માર્કેટ યાર્ડમાં આગમન થયું હતું. સમગ્ર ભારતમાં ફેલાયેલા કોરોના વાયરસ અને વધતાં જતાં કોરોનાના કેસોની વચ્ચે સૌરાષ્ટ્રના ગોંડલ શાકભાજી માર્કેટ યાર્ડમાં મીઠી મધુર અને ફળોની રાણી ગણાતી કેસર કેરીનું આગમન થયું છે.

કોરોના વાયરસને લઈને લોકડાઉન વચ્ચે કેસર કેરીની સિઝન આ વખતે ૧૫ દિવસ મોડી શરૂ થશે તેવું જાણવા મળ્યું છે. તેમ છતાં પણ ગોંડલ માર્કેટમાં છેલ્લા એક અઠવાડિયાથી કેસર કેરીની આવક શરૂ થઈ છે ત્યારે રોજ શાકભાજી માર્કેટમાં કેરીની ૨૫૦ બોક્સની આવક થઈ રહી છે. કોરોના વાયરસના લોકડાઉન વચ્ચે ગુજરાતભરના ઘણાં માર્કેટ યાર્ડ બંધ હાલતમાં છે. પરંતુ શાકભાજી માર્કેટ યાર્ડમાં સરકાર દ્વારા આપવામાં આવેલ છૂટછાટો અને તકેદારી મુજબ ગોંડલ શાકભાજી માર્કેટ યાર્ડમાં આ વર્ષે પણ ગોંડલમાં કેસર કેરી પાકતી ન

હોવા છતાં તાલાલા કરતાં ગોંડલમાં કેરીનું વહેલું આગામન થયું છે. ત્યારે ગોંડલ માર્કેટ યાર્ડ સતાધીશોએ યાર્ડમાં કેસર કેરીની હરાજી બંધ રાખીને ખેડૂતોના માલનું વહેંચાણ થાય અને પોષણક્ષમ ભાવો મળી રહે તેવા આયોજન વચ્ચે સીધા જ વેપારીઓને ગુણવત્તા મુજબનાં કેસર કેરીના બોક્સોનું વહેંચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગોંડલ યાર્ડમાં કેસર કેરીના ૧૦ કિલોના બોક્સના ભાવ રૂપિયા ૮૦૦થી લઈને ૧૨૫૦સુધીના બોલાયા હતાં.

જૂનાગઢ લોકડાઉનઃ એક કારખાનામાંથી ૬૨ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

જૂનાગઢ

લોકડાઉનના માહોલ વચ્ચે કેશોદ નજીકના અગતરાય ગામ પાસે નેશનલ હાઈવે નજીક શિવશક્તિ મીલથી ૬૨ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. સ્થાનિક પોલીસ અંધારા રહેતા જૂનાગઢ કાઈમ બ્રાંચે દારૂ જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં ૬૨ લાખની કિંમતની ૧૨૯૪ પેટી, ૧૫૫૨૮ બોટલ દારૂ પોલીસે જપ્ત કર્યો છે. મોટાપાયે દારૂ પકડાતા બુટલેગરો ફરાર થઈ ગયા છે. જૂનાગઢ કાઈમ બ્રાંચે દારૂનો જથ્થો ઝડપી પાડ્યા બાદ હવે કેશોદમાં પ્રવેશતા રોડ પર પોલીસે કડક બનીને ચેકિંગ હાથ ધર્યુ છે.

કોરોનાના કેર જોતા હવે પાડોશી જિલ્લાઓ સાથેના રસ્તાઓ કરાશે સીલ

અમરેલી

ગુજરાતમાં દિવસેને દિવસે કોરોના વાયરસના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે એની સામે લડવા માટે તંત્રએ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. હવે પાડોશી જિલ્લા રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને ગીર સોમનાથની સાથે જોડાયેલા રસ્તા બંધ કરાશે. આ રસ્તાઓ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બંધ કરવામાં આવશે.

આ આયોજન અંતર્ગત જિલ્લાના માર્ગ અને ગાડા રસ્તા પણ બંધ કરાશે. આ આયોજનને જિલ્લા પોલીસ વડાએ પુષ્ટિ આપી છે અને પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર સજ્જ છે. ગુજરાતમાં દિવસને દિવસે કોરોના પોઝિટિવના કેસ વધી રહ્યાં છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૧૨૦૦ને પાર પહોંચ્યો છે.

કોટવિસ્તારમાં હજુ કેસ વધશે, કારણ કે લોકો સમજી જ નથી રહ્યાઃ અ.મ્યુ.કમિશ્નર

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ આજે ડિજિટલ પત્રકાર પરિષદમાં અમદાવાદમાં કોરોનાની માહિતા આપતા જણાવ્યુ હતુ કે, છેલ્લા એક મહિનામાં ૫૭૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. આપણી સ્ટ્રેટેજીને કારણે ૫૦૦ કેસ બહાર આવ્યા છે. જો આ કેસ બહાર ન આવત તો એક કેસ બીજા ૪૦૦ લોકોને ચેપ લાગતાં એટલે અંદાજે ૨ લાખ કેસ નવા નોંધાયા હોત. ૪૦૦ને ઈન્ફેક્ટેડ કેસ અને ૩ ટકા મોતને કારણે આપણે ૫૦૦૦ લોકોના મોત અટકાવી શક્યા છીએ.

લોકો જે સાથ સહકાર નથી આપી રહ્યા એ ખરેખર વાયરસથી લડવામાં નુકસાન પહોંચાડી રહ્યા છે. કોટ વિસ્તારમાં ધાર્મિક રાજકિય તમામ લોકો જેટલા નેટવર્કમાં જાણતા હોય તે કહો કે બહાર ન નીકળે. બપોરે ૧થી ૪ મહિલાઓ બહાર નીકળી રહી છે. તે ખરેખર દુખની વાત છે. પોલીસ જોડાય એ ખરેખર ખુબ દયનીય. પોલીસ પણ કોરોનાગ્રસ્ત થઈ રહી છે. તમે પોલીસને પણ ઈન્ફેક્ટેડ કરી રહ્યા છો. મધ્યઝોનમાં રૅપિ, સ્નૅપ, કોર્પોરેટર તમામને અપીલ છે. કોટ વિસ્તારના લોકો ગંભીર નથી.

આપણે વિજ્ઞાનની મદદથી આ વાયરસને હરાવીશું એમ કહીને તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, મહિનામાં એક સ્પષ્ટ ગાઈડલાઈન મળી રહી છે. વિજ્ઞાનની મદદથી ટેસ્ટિંગની ફેસિલિટીને કારણે પ્રોએક્ટિવ સર્વેલન્સથી સફળતા મળશે. છેલ્લા ૧૦ દિવસથી કામગીરી ચાલી રહી છે તે મુજબ આપણે આ વાયરસ ગમે તેટલો ચેપી હોય પણ આપણે વિજ્ઞાનની મદદથી આ વાયરસને હરાવીશું. ગઈકાલ સાંજ સુધી ૫૨૬ કેસ હતા. એટલે અમદાવાદ શહેરમાં ૫૭૧ કેસ થયા છે. મ. ઝો ૩૫ અને દ. ઝો ૫ કેસ નોંધાયા છે.

ફિલ્ડમાં જઈને સેમ્પલ લેવુ ખરેખર જોખમી છે. સ્ક્રિનિગ પછી શંકાસ્પદ લોકોના ૧૦,૬૭૬ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. સૌથી વધુ ટેસ્ટ કરનાર અમદાવાદ શહેર છે. કોરોના ચેકપોસ્ટ પર ૧૨ શંકાસ્પદ વ્યક્તિને હોસ્પિટલ મોકલાઈ. આરોગ્યના કર્મચારીઓ દસેક દિવસથી ફિલ્ડમાં કામ કરી રહ્યા છે તે ખરેખર સરાહનીય છે. ૭૪૨ ટીમ દ્વારા દોઢ લાખથી વધુ ઘરમાં સર્વે કરવામાં આવ્યા છે. ૬ લાખથી વધુ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યુ છે.

કોરોનાઃ રાજકોટના જંગલેશ્વરમાં ઘોડા પર સવાર થઈને પોલીસે કર્યું પેટ્રોલિંગ

રાજકોટ

કોરોના વાયરસના વધતા કહેરને લઈ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં કર્ફ્યૂ લાગૂ કરવામાં આવ્યું છે. તેમ છતાં લોકો ભાગી રહ્યાં છે. જંગલેશ્વર વિસ્તારના પાછળના ભાગે નદીનો પટ છે અને નદીના પટમાંથી જંગલેશ્વર વિસ્તારના કેટલાક લોકો ફરાર થઈ ગયા છે. કોરોનાના ભયથી લોકો જંગલેશ્વર વિસ્તાર છોડી રહ્યાં છે. લોકો વિસ્તાર છોડી રહ્યાં હોવાથી નદીનો પટ સીલ કરવામાં આવ્યો છે. આજી નદીના પટમાંથી લોકો બહાર ન ભાગે તે માટે સીલ કરવામાં આવ્યો છે. રાજકોટન જંગલેશ્વર વિસ્તારમાં જાહેરા કરાયેલા કર્ફ્યું લઈને પોલીસે કવાયત હાથ ધરી છે. આ વિસ્તારમાં કર્ફ્યું હોવા છતાં લોકો નદીના પટમાંથી જંગલેશ્વર વિસ્તારના કેટલાક લોકો ફરાર થયા હોવાના અહેવાલ મળતાં પોલીસ દ્વારા ઘોડા પર સવાર થઈને પોલીસે પેટ્રોલિંગ કર્યું. રાજકોટ શહેરના ૩૧માંથી ૨૧ પોઝિટિવ કેસ માત્ર જંગલેશ્વર વિસ્તારમાંથી સામે આવ્યાં છે. કોરોના વાયરસના વધતા ખતરાને લઈને રાજકોટના બે વિસ્તારોમાં આજથી કર્ફ્યૂ લાગૂ કરવામાં આવ્યું છે. રાજકોટના જંગલેશ્વર અને રાજલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં કર્ફ્યૂ લાગૂ કરાયું છે. ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યૂ રહેશે. આ વિસ્તારમાં વસ્તીગીચતા અને કોરોના દર્દીની સંખ્યા વધારે છે. જંગલેશ્વરમાં અત્યાર સુધી કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે. જંગલેશ્વર વિસ્તારમાં આજથી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે. ૩ જીઈની કંપનીઓ અને ૮ ઘોડેસવાર જવાન પેટ્રોલિંગ કરશે.

અમદાવાદમાં પોલીસના દંડાથી તેને જ મારવાનો પ્રયાસ કરતા યુવકનો વિડીયો વાયરલ

અમદાવાદ

શહેરમાં લોકડાઉન દરમિયાન પોલીસ દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં લોકો પોતાના અને આસપાસના લોકોના જીવ જોખમમાં મુકતા અચકાતા નથી. અમદાવાદના સરસપુર વિસ્તારમાં પણ પોલીસ દ્વારા લોકોને સુરક્ષિત અંતર રાખવા સમજાવવામાં આવતા એક યુવક ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ પોલીસનો જ દંડો લઈને તેને મારવા માટે પ્રયાસ કરતો હતો. આ સમગ્ર મામલો કોઈએ વીડિયો રેકોર્ડિંગ કરી લેતા હાલ પોલીસ દ્વારા આ શખ્સ સામે કાર્યવાહી કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

કોરોનાનો કેર વધતા અમદાવાદમાં "પૂલ ટેસ્ટિંગ" પદ્ધતિનો ઉપયોગ

અમદાવાદ

તાજેતરમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં સતત વધારો નોધાઈ રહ્યો છે. નવા કેસ શોધવા માટે મોટા પ્રમાણમાં ટેસ્ટિંગ અને ઈન્ટેન્સિવ સર્વેલન્સના કારણે કોરોના વાયરસથી પ્રભાવિત લોકોને સામેથી શોધવામા સારી સફળતા મળી રહી છે. કોરોના વાયરસથી પ્રભાવિત વ્યક્તિને ખૂબ જ ઝડપથી શોધી અને આઈસોલેશનમાં રાખવામાં આવી રહ્યા છે. આજથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય ટીમ દ્વારા ટેસ્ટિંગ માટે નવી રીતનો ઉપયોગ શરૂ કરાયો છે. જેનાથી કોરોનાના કેસને ઝડપથી શોધવામાં મદદ મળશે. એએમસીના જણાવ્યા મુજબ કોરોના વાયરસ ટેસ્ટિંગની પ્રક્રિયામાં ઓછા સંશાધનો વાપરી અને મહત્તમ પરિણામ મેળવવા માટે અમુક દેશોમાં નવતર પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે. આ પદ્ધતિઓમાં લોકોના અમૂક સમૂહ કે જે એકબીજા સાથે કૌટુંબિક અથવા સામાજિક કે અન્ય રીતે સંકળાયેલ હોય તેવા પાંચથી પંદર વ્યક્તિઓનું સેમ્પલોનું એક "પુલ" બનાવી તેનો સિંગલ ટેસ્ટ કરવામાં આવે છે . જેમાં સમૂહમાં લીધેલ તમામ વ્યક્તિ કોરોના વાયરસથી સંક્રમતિ ન હોય તો પરિણામ નેગેટિવ આવે છે. અને એક કે એકથી વધારે વ્યક્તિઓ પોઝિટિવ હોય તો પોઝિટિવ પરિણામ આવે છે. પોઝિટિવ પરિણામ આવે તેવા કિસ્સામાં લીધેલ સમૂહમાં સમાવિષ્ટ તમામ લોકોના અલગ અલગ સેમ્પલ લઈ વ્યક્તિગત ટેસ્ટ કરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં અમુક વિસ્તારોને હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યા છે ત્યાં પૂલ ટેસ્ટિંગ પદ્ધતિથી ટેસ્ટિંગ કરવાથી અનેક લોકોનું એક સાથે ટેસ્ટિંગ શક્ય બને છે. આ રીતે પોઝિટિવ દર્દીઓને અલગ તારવીને આઈસોલેશન અને તબીબ સારવાર હેઠળ મોકલી શકાય છે. હાલમાં છેલ્લા સાત-આઠ દિવસથી સેમ્પલ લેવાના પ્રમાણમાં એએમસી દ્વારા સતત વધારો કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી ગતિ મળે અને વધુમાં વધુ ટેસ્ટિંગ કરી શકાય તે માટે આ નવી પદ્ધતિનો અમલ આજથી શરૂ કરવામાં આવ્યો છે.

ગોંડલનાં ખેડૂતોએ PM કિસાન સમ્માન નિધિમાં મળેલા રૂપિયા પીએમ ફંડમાં દાન આપ્યા

ગોંડલ

તાલુકાનાં પાંચિયાવદર ગામના ૨૪ જેટલા ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રૂપિયા ૨૦૦૦નાં ચેક મળ્યા હતાં. હાલ આખા દેશ પર આવી પડેલી આફતને ધ્યાનામાં લઈને પાંચિયાવદરના પાણીદાર ખેડૂતો દ્વારા તેમને મળેલા ચેક પ્રધાનમંત્રી રાહત ફંડમાં આપી ઉમદા કાર્યની પહેલ કરી છે. પ્રધાનમંત્રી રાહત ફંડમાં ચેક આપવાના ઉમદા કાર્યમાં કનકસિંહ જાડેજા, વિનુબા જાડેજા, પ્રવીણભાઈ રૈયાણી, મંજુલાબેન રૈયાણી, મહાવીરસિંહ જાડેજા, લાલજીભાઈ તળાવીયા, પરસોત્તમભાઈ તળાવીયા, અજીતસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ સરવૈયા, કરણસિંહ જાડેજા, માનસંગભાઈ ચાવડા,

વિરજીભાઈ તળાવીયા, ઠાકરશીભાઈ ચાવડા, પરબતભાઈ તળાવીયા, પ્રવિણસિંહ જાડેજા, જીતુભાઈ રૈયાણી, રણજીતભાઈ ચાવડા, સુરેશભાઈ તળાવીયા, વાલજીભાઈ ચાવડા, લક્ષ્મણભાઈ ડાભી, વાલજીભાઈ માટીયા, ઉપરાંત ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન ગોપાલભાઈ શિંગાળા, રમાબેન શિંગાળા તેમજ વિજયભાઈ શિંગાળા દ્વારા પણ ચેક મામલતદાર ચુડાસમા, મામલતદાર જાડેજાને અર્પણ કરવામાં આવ્યા હતા. આ તકે સાંસદ રમેશભાઈ ધડુક તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા, રાજેન્દ્રસિંહ જાડેજા સહિતનાઓ હાજર રહ્યા હતા. જે રીતે લોકડાઉન ચાલી રહ્યું છે અને કોરોનાના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે.

તમામ ધંધા રોજગાર બંધ છે આવા સમયે ખેડૂતોને પણ આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે ખેડૂતો મુશ્કેલીના સમયમાં પણ પોતાની દેશ અને રાજ્ય પ્રત્યેની ફરજ સમજી ફંડ આપ્યું છે. આમ તો અનેક લોકો પોતાના તરફથી ફંડ આપી રહ્યા છે. કલાકાર, નેતા, ક્રિકેટર, અલગ અલગ કંપનીઓ, સહિતના પોતાના આર્થિક ક્ષમતા મુજબ ફંડ આપી રહ્યા છે. ત્યારે ગોંડલ પંથકના ખેડૂતો દ્વારા પણ ફંડ આપી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

અમરેલીમાં ગેરકાયદસર તમાકુના કારખાનામાંથી ૧.૨૩ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

અમરેલી

અમરેલી જિલ્લાના લાઠીના મતીરાળા ગામમાંથી ગેરકાયદે તમાકુ બનાવતુ કારખાનુ ઝડપાયું છે. પોલીસે રેડ પાડી ગેરકાયદે તમાકુના મોટા જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે અને ૧,૨૩,૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. અમરેલીના એસ.પી.એ ટ્વીટ કરીને માહિતી આપી હતી. આવશ્યક ચિજવસ્તુઓ સિવાય તમામ વસ્તુઓ પર પ્રતિબંધ છે, ત્યારે તમાકુ બનાવતુ કારખાનુ ઝડપાઈ જતા અમરેલી જીલ્લામાં તંત્ર એલર્ટ થઈ ગયુ છે.

અમદાવાદના સોલા સિવિલને કરવામાં આવી ડિસઈન્ફેક્શન

અમદાવાદ

અમદાવાદમાં વકરી રહેલા કોરોના વાઈરસને ધ્યાનમાં લઈને સોલા સિવિલ હોસ્પિટલમાં ડિસઈન્ફેક્શનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમજ સમગ્ર હોસ્પિટલમાં સેનિટાઈઝ અને ફોગિંગ મશીન દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતના ચેપ ન લાગે તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય વિભાગ દ્વારા આ કામગીરી કરવામા આવી છે.

કોંગ્રેસના ગુજરાત અધ્યક્ષ અમિત ચાવડાએ કરાવ્યો કોરોના ટેસ્ટ, રિપોર્ટ પેન્ડીંગ

ગાંધીનગર

રાજયમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વચ્ચે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ કોવિદ-૧૯નો ટેસ્ટ કરાવ્યો હતો. મળતી જાણકારી અનુસાર, અમિત ચાવડાએ શુક્રવારના સાંજે કોરોના માટેના સેમ્પલ આપ્યા હતા. નોંધનીય છે કે અમિત ચાવડા પોતાના વિસ્તારમાં લોકસેવાના કાર્યમાં જોડાયા હતા જેના કારણે તેઓ આ દરમિયાન અનેક લોકોના સંપર્કમાં આવ્યા હોવાથી કોરોનાના ટેસ્ટ કરાવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમિત ચાવડાએ અમદાવાદના અનેક કાર્યકરો અને મીડિયાના પત્રકારોના સંપર્કમાં આવ્યા હોવાની આશંકાને પગલે તેમણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો. મહત્વનું છે કે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બાદમાં તેમના પરિવારજનોનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

કોરોનાઃ રાજકોટ-સાબરકાંઠામાં વધુ ૧-૧ પોઝિટીવ કેસ નોંધાયા, કુલ આંકડો ૧૨૫૦ને પાર

ગાંધીનગર

રાજયમાં કોરોના વાયરસનું એપીસેન્ટર બનેલું અમદાવાદ હવે ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે, તો બીજી બાજુ રાજયના બીજા મોટા શહેરો પણ હવે કોરોનાની ઝપેટમાં ઝડપમાં આવી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના કેસ ૧૨૭૨ને પાર થઈ ચૂક્યા છે.



રાજકોટમાં વધુ એક પોઝિટિવ કેસ નોંધાતા રાજયના કુલ ૧૨૭૨ કેસમાંથી ૮૨ ટકા કેસ માત્ર ૩ શહેરમાં નોંધાયા હોવાની હકીકત સામે આવી છે. આજે રાજકોટમાં વધુ એક કેસ પોઝિટિવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. રાજકોટનો જંગલેશ્વર એરિયામાં આવેલી અંકુર સોસાયટીમાં એક પુરુષને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ ૪૭ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વિસ્તારમાં ડરનો માહોલ બન્યો છે. આ સાથે જ હવે રાજકોટમાં અત્યાર સુધી કુલ ૩૧ કેસ નોંધાઈ ચૂક્યા છે.

ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૮ જિલ્લા હવે એવા બાકી રહ્યા છે, જ્યાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. એટલે કે કેસ વધ્યા જરૂર છે પણ કોરોનાને મર્યાદિત વિસ્તારમાં રોકી પણ લેવાયો છે. સાબરકાંઠાના પ્રાંતિજમાં કોરોનાનો કેસ નોંધાયો છે. સાબરકાંઠાના મોયદ ગામની મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ મહિલાની ઉંમર ૩૪ વર્ષીય છે અને હાલ તે હિંમતનગર હોસ્પિટલમાં દાખલ છે. સાબરકાંઠામાં અત્યાર સુધી ૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. સાબરકાંઠાના મોયદ ગામની મહિલાને કોરોના પોઝિટીવ આવતા તંત્રમાં ખળભળાટ મચ્યો છે. આઈસોલેશન વોર્ડથી મોકલાવેલ સેમ્પલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં બે કેસ નોંધાયા છે. વહીવટી તંત્રમાં હડકંપ મચ્યો છે.

બોટાદમાં ભાજપ નેતા વિનુભાઈ દ્વારા લોકડાઉનના ઉલ્લઘન બદલ નોંધાઈ ફરિયાદ

બોટાદ

બોટાદ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અને સર્વોદય બેંકના ચેરમેન વિનુભાઈ સોની દ્વારા લોકડાઉનનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. વિનુભાઈ સોની દ્વારા બોટાદના પ્રતિબંધિત વિસ્તારમાંથી લોકોના બહાર કાઢવાનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયો બોટાદના વોર્ડ નંબર-૯ વિસ્તારનો છે.

જયાં કોરોનાના ૪ પોઝિટિવ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેને લઈ આ વિસ્તાર સીલ છે. ત્યારે આ જ વિસ્તારમાંથી બોટાદ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ વિનુભાઈ સોની લોકોને બહાર કાઢી રહ્યાં છે. અને તંત્ર દ્વારા આપવામાં આવેલા પાસનો દુરુપયોગ કરી રહ્યાં છે.

જેને લઈ પોલીસે વિનુભાઈ સોની સામે ફરિયાદ નોંધી છે. જો કે આ પહેલી ઘટના નથી સતત નેતાઓ દ્વારા લોકડાઉનનું ઉલ્લંઘન કરવાની ઘટના સામે આવી રહી છે. ત્યારે શું નેતાઓ માટે કોઈ નિયમ નથી. અને આવા લોકો સામે કડક કાર્યવાહી કેમ નથી કરાતી.

ખેડા જીલ્લાના મહેમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો પર થી કાર્ડ ધારકોને અનાજ મળે તેવું સુચારુ આયોજન કરાયું





ખેડા

વિશ્વના મોટા ભાગના દેશો નોવેલ કોરોના વાયરસ ના કેસો સતત વધતા રહ્યા છે. આ વાયરસની મહામારીના પગલે સમગ્ર વિશ્વના મોટા ભાગના દેશોમાં લીડાઉનની સ્થિતી સર્જાઈ છે. તો મોદી સરકારે પણ કોરોના વાયરસ સામે લડવા માટે સાવચેતીના ભાગ ૨૧ દિવસના લોડાઉન જાહેર કરેલ જે પૂર્ણ કર્યા પછી બીજા ૧૯ દિવસનું લીડાઉનની જાહેરાત કર્યું છે. જેના પગલા હજુપણ ઉદ્યોગ ધંધા બંધ હાલતમાં હોવાથી માઠી અસર પડેલ છે.જેની મોટી અસર કારીગરી અને મજુરોને પડી છે.

હાલ આ પરીસ્થીતીમાં ગરીબ અને મધ્યમવર્ગને રોજ કમાઈને પોતાનું ગુજરાન કરતા હોવાથી લોકોની દયનીય હાલતમાં દિવસો પસાર કરવા પડે તેમ છે.ત્યારે આવા સંજોગોમાં ગુજરાત સરકાર તરફથી કાર્ડ ધારકોને અનાજ આપવાની જાઢેરાત કરેલ જેથી દરેક પરીવારને અનાજ મળી રહ્યું અને કોઈ ભૂખે સુઈ ન જાય તે મુજબની રાહત મળે તે હેતુથી ગુજરાત સરકાર તરફથી રેસનીંગની દુકાને થી કાર્ડદિઠ ઘઉં,ચોખા,ખાંડ, ચણાદાળ તેમજ મીઠું મળી રહે તેવું આયોજન કરાયું હતું.ખેડા જીલ્લાના મહેમદાવાદ શહેરમાં સસ્તા અનાજના પરવાના ધરાવતા વિશાલભાઈ શાહ તરફથી જાહેર જનતા માટે સુદંર આયોજન કરેલ જેમાં દરેક ગ્રાહકને એક મીટર જેટલા ડિસ્ટન્સ રાખવાની તેમજ માસ્ક અથવા રૂમાલથી મોઢા પર પહેરવાની સૂચના આપવામાં આવી હતી અને દરેકને સંતોષકારનો અનાજ નો જથ્થો મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યું હતું અમદાવાદ શહેર પુરવઠા મામલતદાર કલ્પનાબેન દ્વારા અનાજના પુરવઠા બાબતે સતત ધ્યાન આપવામાં આવતું હોવાથી બાકીની કોઈ ફરીયાદ ન આવે તેની કાળજી પણ રાખવામાં આવેલ હોવાથી અનાજ વગર કોઈ વંચીત ના રહી જાય તેની તકેદારી રાખવામાં આવે છે.

ખેડા જીલ્લાના અમદાવાદ શહેરના મામલતદાર વી.કે. પટેલ ની બરૂ મુલાકાત લેતા જણાવેલ કે મહેમદાવાદ શહેરમાં બીપીએલ અત્યોદય અને એપીએલ કાર્ડ ધારકોને સરકાર તરફથી ફાળવામાં આવેલ અનાજનો જથ્થો મળી રહેલ છે.તેમજ શહેરના નાના મોટા અનાજના વેપારી સાથે સતત સંપર્કમાં રહી અને જાહેર જનતાની અતી આવશ્યક ચીજ વસ્તુની કોઈ ઉણપ ન રહી જાય તેની પણ તકેદારી રાખવામાં આવી છે.

લોકડાઉનમાં ખેડા જીલ્લાના ખેડૂતને જંતુનાશક દવાઓ બીયારણ અને ખાતર મળી રહે તેનું વિશેષ આયોજન કરાયું



ખેડા

કોરોના વાયરસની મહામારીના પગલે સમગ્ર વિશ્વના મોટા ભાગના દેશોમાં લોકડાઉન સ્થિતી સર્જાઈ છે.તેવામાં આ વાયરસ સામે લડવા માટે સાવચેતીના ભાગ રૂપે હાલ ૧૯ દિવસનું લોકડાઉનની જાહેરાત કરી છે.જેને ૬૦પગલે ખેતી વિષયક ખેડૂતોને અનાજ શાક ભાજી અને કઠોર જવી ખેતીનો પાક લણી શકે અને સરળતાથી ખેડૂતોને ખાતર અને બીયારણનો જથ્થો મળી રહે તે માટે ગુજરાત સરકારે આયોજન કરી પ્રાથમિકતા આપવામાં આવી છે.જેથી નાના અને મોટા ખેડૂતોને બજારમાથી સમયસર જંતુનાશક દવાઓ બીયારણ અને ખાતર વડે ખેતીમાં વેગ મળે તે માટે બજારમાં જતુંનાશક દવાઓ બીયારણ અને ખાતર ની ખરીદી કરી શકે તેથી જથ્થાબંધ અને છૂટક બીજ વેચાણ કરતા વેપારીઓને લોકડાઉનમાં ચોક્કસ સમયે વેચાણ કરવાની છૂટ આપવામા આવેલ હોવાથી ખેડૂતોમાં અને ખેત મજુરીને આવા કપરા સમયે ખેતી કરવાની ઉત્સાહ વધી ગયેલ છે.તો આવા સંજોગમાં ખેડા જીલ્લાના ખેડા શહેરમાં ખેડૂત બીજ ભંડારના વેપારી રફિકભાઈ વોરા તરફથી ખેડૂત મિત્રો માટે સુંદર આયોજન કરેલ. જેમાં દરેક ગ્રાહકને એક મીટર જેટલા ડીસ્ટન્ટ રાખવાની તેમજ માસ્ક અથવા રૂમાલ મોહ પર પહેરવાની સૂચના આપવામાં આવે છે. અને દરેક ગ્રાહકને જતુંનાશક દવાઓ,બીયારણ અને ખાતરનો જથ્થો મળી રહે તે મુજબનો આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાતમાં કોરોનાના પગલે હાલ ૨૨ લાખ વિદ્યાર્થીઓ "સ્ટડી ફ્રોમ હોમ" કરશે

ગાંધીનગર

કોવીડ૧૯ની પરિસ્થિતિ વચ્ચે પ્રાથમિક શાળાઓમાં તથા ઉચ્ચ સમગ્ર રાજ્યમાં શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ઘરે બેઠા જ સોશિયલ મીડિયાના માધ્યમથી જળવાઈ રહે તે માટે શિક્ષણ વિભાગે કરેલા પ્રયાસોને ખુબ સફળતા મળી છે. ખાસ કરીને, પ્રાથમિક શિક્ષણમાં ધો. ૩થી ૯નાં અંદાજે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી સોશિયલ મીડિયાના માધ્યમ ઉપરાંત માઈક્રો સોફ્ટનાં માધ્યમથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ આ શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ કરી રહ્યા છે. આમ, આ પ્રકારનાં પ્રયાસોના કારણે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક અભ્યાસ ચાલુ રહેતા આગામી શૈક્ષણિક વર્ષમાં આગળના ધોરણમાં વિદ્યાર્થીઓને ખૂબ જ સરળતા રહેશે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજ્ય મંત્રી વિભાવરીબેન દવેએ ગાંધીનગરથી માઈક્રોસોફ્ટ ટીમ્સનાં નેટવર્ક દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ જીલ્લાઓના ડીપીઈઓ, ડીઈઓ, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય બીઆરસી, સીઆરસી તથા ખાનગી શાળાના સંચાલકઓ સાથે સંપર્ક કરીને વર્તમાન પડકારરૂપ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રક્રિયા ઘરે બેઠા પણ જળવાઈ રહે તે માટે થઈ રહેલા પ્રયાસોની અને જીલ્લા કક્ષાએ થઈ રહેલા કાર્યની વિસ્તૃત સમીક્ષા પણ કરી હતી. મોટાભાગના જિલ્લાઓમાંથી મળેલા અહેવાલો મુજબ આટલા ટૂંકા દિવસોમાં પણ ૪૦% થી મહતમ ૮૦% સુધીના વિસ્તારોમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવી છે. સાથોસાથ તેનો ઉપયોગ પણ થઇ રહ્યો છે બાકી રહેતા વિસ્તારોને પણ આવરી લેવાશે.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સફળ કામગીરી બદલ તમામને અભિનંદન અપાતા જણાવ્યું હતું કે, ખુબ જ કપરા અને પડકારરૂપ સમય વચ્ચે પણ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સોશિયલ મીડિયાના માધ્યમથી જળવાઈ રહે તે માટે જે કાર્ય થઈ રહ્યું છે તે ખુબ જ પ્રશંસનીય છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાના કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય જળવાઈ રહે તે માટે ભારત સરકારે કેટલીક માર્ગદર્શિકાઓ નક્કી કરીને દેશના તમામ રાજ્યોને પહોંચાડી છે. ત્યારે ગુજરાત માટે આનંદ અને ગૌરવનો વિષય એ છે કે, રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગે આજથી ત્રણ અઠવાડીયા પહેલા આ કામગીરી શરુ કરી દીધી છે. જે આજે સફળતાપૂર્વક સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે. ધો ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પણ ગુજરાતમાં ખુબ સફળતાપૂર્વક આ વિપરીત પરિસ્થિતિમાં પૂર્ણ કરી શકાઈ છે, એટલું જ નહિ પરંતુ ૧૬મી એપ્રિલથી ધો ૧૦ અને ૧૨ની ઉતરવહીઓનું મૂલ્યાંકન પણ શરુ થઈ ગયું છે. રાજ્યનાં ૨૦૮ કેન્દ્રો પર ૧૨,૩૧૦ શિક્ષકો દ્વારા ઉત્તરવહીઓની તપાસવાની કામગીરી ચાલુ થઈ ગઈ છે.

સ્ટડી ફ્રોમ હોમ અંતર્ગત રાજ્યનાં ધો ૩થી ૯ ના રાજ્યના ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગુજરાતી, અંગ્રેજી, ગણિત વિષયનું વીકલી લર્નિંગ મટીરીયલ પહોચાડવામાં આવે છે, બીઆરસી સીઆરસી કો ઓ. દ્વારા રાજ્યની તમામ શાળાઓના શિક્ષકોને દર શનિવારે વોટ્સ એપ અને ઈ મેઈલનાં માધ્યમથી સાહિત્યનું વિતરણ કરવામાં આવે છે. શિક્ષકો દ્વારા વાલીઓને આ સાહિત્ય મોકલવામાં આવે છે. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ સાથે દૈનિક વોટ્સ એપના માધ્યમથી અનુકાર્ય કરવામાં આવે છે. વિવિધ ટીવી ચેનલ્સ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓનું પ્રસારણ કરવામાં આવ્યું. તેનો લાભ મહતમ વિદ્યાર્થીઓને મળ્યો છે. વર્ચ્યુઅલ ક્લાસરૂમ અંતર્ગત શિક્ષકનાં માર્ગદર્શન દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સમાં આયોજન કરાયું છે. વર્ચ્યુઅલ ક્લાસરૂમથી શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને શાળાના વર્ગની માફક જ ઘરે બેઠા જ અભ્યાસ કરાવી શકે છે. ઉપરાંત શિક્ષક વિદ્યાર્થીઓને ઈ કોન્ટેન્ટ દર્શાવી અધ્યાપન પણ કરાવી શકે છે. તેમજ વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરી કરી શકે છે. શિક્ષક મૂલ્યાંકન પણ કરી શકે છે. ઉચ્ચ શિક્ષણ અંતર્ગત ડીઆઈઈટીના બી.એડના તાલીમાર્થીઓને માર્ગદર્શન અને મદદ મળી રહે તે હેતુસર વિવિધ તબક્કે જીસીઈઆરટી અને આઈટીઈ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિડીઓ કોન્ફરન્સ યોજીને શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. નિષ્ણાંત અધ્યાપકો દ્વારા ઓનલાઈન માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

વડોદરા ક્રાઈમ બ્રાંચનો નવો ખુલાસો, મદરેસામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી કોરોના પોઝિટિવ

વડોદરા

દિલ્લીની જેમ વડોદરામાં પણ તબલીગી મરકજ મળી હોવાનો ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં નવો ખુલાસો સામે આવ્યો છે. જેમાં મદરેસામાં અભ્યાસ કરતા ૧ વિદ્યાર્થીને કોરોના પોઝિટિવ હોવાની વાત બહાર આવી છે. પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને કોરોના પોઝિટિવ આવ્યો છે. ક્રાઈમ બ્રાંચની તપાસમાં આ વિદ્યાર્થી હાલ ભરૂચમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. ક્રાઈમ બ્રાન્ચે મદરેસામાં રહેતા ૧૬ લોકોની યાદી બનાવી છે. વિદ્યાર્થીઓએ ૨૧થી ૨૫ તારીખ દરમિયાન નાગરવાડા છોડ્યું હતું. જેને લઈને જે તે જિલ્લાના પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે. જો કે ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસમાં આ અગાઉ જાણકારી જે સામે આવી હતી કે શહેરમાં ભેગા થયેલા જમાતીઓ નાગરવાડા મદરેસા ખાતે રહ્યાં હતા. જ્યારે લોકડાઉન દરમિયાન મદરેસામાં રહેતા ૧૬ લોકોએ વડોદરા શહેર છોડ્યું હતું. ક્રાઈમ બ્રાંચની તપાસમાં એ પણ સામે આવ્યું હતું કે જે ૧૬ લોકોએ શહેર છોડ્યું છે તેમાં ૧૩ વિદ્યાર્થીઓ અને ૩ વર્કરો સામેલ હતા. આ તમામ લોકો ભરૂચ, વલસાડ, સુરત, છોટા ઉદેપુર, ભાવનગર, આણંદ અને વેરાવળના રહેવાસી હતી. જેના કારણે જે તે જિલ્લાના પોલીસને આ અંગેની જાણ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા કોરોનાના લઈને વડોદરા શહેરમાંથી મોટા સમાચાર આવ્યાં હતા. જેમાં શહેરમાં દિલ્હીની જેમ જમાત મળી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. જેમાં પોલીસ દ્વારા શહેરમાં પણ તબલિગી મરકઝ મળ્યા હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો. જેને લઈને ક્રાઈમ બ્રાંચ અને SOG ને તપાસ સોંપવામાં આવી હતી.

કોરોનાઃ પોલીસ કર્મીઓની સુરક્ષા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બનાવ્યું સેનિટાઈઝર વિહિકલ

અમદાવાદ

છેલ્લા થોડા દિવસથી લોકડાઉનમાં અમુક વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો છે. અત્યાર સુધીમાં એક મહિલા પીએસઆઈ સહિત આઠ પોલીસ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.

જેને પગલે ક્લસ્ટર વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ સુરક્ષિત રહે તે માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સેનિટાઈઝર વિહિકલ બનાવ્યું છે. જેમાં ૩૦ સેકન્ડમાં આઠ પોલીસ સેનિટાઈઝ થઈ જાય છે.

અત્યારે આ વિહિકલ કોરોનાગ્રસ્ત વિસ્તારમાં ફરજ બજાવતી પોલીસ માટે તૈયાર કરવામાં આવ્યા છે. જે એફડીએ માન્ય નેબ્યુલાઈઝર છે અગાઉ પણ પોલીસે આ પ્રકારની એક જીપ બનાવી હતી. જેમાં એક સાથે ફક્ત બે જ પોલીસ કર્મચારીઓ સેનિટાઈઝ થતા હતા. જોકે આ વ્હીકલમાં ૩૦ સેકન્ડમાં આઠ પોલીસ કર્મચારી સેનિટાઈઝ થઈ જાય છે એમ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશ્યલ કમિશનર અજય તોમરે જણાવ્યું હતું.

ધોરણ ૧૦-૧૨ પેપર ચેકિંગઃ ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ શિક્ષકોને કેન્દ્રોમાં એન્ટ્રી

અમદાવાદ

રાજ્યમાં ૧૬ એપ્રિલથી ધો.૧૦ અને ધો.૧૨ની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, અમદાવાદમાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરીમાં જોડાનાર શિક્ષકોના પાસ તૈયાર થયા ન હોવાથી આ કામગીરીનો શુક્રવારથી પ્રારંભ થયો હતો. અમદાવાદ શહેરના ૧૨ અને અમદાવાદ ગ્રામ્યના ૧૭ મૂલ્યાંકન કેન્દ્રો પર શુક્રવાર સવારથી મૂલ્યાંકન શરૂ થયું હતું. જેમાં ૩૨૦૦ શિક્ષકો જોડાયા હોવાનું જાણવા મળે છે. તમામ મૂલ્યાંકન કેન્દ્રો પર થર્મલગનની મદદથી શિક્ષકોનું ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ મૂલ્યાંકન કેન્દ્રમાં પ્રવેસ અપાયો હતો. ઉપરાંત કેન્દ્રમાં પણ સોસ્યલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા ૨૧ માર્ચના રોજ પૂર્ણ થઈ તે પહેલા જ ઉત્તરવહી મૂલ્યાંકન શરૂ કરી દેવાયું હતું. પરંતુ લોકડાઉનના પગલે ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી અચોક્કસ મુદ્દત માટે સ્થગિત કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજ્ય સરકાર દ્વારા ૧૬ એપ્રિલથી ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. જે મુજબ રાજ્યમાં મૂલ્યાંકનની કામગીરી શરૂ થઈ હતી. પરંતુ અમદાવાદ જિલ્લામાં મૂલ્યાંકન માટે જોડાનારા શિક્ષકોના પાસ તૈયાર થયા ન હોવાથી આ કામગીરીનો શુક્રવાર સવારથી પ્રારંભ થયો છે. અમદાવાદ શહેરમાં શુક્રવારથી ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરમાં ૧૨ મૂલ્યાંકન કેન્દ્રો પર ૧૫૦૦ શિક્ષકો દ્વારા મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. તમામ શિક્ષકોનું બોડી ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ તેમને મૂલ્યાંકન કેન્દ્રો પર જવા દેવાયા હતા.

અમદાવાદ શહેરમાં ૧૨ પૈકી ૬ કેન્દ્રો પર ધો.૧૨ સાયન્સની ઉત્તરવહીઓની ચકાસણી થશે. જ્યારે ૪ કેન્દ્રો પર ધો.૧૨ સામાન્ય પ્રવાહની ઉત્તરવહીઓની ચકાસણી કરવામાં આવશે. જ્યારે ૨ મૂલ્યાંકન કેન્દ્રો પર ધો.૧૦ની ઉત્તરવહીઓની તપાસ થશે. ૧૬મી એપ્રિલથી ધો.૧૦ અને ૧૨ની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પણ શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીની મળેલી માહિતી મુજબ ૨૦૮ કેન્દ્રો પર ૧૨૩૧૦ શિક્ષકો દ્વારા ૧,૮૭,૦૦૦ ઉત્તરવહીઓને તપાસવાની કામગીરી પૂર્ણ થઈ ગયેલી છે. અમદાવાદ ગ્રામ્યમના વિસલપુરની ટી.ઝેડ. હાઈસ્કૂલમાં ઉત્તરવહી મૂલ્યાંકન માટે આવેલા શિક્ષકોને આયુર્વેદિક ઉકાળો તૈયાર કરીને આપવામાં આવ્યો હતો. આમ, મૂલ્યાંકન વખતે તેમની રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે સેન્ટરો પર જ વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત અન્ય કેન્દ્રો પર પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આણંદ સાયબર સેલે સિનિયર સિટીઝનના ઠગાયેલા ૭૧,૫૨૨ રૂપિયા પરત લાવી આપ્યા

આણંદ

કોરોના વાઈરસની મહામારીમાં આર્થિક મંદીનો દોર ચાલુ થયો છે, ત્યારે સાયબર ક્રાઈમ કરનારાઓએ વિવિધ જાતના નુસખા અપનાવીને ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી કરવાની શરૂઆત કરી દીધી છે. આણંદના એક સજ્જન સાથે પેટીએમ રિન્યુ કરવાના બહાને રૂપિયા ૨.૮૬ લાખ ઉપરાંતની થયેલી છેતરપિંડી બાદ વધુ એક સિનીયર સિટીઝનને નિશાન બનાવીને એટીએમ અપડેટ કરવાના બહાને કુલ રૂપિયા ૭૪,૯૯૮ ઠગી લીધા હતા.

સાયબર સેલની સતર્કતાને કારણે ૭૧,૫૨૨ રૂપિયા પરત મળ્યા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર આણંદ ખાતે રહેતા જયંતિલાલ ચુનીલાલ ત્રિવેદી (ઉમર. વર્ષ. ૮૦)ને ગત તારીખ ૬-૪-૨૦૨૦ના રોજ કોઈ અજાણ્યા શખ્સે ફોન કરીને પોતાની ઓળખ એટીએમ કાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી બોલુ છું તેમ કહીને એટીએમ અપડેટ કરાવવાનું હોય, પરંતુ હાલમાં કોરોના વાઈરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે તમારે બેંકમાં જવાની જરૂરત નથી, હું તમને ઓનલાઈન પેટીએમ અપડેટ કરી આપીશ તેમ જણાવીને વિશ્વાસમાં લીધા હતા.ત્યારબાદ એટીએમ કાર્ડની વિગતો અને ઓટીપી માંગીને જયંતિલાલ ત્રિવેદીના બેંક ખાતામાંથી કુલ ૯૪૯૯૮ રૂપિયા ઓનલાઈન ઉપાડી લીધા હતા.

જેની જાણ જયંતિલાલે તુરંત જ આણંદના સાયબર સેલને કરતાં પી.એસ.આઈ પટેલ અને તેમની ટીમે તપાસ કરીને જે વોલેટના માધ્યમથી આ પૈસા ઉપાડાયા હતા. તે કંપનીને ઈમેલથી પત્રવ્યવહાર કરીને પૈસાનું સ્ટોપ પેમેન્ટ કરાવી દીધું હતુ.જેથી ૭૧૫૨૨ રૂપિયા બચી જવા પામ્યા હતા, જ્યારે ૩૪૭૬ રૂપિયા જ ઉપડી જવા પામ્યા હતા. બાદમાં ૭૧૫૨૨ રૂપિયા અરજદાર જયંતિલાલના ખાતામાં પાછા રીફન્ડ અપાવી દીધા હતા. આમ, આણંદના સાયબર સેલે ત્વરીત કામગીરી કરીને સિનીયર સિટીઝનના ઠગાયેલા રૂપિયા પરત લાવી આપ્યા હતા.

અમદાવાદનો ઈમરજન્સી બોગસ પાસ બનાવી મહિલાને મુકવા ગયેલા નબીરાઓ પકડાયા

ટંકારા

મોરબીના ટંકારા તાલુકાના સજનપર (ઘૂંનડા)ગામથી થી અમદાવાદનો ઈમરજન્સી પાસ ઈસ્યુ કરીને મહિલાને મુકવા ગયેલા ત્રણ શખ્સો પકડાયા : ચેક પોસ્ટ પર ભાંડો ફૂટ્યો : ત્રણેય શખ્સો સામે નાયબ મામલતદારની ફરિયાદને આધારે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાપ્ત થતી વિગત મુજબ મોરબી જીલ્લા ના ટંકારા તાલુકાના સજનપર ઘુંનડા ગામના વતની અર્જુન સવજીભાઈ સીતાપરાએ કલેકટરની સહી સિક્કા વાળા દસ્તાવેજોના આધારે મોરબીથી અમદાવાદનો બોગસ ઈમરજન્સી પાસ ઈસ્યુ કર્યો હતો. આ પાસના આધારે તેઓની સાથે પ્રયાગ શાંતિલાલ અદ્રોજા, મિહિર રમેશભાઈ રૈયાણી પણ જોડાયા હતા. અને આ તમામ લોકો મોરબી તાલુકાના સક્કનર (ઘુ)થી અમદાવાદ એક મહિલાને મુકવા જવા નીકળ્યા હતા. આ દરમિયાન અમદાવાદ વિસ્તારમાં આવતીનેક ચેક પોસ્ટ પર હાજર પરના અધિકારીઓએ ચેલ કરતા પાસ બોગસ હોવાનું ધ્યાને આવ્યુ હતું.

જેમાં અમદાવાદના પોલીસ તંત્ર અને વહીવટીએ તેઓને ઝડપી પાડી પોલીસને સોંપ્યા છે. આ બોગસ પાસ ટંકારા મામલતદારના નામથી ઈસ્યુ થયો હોય ટંકારાના નાયબ મામલતદાર શરદકુમાર જેરામભાઈ ઠુમમરે આ મામલે ફરિયાદ નોંધાવતા મોરબી એલસીબી ટીમે પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

લોકડાઉનમાં સુરતમાં જુદા જુદા ગુનામાં ૧૦,૭૦૫ લોકોની ધરપકડ

સુરત પોલીસે ૧૨૦૮૪ જેટલા વાહનો જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૩૩૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૪૭૦ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૦ તથા સાયબર ક્રાઈમ હેઠળ ૦૬ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૦,૭૦૫ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી ફરતા ૧૨,૦૮૪ જેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું અમલી છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવેછે.

કોરોનાને પગલે ભરૂચ સિવિલમાં આઈસોલેશન વોર્ડની સામે ડાયાલિસીસ સેન્ટરથી ભયનો માહોલ



ભરૂચ

સિવિલ હોસ્પિટલમાં બીજા માળે આવેલા કોરોના વાઇરસના આઈસોલેશન વોર્ડની સામે આવેલા ડાયાલીસીસ સેન્ટરના દર્દીઓમાં ભયનો માહોલ છવાયો છે. ડાયાલીસીસ કરાવા આવતા દર્દીઓની રોગ પ્રતિકારક શકતી ઓછી હોવાના કારણે દર્દીઓ દહેશતમાં છે. કોરોના આઈસોલેશન વોર્ડ અહિયાંથી અન્ય વોર્ડમાં ખસેડવાની માગ કરી રહ્યાં છે.

ભરૂચ જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોના પોઝિટિવના કેસો વધવાથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.સીવીલ હોસ્પિટલમાં બે સ્ટાફ નર્સ અને એક પ્રેગ્નેટ મહિલા સિક્યુરીટી ગાર્ડનો રિપોર્ટ પોઝિટિવ આવતા ત્રણેયને અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલ ખાતે આઈસોલેટ કરાયા છે. સિવિલ હોસ્પિટલમાં બીજા માળે કોરોના વાઇરસથી સંક્રમિત દર્દીઓને રાખવા આઈસોલેશન વોર્ડ ઉભો કરાયો છે.જ્યાં ડોકટર,સ્ટાફ નર્સ, સ્વીપર અને સિક્યુરીટી ગાર્ડ હાજર હોય છે.તેઓ હોસ્પિટલમાં કામ અર્થે ફરતા પણ હોય છે.

કોરોના આઈસોલશન વોર્ડની સામે આવેલા ડાયાલીસીસ સેન્ટર આવેલું છે. જિલ્લામાં લોકડાઉનના કારણે સિવિલમાં રોજ ૩૫ થી વધુ દર્દીઓ રોજ ડાયાલીસીસ કરાવવા આવે છે. ડાયાલીસીસ સેન્ટરમાં દર્દીઓ વધવાથી હાલમાં સવારના ૭ થી સાંજના ૭ સુધી દર્દીઓનું ડાયાલીસ ચાલતું હોય છે. કોરોના આઈસોલેશન વોર્ડ સામે હોવાથી ડાયાલિસીસ કરાવા આવતા દર્દીઓમાં અને સગાસંબંધીઓમાં ભયનો માહોલ છવાયો છે. ડાયાલીસીસ કરાવા આવતા દર્દીઓની રોગ પ્રતિકારક શકતી ઓછી હોવાના કારણે દર્દીઓ દહેશતમાં છે.જેથી તેઓએ કોરોના વોર્ડ અહિયાંથી અન્ય વોર્ડમાં ખસેડવા માગ કરી છે.

સુરતમાં મહિલા વકીલે આપી ભુખ્યા પરિવારને રાશન કીટ, લુંટી વાહવાહી

સુરત

કોરોના વાઈરસ અને લોકડાઉન વચ્ચે સુરતમાં ભૂખ સામે લડતા ૯ પરિવાર સહિત ૩૨ જણાને સોસીયલ મીડિયા દ્વારા આવેલા એક ફોન કોલથી મહિલા વકીલે મદદ પહોંચાડી હતી. જેથી મદદ કરનાર એડવોકેટ પ્રતિભાબેન દેસાઈની કામગીરીનો સાંસદ ચિરાજ પાસવાન અને મનોજ તિવારીએ પણ સોસીયલ મીડોયામાં ટવિટ કરી આભાર વ્યક્ત કર્યો છે.

૨૧ દિવસના લોકડાઉન દરમિયાન પાંડેસરા વિસ્તારના અનેક પરિવાર ભૂખ સામે હારી જતા ૧૬૦૦ કિલો મીટર દૂર વતનવાસી લોકપ્રતિનિધિઓનો ટેલિફોનિક સંપર્ક કરી મદદની પુકાર લગાડવા મજબૂર બન્યા હતા. વકીલાત બાદ માત્ર એક સમાજ સેવિકાના નામે ઓળખાતા પ્રતિભાબેનના કાને આ વાત આવતા જ તેમણે ગણતરીના ત્રણ દિવસોમાં જ તમામ ને એક મહિના સુધી ચાલે એટલી અનાજની કીટ વિતરણ કરી



સેવા એ જ પરમ ધર્મ હોવાનું એક જીવતું ઉદાહરણ સાબિત પુરૂ પાડ્યું હતું.

પ્રતિભાબેન દેસાઈએ જણાવ્યું હતું કે, એક દિવસ અચાનક દિલ્હીથી મારા પરિચિત એવા મનીષ સિંગ નો ફોન આવ્યો હતો. સુરતમાં કેટલાક બિહારવાસીઓ ભૂખ સામે લડી રહ્યા હોવાની વાત કરી હતી. એમણે એક લિસ્ટ પણ આપ્યું હતું. જોકે આ વાત માની શકાય એમ નહોતી. અવર નવર સોસીયલ મીડિયામાં ૨૦૦થી વધુ સંસ્થાઓ કોરોના વાયરસની માહામારી બાદ ઘર ઘર ભોજન અને અનાજની કીટ વિતરણ થઈ રહી હોવાનું જોઈ રહ્યા હતા. તેમ છતાં સુરત પાંડેસરા વિસ્તારના પીડિત બિહારવાસીઓ પૈકીના એક નો નંબર લઈ હું મળવા પહોંચી ગઈ હતી. ગણતરીની મિનિટોમાં ટોળું ભેગું થઈ ગયું હતું. તમામના મોઢે ઉદાસીનતા દેખાય રહી હતી. પૂછપરછમાં ખબર પડી કે આ વિસ્તારમાં કોઈ આવતું જ નથી. માત્ર સાંસદ ચિરાગ પાસવાન અને મનોજ તિવારીએ મારી આ કામગીરીનો આભાર ટવિટરના માધ્યમથી વ્યક્ત કર્યો હતો.

નવસારી જિલ્લામાં ઘરે ઘરે સર્વે: થુંકવા અંગે ૧૬૧ને દંડ

હોમ કોવોરન્ટટાઈન હેઠળના લોકોને તબીબી સવલત

સુરત

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૩૩૭ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૩૨૦ નમુના નેગેટીવ આવ્યા છે.૧૭ રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ૧૪,૧૫,૧૧૨ ઘરોનો સો ટકા સર્વે હાથ ધરાયો છે.જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૬૧ કેસ કરીને રૂપિયા ૬૭,૪૦૦ વસુલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં જુદા જુદા ૧૪ સ્થળોએ કુલ-૨૧૫ કોરેન્ટાઈન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આજરોજ ૧૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૦૯, જલાલપોર-૦૭ સેમ્પલ લેવામાં આવ્યાં છે.

રાજ્યમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહ્યું છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઈ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે.

રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪ બ ૦૭ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૦૨૦૮ ઉપર સંપર્ક સાધી શકાશે

નવસારીમાં ૩૨૦ ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યાં

સુરત

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાઈરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે નવસારી જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશસ્તિ પારીકના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહયાં છે. કોરોના અંતર્ગત જિલ્લામાં એકપણ કેસ પોઝીટીવ આવેલ ન હોવાનું તેમજ જિલ્લામાં અત્યારસુધીમાં સીઝનલફલુ/કોરોનાના ૩૨૦ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૧૭ રિપોર્ટ બાકી હોવાનું જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. ભાવસારની યાદીમાં જણાવાયું છે.

વિંધ્યવાસિની ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને કીટનું વિતરણ

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે રહેતા ઉત્તર ભારતીય સમાજ દ્વારા વિવિધ સેવાકીય શૈક્ષણિક અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા માં વિંધ્યવાસિની ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી ગડખોલ ગામના જનતાનગર માં જરૂરિયાતમંદ પરિવારોને કીટનું વિતરણ કરાયું હતું.

અંકલેશ્વર ખાતે કાર્યરત ઉત્તર ભારતીય સમાજના માં વિંધ્યવાસિની ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અનેક વિસ્તારોમાં કોરોનાવાયરસ ની મહામારી ના પગલે જરૂરિયાત મંદ પરિવારોને અનાજ તેમજ શાકભાજી સહિતની કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે આજ સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત ગડખોલ ગામના જનતા નગર ખાતે ટ્રસ્ટના સ્થાપક અનિલ શુક્લા, જે. જે.શુક્લા, દિપક ઉપાધ્યાય, સુભાષ પંડ્યા, રમેશ પંડ્યા તથા ઓમપ્રકાશ ચોબે દ્વારા ૨૦૦ કીટનું વિતરણ જરૂરિયાતમંદ પરિવારોને કરવામાં આવ્યું હતું.

સુરત શહેરમાં લોક ડાઉન અને કરફ્યુનો પોલીસ દ્વારા કડક અમલ

સુરત

લોકડાઉનના બીજા તબક્કાનો આજે ચોથો દિવસ છે. જ્યારે સુરત શહેરની પાંચ પોલીસ સચિન વિસ્તારમાં લદાયેલા કર્ફ્યુનો બીજો દિવસ છે. મહિધરપુરા, સલાબતપુરા, લાલગેટ અને કમરૂનગર પોલીસ ચોકી લિંબાયત વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા કર્ફ્યુનો કડક અમલ કરવામાં આવી રહ્યો છે. બપોરના નિર્ધારિત સમય આ વિસ્તારમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ લેવા માટે મહિલાઓનેજ કર્ફ્યુ મુક્તિ આપવામાં આવી છે.

બીજા તબક્કના લોક ડાઉનમાં લોકો સ્વયંભૂ અમલ કરી રહ્યા છે. ખાસ કરીને અડાજણ, અઠવાલાઈનસ, પીપલોદ, વેસુ સહિતના વિસ્તારોમાં લોકો કામ વગર બહાર નિકળવાનું ટાળી રહયો છે. કોરોના વાયરસના વધતા કેસોને કારણે સુરત શહેરના માનદરવાજા ટેનામેન્ટ સહિતના કેટલાક વિસ્તારો કોડન કરી દેવામાં આવ્યા છે. આ વિસ્તારના લોકોને ફરજીયાત હોમ કોરોન્ટાઈનમાં રહેવાનો આદેશ આપવામાં આ્યો છે.

કચ્છ કડવા પાટીદાર યુથ ક્લબ દ્વારા ડિસ્ટન્સ સાથે રક્તદાન

લોકડાઉનનો ભંગ ન થાય એરીતે માનવ સેવા કાર્ય

કડોદરા

લોકડાઉનના સમય ગાળામાં કડોદરાના કેકેપી યુથ ક્લબ દ્વારા યુવા સંઘના ઉપક્રમે રક્તદાન શિવિર કડોદરામાં રાહદારીઓના માટે બસ સ્ટેન્ડ સામે પાણીનો નળની સુવિધા તથા હવન કરવાની પ્રેરણા તેમજ સ્વૈચ્છિક રક્તદાન કરવા સહુને પ્રેરિત કરવાના જેવા અદ્ભૂત સેવા કાર્ય કરવામાં આવેલ છે. કડોદરાના કચ્છ કડવા પાટીદાર યુથ ક્લબ યુવા સંઘના ઉપક્રમે કરીને દાતાશ્રીઓ તરફથી રક્તદાન કરવામાં આવેલ છે. કડોદરા કચ્છ કડવા પાટીદાર યુથ ક્લબ યુવા સંઘના ઉપક્રમે રક્તદાન સિબિરમાં સોશ્યલ ડિસ્ટનર્સ અને લોકડાઉનનું પાલન કરીને દાતાશ્રીઓ તરફથી રક્તદાન કરવામાં આવેલ આ રક્તદાન ખાસ કરીને સુરતમાં જરૂરી એવા એ અને બી ગ્રુપની અછત હોમ તેની પુરતતા કરવા માટે આવેલ હતું જેમાં રક્તદાન ભી ૩૦૦ જેટલી બોટલો એકત્ર થઈ હતી જે ઉપરાંત રાહદીરઓના માટે કડોદરા બસ સ્ટેન્ડ સામે પાણી ૨૪ કલાક નળમાંથી મળી રહે તેવી સુવિધા પણ બાબુભાઈ ધનાની દ્વારા બસ સ્ટેન્ડ સામે કરવામાં આવી હતી. વધુમાં રોજ સમુહ પ્રાર્થના અને હવન કરવાની પ્રેરમા પણ ટીમ યુથ ક્લબ દ્વારા ઘરઘરમાં સતત કરવામાં આવે છે.

આ ઉપરાંત સહુને ૨.૦ એટલે કે લોકડાઉનના બીજા રાઉન્ડમાં હવે ૦૩ મેં સુધી લંબાવવામાં આવતા રેડ સ્વસ્તિક એનજીઓ ગુજરાત કો ઓર્ડિનેટર ગૌરાંગ પટેલ એ સુરત ટિમના પ્રમુખ દિલીપ બુહા દ્વારા લોક સમર્પણ કેન્દ્રમાં સ્વૈચ્છિક રક્તદાન સતત કરવા અપીલ કરી છે. આ કાર્યમાં સમાજના યુવા અગ્રણી કમલેશ ભાઈ ભાનજીભાઈ પટેલ તથા કે.કે.પી યુથ મંત્રી રાજેશ પટેલ કચ્છ કડવા પાટીદાર યુવા મંડળના પ્રમુખ મુકેશ પટેલ ગૌરાંગ પટેલનાઓએ અદ્ભુત સેવા કાર્યની સાથે સમાજમાં માનવતાનો ઉત્તમ દાખલો બેસાડયો છે.

ધારાસભ્ય પૂર્ણેશ મોદીના કંટ્રોલ રૂમમાં કુલ ૧૪૬૭ પ્રશ્નો આવ્યાં

સુરત

કોરોનાની મહામારીમાં સુરત પશ્ચિમ વિધાનસભા ભાજપ પરીવારે સેવા ધર્મ યજ્ઞ સાથે ત્રણ લાખથી વધુ જરૂરીયાતમંદોને ફુડ પેકેટ વિતરણ કર્યુ ધારાસભ્ય શ્રી પૂશભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા TXT SMsCONTROL ROOM ઉપર ૧૪૬૭ થી વધુ પ્રશ્નોનું નિરાકરણ કરાયું

કોરોનાની મહામારી સામે લડવા માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે તા. ૨૨મી માર્ચના રોજ જનતા કરફ્યુ બાદ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી. આ જાહેરાતને પગલે લોકોને પડતી સમસ્યાનો ઉકેલ આવી શકે એના માટે ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદીની પ્રેરણાથી TEXT SMS CONTROL ROOM તા. ૨૬-૩-૨૦૨૦થી શરૂ કરવામાં આવ્યો. આ કંટ્રોલ રૂમ પર વિવિધ લોકોએ પોતાના પ્રશ્નો મોકલ્યા અને ૧૬૭- સુરત (પશ્ચિમ) વિધાનસભાના અગ્રણી કાર્યકર્તાઓ સાથે ભેગા મળીને વહીવટી તંત્ર સાથે અને આગેવાન તથા કાર્યકર્તા સાથે સંકલન કરી આ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો. તા.૨૬મી માર્ચ થી તા.૧૬મી સુધી એપ્રિલ સુધી એટલે કે ૨૨ દિવસમાં કુલ ૧૪૬૭ થી વધુ પ્રશ્નો ટેક્સ એસએમએસ કંટ્રોલ રૂમ મો.૯૯૭૮૪૦૭૬૮૬ પર આવ્યા અને તેમાંથી મોટાભાગના પ્રશ્નોનો ઉકેલ લાવવાના પ્રયતોમાં સફળ રહ્યા. સેવાયજ્ઞમાં ૩૯૮૪ થી વધુ કાર્યકર્તા (ભાજપના કાર્યકર્તા, રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના કાર્યકરો-આગેવાનો, સામાજિક સંસ્થાના આગેવાનો-કાર્યકર્તાઓ, સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો-કાર્યકર્તાઓ, એનજીઓના કાર્યકર્તાઓ અને આગેવાનો તેમજ જુદી જુદી સોસાયટીના આગેવાનો) જોડાયા છે.

સુરત પશ્ચિમ વિધાનસભામાં તમામ આવાસ-સ્લમ વિસ્તારમાં રોજે રોજ ફૂડ પેકેટ પહોંચાડી કોઈ ભૂખ્યું ન રહે તેની ખાસ ચિંતા કરવામાં આવે છે

સુરતના જુદા જુદા સ્થળે શ્રમિકો માટે ભોજનની વ્યવસ્થા કરાઈ

મહાનગર પાલિકા તથા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શહેરના ભોજન વિતરણ

સુરત

તાજેતરમાં કોરોના વાયરસની મહામારીના કારણે કરવામાં આવેલા લોકડાઉનના પરિણામે જુદી જુદી ઈન્ડસ્ટ્રીઝના શ્રમિકોને સમયસર ભોજન મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા તથા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શહેરના જુદા જુદા સ્થળોએ ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરો ખાતે ભોજન વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી શ્રમિકો આ સ્થળોએ સરળતાથી ભોજન મેળવી શકે છે.

જનાબ મિર્ઝા ગાલિબ પ્રાથમિક શાળા -૩૫, શ્રી દામોદર બોટાદકર પ્રાથમિક શાળા- ૨૩૫, ૨૩૬, ૨૪૩, ૨૪૫, (ડો. વસંત રામજી ખાનોલકર પ્રાથમિક શાળા નંબર ૨૫૯,૨૬૧) (સુમન શાળા નં .૫), (સુરેશ જોશી, પ્રાથમિક શાળા નં ૬૩-૨૦૩, જલારામ નગર,) (શ્રી પારે ગોવર્ધનાથજી પ્રાથમિક શાળા નં. ૩૦૨) (શ્રી મહાસ્વેતા દેવી પ્રાથમિક શાળા નં. ૩૨૮), (પંડિત દિનદયાલ ઉપાધ્યાય પ્રાથમિક શાળાનં. ૩૪૨), (એક સંત તુલસીદાસ શાળા - ૧૬૯, ૨૨૯, ૨૩૦, ૨૬૯) (શ્રી ઈન્દુલાલ યાજ્ઞનિક શાળા- ૧૯૦, ૧૯૧, ૧૯.) (મહારાણી તારાબાઈ શાળા - ૧૦૨, ૧૭૫, ૧૯૫, ૨૭૭) (કવિ શ્રી સુરેશ દલાલ આદર્શ શાળા – ૨૫૭) (ખુદીરામ બોઝ શાળા-૪૩, ૪૪) (આઈ.ડી. હોસ્પિટલ), (અબ્દુલ કલામ શાળા ૩૩૩, બી/એચ, માન સરોવર સો.), (સુમન સ્કૂલ ૭ અને ૧૦, રામેશ્વરનગર, નીલગિરિ), (ગૃહલક્ષ્મી શાળા નં. ૨૬૭, લિંબાયત), (શાળા નં. ૨૩૭ થી ૨૪૦, નવાગામ),

ઈસ્ટ ઝોન એ(વરાછા ઝોન-એ)- (કૃષ્ણનગર વસાહત શાળા નં.૯૮), (ખાદી મહોલ્લા શાળા નં.૬૮,૬૯), (પટેલ નગર શાળા નં.૯૨,૯૩), (બોમ્બે કોલોની શાળા નં.૯૪,૯૫) (મોહનની ચાલ, માતાવાડી શાળા નં,૮૩,૮૬) (વલ્લભાચાર્ય કોમ્યુનિટી હોલ) , (અશોક નગર વસાહત), (વરાછા સ્પોટ સંકુલ), (કમલ પાર્ક સોસાયટી, માતા વાડી), (બાપા સીતારામ સોસાયટી), (મરઘા કેન્દ્ર તથા વર્ષા સોસાયટી),

ઈસ્ટ ઝોન-બી(વરાછા ઝોન-બી):- (નગર પ્રથમિક શાળા નં.૩૦૯) (નગર પ્રથમિક શાળા નં.૨૭૨) (નગર પ્રથમિક શાળા નં.૩૦૦, ૩૦૧) (સરથાણા કોન્યુનિટી હોલ)

સેન્ટ્રલ ઝોનઃ- (નાનપુરા, સગરામપુરા, રૂદરપુરા, રૂસ્તમપુરા, સલાબતપુરા) (રૂસ્તમપુરા પોલીસ ચોકી, ચિરાગ હોટલની બાજુમાં), (તાડવાડી મસ્જિદની નજીક), (જુના માછીવાડ, રૂપમ ટોકીઝ, સલાબતપુરા), (કાસકીવાડ) (ચિડિયાકૂઇ બેગમપુરા), (મહિધરપુરા, સૈયદપુરા ગોપીપુરા, પારસીવાડ) (અંબાજીરોડ, વાડી ફળિયા) (ચૌટાપુલ, વાડી બોરડી, શાહપુર, ખજુરાવાડી, નાનાવટ), (પાલિયા ગ્રાન્ટ) (મુન્ગા બહેરા સ્કુલ), (કાજીપુરા, ૪૪ની ચાલ), (ઈચ્છા ડોશીની વાડી) (આચાર્ય એ.આર.સ્કુલ નં.૨૦, નાનપુરા), (શ્રી દુર્ગારામ મચ્છારામ મહો સ્કુલ નં.૨૮, રૂદ્રપુરા), (શ્રી પ્રાણ શંકર મફતલાલ સ્કુલ નં.૬૦, બેગમપુરા), (ગોપીનાથ મલિક સ્કુલ નં.૫૩, ઈન્દ્રપુરા), (શ્રી મોહનલાલ કાસ્તુચંદ્ર ઝવેરી, શ્રી કુરેશી રજનીકાંત ઝવેરી સ્કુલ નં.૩૬, રૂસ્તમપુરા), (શ્રી નરસાવંશન પુજીયાજી સ્કુલ નં.૧૩૧, પારસીવાડ), (શ્રીમતી. નંદગૌરી નંદશંકર તુલજાશંકર પ્રાથમિક શાળા નંઃ ૧૪૪) આ સેન્ટરો ખાતેથી શ્રમિકો ભોજન મેળવી શકે છે.

૧૩ નવા કોરોના કેસ સામે આવતાં સુરતમાં કુલ ૧૫૬ દર્દી પોઝિટિવ નોંધાયા



૨૪ કલાકમાં બે વ્યક્તિના મોત

સુરત

૧૩ નવા કેસ સામે આવતાં શહેર અને જિલ્લામાં કુલ ૧૫૬ દર્દી પોઝિટિવ નોંધાયા છે. ભેસ્તાન, માનદરવાજા, યોગીચોક અને લંબે હનુમાન રોડ વિસ્તારમાંથી નવા કેસ મળ્યા છે. શહેરમાં કોરોનાનું ટેસ્ટીંગ વધારી દેવામાં આવ્યું છે. જેથી મોટી સંખ્યામાં કેસ સામે આવી રહ્યાં છે. આજે ૩૬ વર્ષિય મહિલાનું સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવની સારવાર દરમિયાન મોત થયું છે. શહેરમાં કોરોનાના કારણે ૨૪ કલાકમાં બે વ્યક્તિના મોત થયા છે. જેમાં તબસ્સુમ અબ્દુલ્લા શેખ (ઉ. વ. આ. ૩૬)નું મોત થયું છે. તબસ્સુમ નામની મહિલા હાઇપરટેન્શનથી પણ પીડાતા હતાં. બીજું મોત જલાલ કરીમ ઘીયા(ઉ.વ.આ.૬૫)નું થયું છે. બન્ને મોત નવી સિવિલ હોસ્પિટલમાં થયાં છે. જેથી કોવીડ-૧૯ની માર્ગદર્શિકા પ્રમાણે તેમની અંતિમ ક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

આજે જાહેર થયેલા પોઝિટિવ કેસના નામ સરનામા

(૧) માહિર મોસીન બોબત (ઉ.વ.૪ બાળકી) અક્સા ટાવર,હરિપુરા (૨) ભોગીલાલ કંથારીયા (ઉ.વ.આ.૭૮)આદમની વાડી (૩) જ્યોતિ રામ નાયક (ઉ.વ.આ.૧૮)ભેસ્તાન આવાસ (૪) નયનાબેન (ઉ.વ.આ.૫૨)માનદરવાજા ટેનામેન્ટ (૫) અંજનાબેન રસિકભાઈ (ઉ. વ. આ. ૪૫) મિલેનિયમ પાર્ક યોગીચોક (૬) દેવકુમાર સાધુ (ઉ. વ. આ.૬૦)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૭) ઈન્દ્રકુમાર સિંગ (ઉ.વ.આ.૪૨)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૮) શંકરલાલ રાજપૂત (ઉ. વ. આ.૫૦)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૯) શાંતિબેન પટેલ (ઉ. વ. આ.૭૫)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૧૦) જયપ્રકાશ ઉપાધ્યાય (ઉ. વ. આ. ૬૫)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૧૧) લાલબહાદુર રાજપૂત (ઉ. વ. આ. ૫૫)ઉધરસ ભૈયાની ચાલ એલએચ રોડ (૧૨) આરીફ એ. શાહ (ઉ. વ. આ. ૨૨) પાટી ચાલ એલ એચ રોડ (૧૩) રમણબેન ચંપકભાઈ રાણા (ઉ. વ. આ. ૭૦)માનદરવાજા ટેનામેન્ટ

૨૦ ટીમો દ્વારા સર્વેલન્સ : ટ્રેકિંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ ટી એપ્રોચના આધારે હવે જ્યાં કેસો વધી રહ્યા છે તેવા લિંબાયત અને માન દરવાજા વિસ્તારના હોટસ્પોટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નિર્ધારિત ક્લસ્ટર એરિયામાં ૭૦૮ કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમોના ૧૨૦૪ કર્મચારીઓ દ્વારા ક્લસ્ટર હોટસ્પોટમાં સઘન સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે. આ સર્વેલન્સ ટીમો દ્વારા જ માનદરવાજા વિસ્તારમાં પોઝિટીવ કેસોની ઓળખ થઈ છે. સ્લમ એરીયામાં પણ ૨૦ ટીમો દ્વારા સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે.

ધારાસભ્ય ઝાલાવાડી દ્વારા રાહત કિટોનું વિતરણ કરાયું

સુરત

કોરોનાના સંક્રમણની વિકટ પરિસ્થિતિમાં કામરેજના ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવાડિયાની રાહબરીમાં તેમની ટીમના સ્વયંસેવકો દ્વારા તેમના જનસંપર્ક કાર્યાલય પર અનાજ કરિયાણાની કિટો તૈયાર કરી સ્થાનિક વિસ્તારોની વિવિધ સોસાયટીઓમાં અતિ જરૂરિયાતમંદ ગરીબ પરિવારોને કિટોનું વિતરણ કરાઈ રહ્યું છે. લોકડાઉનની પરિસ્થિતિમાં સરથાણાની નિર્મળનગર સોસાયટી ખાતે સ્વ.ગિરધરભાઈ વિઠ્ઠલભાઈ ગોહિલ (ભદ્રાવળ)ના પરિવાર તરફથી અતિ જરૂરિયાતમંદ ગરીબ પરિવારો માટે ૫૦૦ જેટલી અનાજ કરિયાણાની કિટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ધારાસભ્યશ્રીએ પરિવારની મુલાકાત લઈ તેમની સેવાભાવનાને બિરદાવી હતી.

સુરતના સિમાડા ગામ સ્થિત દિવાળીબા સોસાયટીમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાયો હોવાથી ધારાસભ્યશ્રીની આગેવાનીમાં આરોગ્યની ટીમ, મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ અને સાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દિવાળીબા સોસાયટી આસપાસના સંપૂર્ણ વિસ્તારને કોરન્ટાઈન કરાયો છે. તેમજ યોગીચોક વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં સેનેટાઈઝરનો છંટકાવ કરવાની કામગીરી કરાઈ હતી. આ વિસ્તારના તમામ લોકોને લોકડાઉનનો ચુસ્તપણે પાલન કરવા માટે ધારાસભ્યશ્રી દ્વારા અપીલ કરવામાં આવી હતી.

નવસારી જિલ્લાના ૧૬,૧૭૨ શ્રમિકોને અંદાજિત ૩. ૨૮ કરોડથી વધુ મહેનતાણું ચુકવી દેવાયું

મદદનીશ શ્રમ આયુક્ત એ.એન.ડોડીયાએ વિગતો જાહેર કરી

સુરત

નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસો અને મદદનીશ શ્રમ આયુકતની કચેરી નવસારીના પ્રયાસોને પરિણામે લોકડાઉન દરમિયાન બંધ રહેલા નોકરીદાતા સંસ્થાઓના માલિકો દ્વારા માનવતાભર્યા નિર્ણય લઈને નવસારી જિલ્લાની આશરે ૨૦૦ ખાનગી સંસ્થા/કારખાનામાં કામ કરતાં ૧૬,૧૭૨ કામદારોને તેમના મહેનતાણારૂપે રૂ.૨૮ કરોડથી વધુ ચૂકવવામાં આવ્યા છે.

મદદનીશ શ્રમ આયુકત શ્રી એ.એન.ડોડીયાએ આ બાબતની વિગતો આપતા જણાવ્યું કે, લોકડાઉનમાં કામદારોને તેમનો પગાર મળતો રહે તે માટે નવસારીમાં આવેલી સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં કારખાનેદારોને સમજ આપવામાં આવી હતી અને કામદારો પ્રત્યે સંવેદના દાખવવા કહેવામાં આવ્યું હતું. જેમાં પરિણામરૂપ કારખાનાના માલિકો દ્વારા પણ માનવતાસભર નિર્ણય લેવામાં આવતા કામદારોને તેમના પગારના ચૂકવણા કરવામાં આવ્યા છે. તેમજ નવસારી જિલ્લાના સંગઠીત-ખાનગી ક્ષેત્રના શ્રમિકોને સમયસર તેઓનું મહેનતાણું મળી રહે તે માટે નવસારી મદદનીશ શ્રમ-આયુક્તની કચેરી દ્વારા સઘળા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. મદદનીશ શ્રમ આયુક્તની કચેરી દ્વારા કારખાનેદારોને પગાર ચૂકવવા માટે જરૂર પડયે મુવમેન્ટ-પાસ તથા શહેરની બેંક સાંથે સંકલન કરી આપવાની કામગીરી કરવામાં આવી હતી.

વધુમાં શ્રી ડોડીયાએ કહયું હતું કે, શ્રમ-આયુક્ત ગાંધીનગર દ્વારા ગત ૨૧ માર્ચના પરિપત્ર થકી રાજ્યના કારખાનેદાર, ખાનગી સંસ્થાના માલિકોને તેઓને ત્યાં કામ કરતાં કર્મચારીઓ/શ્રમિકોને લોકડાઉનના સમયગાળા દરમિયાન કામ પરથી બરતરફ ન કરવા અનુરોધ કરાયો હતો.

આ ઉપરાંત લોકડાઉનના સમયગાળાને સેવાકાળ ગણી તેનું મહેનતાણું ચૂકવવા તથા શક્ય હોય ત્યાં કર્મચારીઓને ઘરે બેઠા કામ કરી શકે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું હતું. આ પરિપત્ર મુજબ ૧ હજારથી ઓછા કામદાર ધરાવતી ખાનગી સંસ્થા એ ૭ એપ્રિલ સુધી અને ૧ હજારથી વધુ કામદારો ધરાવતી સંસ્થા એ ૧૦ એપ્રિલ સુધી પગાર ચૂકવવાની સમયમર્યાદા નિયત કરવામાં આવી હતી.મદદનીશ શ્રમ-આયુક્ત નવસારીના જણાવ્યા મુજબ, બહુધા સંસ્થાઓએ મહેનતાણા ચુકવી આપ્યા છે.

મદદનીશ શ્રમ આયુકતની કચેરી દ્વારા કરવામાં આવેલા સતત પ્રયત્નોને પરિણામે ૧૬ હજારથી પણ વધુ કામદારોને લોકડાઉન દરમિયાનની સંભવિત આર્થિક સંકડામણની સમસ્યા દૂર થવા પામી છે.

નવસારી જિલ્લામાં લોકડાઉન ભંગ બદલ ૫૭ વાહનો જપ્ત

૨૮૯ લોકો વિરૂદ્ધ ગુના દાખલ કરાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૧૬મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૮૯ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૨૯૮ ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૦૪ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૦૪ વ્યકિતની અટક કરવામાં આવી છે. ૫૭ વાહનો ડીટેઈન કરાયા હતા અને રૂ.૯,૬૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તા. ૧૬ એપ્રિલ સુધીમાં કુલ ૪૦૦૮ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૪૪૨૪ વ્યકિતઓની અટક કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરતના ઉમરવાડા ટેનામેન્ટમાંથી કોરોનાના ૫૪ દર્દીઓ મળી આવતા રેડ ઝોન જાહેર

સુરત

સુરત શહેરના માનદરવાજા ટેનામેન્ટ અને ઉમરવાડા ટેનામેન્ટમાંથી લેવાયેલા કોમ્યુનિટી સેમ્પલ બાદ એક પછી એક પોઝિટીવ દર્દીઓ મળી આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. દરમિયાન માનદરવાજા વિસ્તારને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. વિતેલા પાંચ દિવસ દરમિયાન જાણે કોરોના વાયરસનો રાફડો ફાટ્યો હોય તેમ કુલ ૫૪ કેસ મળી આવ્યા છે. જેને પગલે સ્થાનિક લોકોમાં રીતસરનો ફફડાટ વ્યાપી ગયો છે. આરોગ્ય વિભાગ પાસેથી મળતી વિગત પ્રમાણે આજે માનદરવાજા ટેનામેન્ટમાંથી કુલ ૨૫ દર્દીઓ મળી અત્યાર સુધી ૫૪ દર્દીઓ થયા છે. આ તમામ દર્દીઓ કોમ્યુનિટી સેમ્પલિંગને આધારે બહાર આવ્યા છે.

માનદરવાજા ટેનામેન્ટ વિસ્તારમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોમ્યુનિટી સેમ્પલ લેવાનું શરૂ કરાયું હતું. જેમાં તબક્કાવાર અત્યાર સુધીમાં ૫૪ કેસ મળી આવતા ફફડાટ વ્યાપી ગયો છે. માનદરવાજા ટેનામેન્ટ અને



ઉમરવાડા ટેનામેન્ટ મળી સૌથી વધુ કેસ સુરત શહેરમાં આજ વિસ્તારમાંથી મળી આવ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ વિસ્તારને રેડ ઝોન જાહેર કરી દેવામાં આવ્યો છે. સુરત શહેરમાં લીંબાયત, લાલગેટ, સલાબતપુરા, મહીધરપુરા અને અઠવા વિસ્તારમાં કર્ફ્યુ જાહેર કરી દેવાયો છે ત્યારે માનદરવાજા સલાબતપુરા પોલીસ મથકની હદમાં આવતો હોય આ વિસ્તારમાંથી મળી આવેલા કેસને જોતા કર્ફ્યુનો કડક અમલ કરાવવામાં આવી રહ્યો છે.

માનદરવાજા ટેનામેન્ટમાંથી આજે તમામ કેસ કોમ્યુનિટી સેમ્પલમાં બહાર આવ્યા હોય ટેનામેન્ટમાં રહેતા તમામ લોકોનું પાલિકા દ્વારા કોમ્યુનિટી સેમ્પલિંગ હાથ ધરવાની તજવીજ કરવામાં આવશે. હાલમાં માનદરવાજા ખાતે આવેલા ટેનામેન્ટમાંજ અટલા પ્રમાણના કેસ મળતા અન્ય ટેનામેન્ટ બિલ્ડીંગમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. મોટા ભાગે અહિ સામાન્ય પરિવારના લોકો રહે છે અને જેઓ રોજ કમાઈને રોજ ખાનારા છે. હવે આ કોરોના તેમને ત્યા કેવી રીતે પહોચ્યો એ પણ તપાસનો વિષય છે.

પારડી ભાજપના નગરસેવક મિત્રો સાથે દારૂની મહેફિલ માણતા ઝડપાતા ખળભળાટ

પારડી

એક તરફ સમગ્ર દેશમાં લૉકડાઉનો અમલ થઈ રહ્યો છે ત્યારે દક્ષિણ ગુજરાતના જાણીતા સ્થળ પારડીમાં રાજ્યની સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના મ્યુનિસિપલ કાઉન્સિલરની શર્મશાર કરતી કરતૂત પોલીસે ઝડપી પા ડી છે. ભાજપના નગરસેવક મિત્રો સાથે દારૂની મહેફિલ માણતા ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. ગઈકાલે મોડી રાત્રે પારડી પોલીસને બાતમી મળી હતી કે નગર સેવક જીજ્ઞેશ પટેલ તેમના મિત્રો સાથે વાડીમાં દારૂની મહેફિલ માણી રહ્યા છે. પોલીસે આ જાણકારી મળતા જ દારૂ પાર્ટીમાં દરોડા પાડી રંગમાં ભંગ પાડ્યો હતો. જ્યારે સમગ્ર ગુજરાત અને દેશ



લૉકડાઉનમાં ઘરમાં બંધ છે ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડતી હરકત ભાજપના નગરસેવકે કરી હતી. જોકે, પોલીસે તેમને કાયદાનું ભાન કરાવી દીધું હતું અને તેમની ધરપકડ કરી હતી. દારૂ પાર્ટીમાં દરોડા પડતા જ નગરસેવક અને તેના મિત્રોએ મોઢા સંતાડી દીધા હતા. પારડીના નગર સેવક વલસાડના પોણીયા ગામે દારૂની મહેફિલ માણતા ઝડપાતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો હતો. પોલીસે આ મામલે પારડી નગરસેવા સદનના વોર્ડ નંબર ૬ના કોર્પોરેટર જીગ્નેશ પટેલ અને તેમના મિત્રોને લોકઅપની હવા ખવડાવી કાયદાનું ભાન કરાવ્યું છે

દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા બદલાતા ગરમી ઘટી

દરિયાઈ પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છે ત્રણ ચાર દિવસથી આકરો તાપ વરસાવ્યા બાદ આજે સવારથી પવનની ગતિ અટકી જતા શહેરીજનોને હંગામી રાહત મળી છે. સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયુ હતું ઉત્તર દિશાના બદલે દક્ષિણ પચ્છિમ દિશાથી દરિયાઇ ભેજવાળો પવન ફુંકાતા ગરમીમાં રાહત અનુભવાઈ હતી. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૬.૬ ડિગ્રી નોંધાયુ છે. જવામાં ભેજનું પ્રમાણ ૩૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧.૪ મીલીબાર નોંધાયુ છે. નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધિકતમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે ન્યુતમ તાપમાન ૨૬ ડિગ્રી નોંધાયુ છે. આજે સવારથી પવનની દિશા બદલવાની સાથે ગતિમાં પણ ફેરફાર થયો છે. આજે સવારથી ફૂંકાઈ રહેલ પવનના લીધે અધિકતમ તાપમાનમાં નજીવો ઘટાડો સાંજ સુધી થવાની શકયતા છે. બપોરના સમયે પણ દરિયાઈ ભેજવાળો પવન ફુંકાઈ રહ્યો છે. શહેરીજનો અસહય ઉકળાટ અને બફારાથી રાહત મળી રહી છે.

આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો અને કોરોના વિશે જાગૃત બનો

નવસારી જિલ્લા તંત્રની લોકોને એપ ડાઉનલોડ કરવા અપીલ

નવસારી

કોરોના વાઈરસ કોવિદ-૧૯ થી બચવા ભારત સરકારે આરોગ્ય સેતુ નામની એપ શરૂ કરી છે. આ આરોગ્ય સેતુ એપમાં કોરોના સબંધી તમામ મહિતી આંગળીના ટેરવે મળશે. ગુજરાત સરકાર દ્વારા પણ અપીલ કરવામાં આવી છે કે રાજ્યના લોકો આરોગ્ય સેતુ એપ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરીને કોરોનાને આપો પડકાર, આરોગ્ય સેતુ એપનો લઈ સહકાર. આ સંદર્ભે નવસારી જિલ્લા તંત્ર દ્વારા પણ અપીલ કરવામાં આવી છે કે, વધુને વધુ લોકો આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી સ્વયંને સુરક્ષીત બનાવે.

આરોગ્ય સેતુ એપમાં મળશે કોરોના સબંધી તમામ માહિતી, ધ્બ્સ્ત્ઝ્-૧૯ના સંક્રમણને લગતા જોખમો અને તેનુ સચોટ વિવરણ. તમારા લોકેશન અને સામાજિક ગ્રાફની મદદથી તમે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે કેમ ? તે સબંધી વિગતો જાણી શકાશે. કોરોના વાઈરસના લક્ષણોના આધારે સ્વ-પરિક્ષણ સુવિધા. રાજ્ય સરકાર દ્વારા અપીલ કરાઈ છે કે ધ્બ્સ્ત્ઝ્-૧૯ થી બચવા સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ તથા આરોગ્ય સેતુ એપ દ્વારા સ્વયંને સુરક્ષિત કરીએ. ક્યુઆર કોડ સ્કેન કરો અને આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો.

નવસારી જિલ્લામાં ૩ શેલ્ટર હોમમાં ૧૫૨ લોકોનો આશરો

નવસારી

કોવિદ-૧૯ મહામારીને પગલે નવસારી જિલ્લામાં પરપ્રાંતિય તેમજ બીજા જિલ્લાઓમાંથી માઈગ્રેટ થઈને આવેલા વ્યક્તિઓ માટે ૩ શેલ્ટર હોમ શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કુમાર છાત્રાલય ઈંટાળવા ખાતે ૧૨૧ આશ્રિતો, વાંસદા ખાતે આવેલ કુંકણા સમાજની વાડી ખાતે ૧૪ આશ્રિતો તથા રાજીવ ગાંધી ભવન વાંસદા ખાતે ૧૭ આશ્રિતો માટે રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ બાળકો માટે દુધની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ તમામ સ્થળોએ તમામ લોકોની તાલુકાની હેલ્થ ટીમ દ્વારા આરોગ્ય તપાસ પણ કરવામાં આવી રહી છે.

સુરતના ખાનગી ઉદ્યોગોએ કર્મીઓને માર્ચ માસનું રૂ. ૨૧૮.૮૫ કરોડનું વેતન ચુકવ્યું

૧૭૨૧૫ જેટલા કારખાને દારોએ શ્રમજીવીઓને પગાર કરી દીધો

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે જાહેર તથા ખાનગી સંસ્થાઓના માલિકો તથા કારખાનેદારોને તેઓની સંસ્થા તથા કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તથા કર્મચારીઓને ખાસ કરીને રોજમદાર અથવા કોન્ટ્રાકટના કર્મચારીઓને ફોસ્ટા, ડાયમંડ એસોસિયેશન, સચીન નોટીફાઈડ એરીયાના એસોસિએશનો, કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ, હજીરાના ઉદ્યોગો તથા અન્ય જુદા જુદા એસોસિએશનો મળી ૧૭૨૧૫ જેટલા ઉદ્યોગકારો દ્વારા પોતાના ૧,૮૬,૧૭૫ જેટલા શ્રમિકો/કર્મચારીઓને માર્ચ મહિનાનું રૂા.૨૧૮.૮૫ કરોડ જેટલું વેતન ચૂકવી આપવામાં આવ્યું છે.

આ બાબતે હજુ પણ જો કોઈ સંસ્થા કે શ્રમયોગી/કામદારોને માર્ચ-૨૦૨૦નો પગાર ચૂકવેલ ન હોય તો સત્વરે કામગીરી પૂર્ણ કરવાની રહેશે. વધુમાં પગાર નહી મળ્યા બાબતની કોઈ ફરિયાદ હોય તો ટેલિફોન નંબર ૦૨૬૧- ૨૪૬૪૫૬૪ પર સંપર્ક સાધવા સુરતના નાયબ શ્રમ આયુકતશ્રી જી. એલ. પટેલની યાદીમાં જણાવાયું છે.

નર્મદા જિલ્લા માટે સારા સમાચાર : ૧૮ એપ્રિલે એક પણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા નથી

૧૭ એપ્રિલ સુધીમાં આરોગ્ય વિભાગના ૪ વ્યક્તિઓ સહિત કુલ-૧૧ પોઝીટીવ કેસ હતા જેમાં આજે એક પણ વધારો થયો નથી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

શનિવારે બપોર સુધી નર્મદા જિલ્લા માટે સારા સમાચાર કહી શકાય કેમ કે ૧૮ એપ્રિલે એક પણ કોરોના પોઝિટિવ કેસ નવો નોંધાયા નથી. આમ તો અત્યાર સુધી કુલ ૨૯૪ સેમ્પલો લેબ ટેસ્ટિંગ માટે મોકલાયા હતા જેમાંથી ૨૮૩ સેમ્પલના રિઝલ્ટ નેગેટિવ આવ્યા છે.અગાઉ જે પોઝિટિવ કેસ આવ્યા હતા એમના સંપર્કમાં આવેલા લોકોના રિપોર્ટ પણ નેગેટિવ આવ્યા હોય તંત્ર એ અને લોકોએ રાહત નો શ્વાસ લીધો છે. જોકે જ્યાં પોઝિટિવ દર્દીઓ નીકળ્યા હતા એવા વોર્ડ સિલ કરાયા હતા અને ત્યાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ માટે પાલીકા ટિમ દ્વારા સેવા અપાઈ રહી છે.જેમાં આ વોર્ડના વ્યક્તિ ફોન કરે ત્યારે પાલીકા કર્મચારીઓ જરૂરી વસ્તુઓ કે દવા તેમના ઘરે પહોંચાડી ત્યાં વસ્તુનું બિલ આપી રૂપિયા લે છે. અને લોકો એ બહાર ન નીકળવા પાલીકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલે મેસેજ અને તેમના અવાજ માં એક ઓડીઓ કલીપ પણ ફરતી કરી હતી જેમાં વોર્ડ ૪,૫ અને ૬ ના લોકો ને જરૂરી સૂચના સાથે બહાર ન નીકળવા અપીલ કરી હતી.આવનારા દિવસોમાં લોકડાઉનનું ચુસ્ત પાલન કરશો તો આપણો જિલ્લો કોરોના મુક્ત બનશે.ખોટી અફવાઓથી ગભરાશો નહિ જેવી બાબતે પણ તંત્ર એ લોકોને સૂચના આપી છે.





એલઆઈસી એજન્ટ એસોસીએશન, સુરત ડીવીઝન સુરત દ્વારા કોરોના મહામારીના સમયે અનાજ કીટ વિતરણ માટેનો એક કાર્યક્રમ લાયન્સ ક્લબ સુરત ઈસ્ય દ્વારા સંચાલિત નગર પ્રાથમિક શાળાના પટાંગણમાં, મોહનની ચાલ વરાછારોડ ખાતે તા. ૧૭-૪-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ જેમાં હોમગાર્ડના ૧૦૦ જેટલા મિત્રોએ કીટનો લાભ લીધો હતો.. કાર્યક્રમમાં સુરત ટ્રાફિક વિભાગના એસીપી એ. પી. ચૌહાણ તથા ડો. પ્રફુલભાઈ શિરોયા તેમજ જે. આર. રામ તથા વી. આર. રામ (ઓફિસ કમાન્ડીંગ, બી ઝોન) મહેમાન તરીકે હાજર રહેલા એસોસીએશન હોદ્દેદારોમાં એસો.ના પ્રમુખ નટવરલાલ આર. પટેલની સાથે મનજીભાઈ સવાણી, અશ્વિનભાઈ જી. પટેલ, જે. બી. બાવશીયા, કિર્તીભાઈ શિરોયા હાજર રહ્યા હતા.

કોરોના ના કહેર વચ્ચે ગણદેવીમાં જનજાગૃતિ અભિયાન

નવસારી

''કોરોના'' સામે જંગે ચઢેલા વહીવટી તંત્ર દ્વારા પ્રજાજનોમાં આ બાબતે વ્યાપક જનજાગૃતિ કેળવાય તે માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહયાં છે.ગણદેવી નગરપાલિકા દ્વારા આ બાબતે પ્રજાજનોને પૂરતી જાણકારી સાથે સાચું માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ અનેકવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી ચંદ્રેશકુમાર સરૈયાએ કરેલ કામગીરીની માહિતી આપતા કહયું હતું કે, શહેરના મુખ્ય માર્ગો સહિત નગરમાં ઠેર ઠેર જાહેર સ્થળોએ પ્રજાકીય જાગૃતિ માટેના લખાણો, પોસ્ટર્સ, હોર્ડિંગ્સ વિગેરે પણ પ્રદર્શિત કરીને, આ અંગેની જાણકારી પુરી પાડવામાં આવી રહી છે. જેમાં ગણદેવી નગરના પ્રજાજનોને વ્યાપક સહયોગ માટે પણ નગરપાલિક તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

અંકલેશ્વર નવસર્જન બેંક દ્વારા ૧૦૦૦ જરૂરિયાતમંદ ને સહાય

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે કાર્યરત નવસર્જન ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ બેન્ક દ્વારા નાની મહામારી ના પગલે જરૂરિયાત મંદ પરિવારોને ૧૦૦૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નવસર્જન બેંકના ચેરમેન જતીન શાહ ના માર્ગદર્શન હેઠળ બેંક દ્વારા જરૂરિયાતમંદ પરિવારો માટે રૂપિયા ચાર લાખની ફંડ ફાળવવામાં આવ્યું હતું જેમાં થી અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારના સાચા અર્થમાં જરૂરિયાત મંદ લોકોને ભોજન વગર ન રહેવું પડે અને અનાજ વગર ન રહેવું પડે એ માટે ૧૦૦૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા સરકારી રાહતફંડમાં વ્યક્તિગત આર્થિક યોગદાન

મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે નાગરિક ધર્મ નિભાવતા કોરોના સામેની લડાઈમાં સંવેદનાભરી મદદ કરી

સુરત

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા પી.એમ. કેર્સ ફંડમાં રૂ.૧,૧૧,૧૧૧ અને મુખ્યમંત્રી રાહત નિધિમાં રૂ.૧,૧૧,૧૧૧ નું વ્યક્તિગત યોગદાન આપવામાં આવ્યું છે. કોરોના સામેની લડાઈમાં સંવેદનાભરી મદદ કરીને મંત્રીશ્રીએ નાગરિક ધર્મ નિભાવ્યો છે. જે સંદર્ભે મંત્રીશ્રીએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ કોરોનાની મહામારીથી ત્રસ્ત છે, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના દુરંદેશીભર્યા પગલાંઓથી સમગ્ર વિશ્વને કોરોના મહામારી સામે લડવા માટે એક નવી દિશા ચીંધી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે કોરોના સંક્રમણ અટકાવવાના અનેકવિધ પગલાઓ લીધા છે. બારડોલીના જનપ્રતિનિધિ અને જવાબદાર નાગરિક તરીકે દેશ પર આવેલી આફતમાં મદદરૂપ બનવાની મારી નૈતિક ફરજ છે. જેથી પી.એમ. કેર્સ ફંડ અને મુખ્યમંત્રી રાહત નિધિમાં મારૂ યોગદાન આપ્યું છે.

અંકલેશ્વરના યુવાને કોરોનાના સંક્રમિત દર્દીઓથી વાયરસનો ફેલાવો રોકવા ઉપકરણ બનાવ્યું

અંકલેશ્વર

મૂળ ઉત્તર પ્રદેશના ઈટાવાના ચક્કનગર ગામના અને હાલ અંકલેશ્વર રાજપીપળા ચોકડી પાસેની મારુતિ ધામ સોસાયટીમાં રહેતા દિલીપકુમાર રુપનારાયણે તકનીકી શિક્ષણ બોર્ડ લખનઉ બોર્ડમાંથી ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં ડિપ્લોમાનું શિક્ષણ લીધું છે. વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસ (ઝૅંફેંઢ - ૧૯) ના ફેલાવાને રોકવા માટે કોરોના વાઈરસ નિયંત્રણ ઉપકરણની શોધ તેમણે કરી છે.

દિલીપ કુમારે જણાવ્યું હતું કે આ એક ઈલેક્ટ્રોનિક ઉપકરણ છે. જે સેલ અથવા બેટરીની મદદથી ચાલે છે. આ ડિવાઈસનો ઉપયોગ કર્યા પછી તેને પણ ચાર્જ કરી શકાય છે. આ ઉપકરણ તંદુરસ્ત વ્યક્તિને ચેપ લાગવાથી બચાવવા માટે મદદ કરે છે. દરેક વ્યક્તિ તેનો ઉપયોગ કરી શકે છે. કારણ કે તેની કિંમત લગભગ ૨૦૦? છે. આ ઉપકરણનો ઉપયોગ માસ્ક તરીકે થઈ શકે છે. આ ઉપકરણ ઓછા પૈસામાં પણ બનાવી શકાય છે. પછી તેની કિંમત લગભગ એક માસ્ક જેટલી લગભગ રૂ. ૮૦ હશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ પહેલેથી જ ચેપગ્રસ્ત છે, અને જો તે વ્યક્તિ આ ઉપકરણનો ઉપયોગ કરે છે, તો પછી આ ઉપકરણ તે વ્યક્તિથી ફેલાયેલા વાયરસને આકર્ષિત કરીને વાયરસને નિષ્ક્રિય કરી શકે છે. અને તે વાયરસને વાતાવરણમાં સક્રિયપણે ફેલાતા અટકાવી શકે છે. અને તે પછી વાયરસ લગભગ હાનિકારક રહેતો નથી. આ ઉપકરણ ચેપગ્રસ્ત વ્યક્તિ માટે ઉપચાર નથી, પરંતુ આ ઉપકરણ ઝડપથી ચેપ લાગતા લોકોની સંખ્યાને રોકી શકે છે. જો ભારત સરકાર અને રાજ્ય સરકાર આ પ્રોજેક્ટને ધ્યાનમાં લેશે, તો આ ઉપકરણને વધુ સંવેદનશીલ બનાવી શકાય છે. અને કોરોના વાયરસના ચેપથી બચી શકાય છે. અને આ વાયરસની સાંકળ તોડી શકાય છે. આ ઉપકરણની સંવેદનશીલતા હજી ઓછી છે કારણ કે ભારતમાં કોરોના વાયરસ રોગચાળાને કારણે હાલમાં લોકડાઉન ચાલુ છે. જેના કારણે કેટલાક સાધનો ઉપલબ્ધ નથી.

જો તેમને કોઈ સંશોધનની શોધ કરવાની તક મળે, તો આ ઉપકરણને વધુ સંવેદનશીલ બનાવી શકાય છે. જેથી આ ઉપકરણનો ઉપયોગ બધા કરી શકે. જ્યાં સુધી તેઓ ધ્યાનમાં લેવામાં આવે છે, જો કોઈ દેશ ભવિષ્યમાં વાયરસથી સંબંધિત જૈવિક શસ્ત્રોનો ઉપયોગ કરે છે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET4U™ ISO 9001:2015 Certified company

REG. OFFICE: 13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એકિટવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store Download - GPSMARKET
User id : demo - password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે **જરૂરિયાત મુજબ**

(રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે

જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)

સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો

Market4u

9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.

બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

નર્મદામાં લેવાયેલા ૩૦ સેમ્પલનું રિઝલ્ટ નેગેટિવ, ૨૪ કલાકમાં એક પણ કેસ પોઝિટિવ નહિ

- કોરોના વાયરસના ૧૧ પોઝિટિવ કેસ છે તેઓ હાલ સારવાર હેઠળ છે
- અત્યાર સુધીમાં નર્મદા જિલ્લામાં ૨૮૩ જેટલાં કોરોના વાઈરસના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લામાં ૩ દિવસથી કોરોના વાયરસના કેસ વધતા હતા જેથી લોકોમાં ફફડાટ ફેલાયો હતો.પરંતુ ૧૮મી એપ્રિલના રોજ કોરોનાનો એક પણ પોઝિટિવ ન આવતા તંત્રની સાથે જિલ્લાવાસી ઓએ હાશકારો અનુભવ્યો છે.ખાસ કરીને જે કોરોના પોઝિટિવ આવ્યા છે એમના સંપર્કમાં આવેલા કેટલાક લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા તે પણ નેગેટિવ આવતા તંત્ર થોડી રાહત થઈ છે.પરંતુ બીજી તરફ હાલ જે કોરોના વાયરસના ૧૧ પોઝિટિવ કેસ છે તેઓ હાલ સારવાર હેઠળ છે.નર્મદા જિલ્લામાં ગઈ કાલે ૩૦ સેમ્પલ લેવાયા હતા એ તમામ ના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.અત્યાર સુધી ૨૯૪ સેમ્પલો લેબ ટેસ્ટિંગ માટે મોકલાયા હતા જેમાંથી ૨૮૩ સેમ્પલના રિઝલ્ટ નેગેટિવ આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાંથી ફરજ પર આવતા મનપા કર્મીઓ સાથે પોલીસની માથાકુટ

પાછા ફરશે તો કર્મચારીઓના વાહનો જપ્ત કરવાની પોલીસની ચીમકી

સુરત

સુરત શહેરની બહાર રહેતા સુરત મહાનગર પાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને ફરજ ઉપર આવતા જેને ગ્રામીણ વિસ્તારની પોલીસ પોઇન્ટ ઉપર રોકવામાં આવે છે અને સાંજે પરત ફરશે, તો ગાડી જમા થઇ લેવાની ધમકી આપતા આજે ઘણા કર્મચારીઓ ફરજ ઉપર આવી શકયા ન હતા. આ અંગે કર્મચારી યુનિયનના અગ્રણી ઇકબાલ સેખે ડેપ્યુટી કમિ. કમલેશ નાયકને રજુઆત કરી બહાર ગામથી આવતા કર્મચારીઓના મુદ્દે યોગ્ય ઉકેળ લાવવામાં આવે.

કર્મચારી આગેવાન ઇકબાલ શેખના જણાવ્યા મુજબ આજે સવારે મહુવા તરફથી આવતા મનપાના કર્મચારીઓને સ્થાનિક પોઇન્ટ ઉપર અટકાવવામાં આવ્યા હતા. જેઓને પરત ઘરે જવા માટે દબાણ કરતા હતા. પરંતુ તેઓ ઇમરજન્સી ફરજમાં હોવાની રજુઆત કરતા માંડ માંડ તેઓને ત્યાંથી જવા દેવાયા હતા. પરંતુ આ પોઇન્ટ ઉપરના પોલીસ કર્મીઓએ જવા દેવા સાથે ધમકી આપી હતી કે સાંજે પાછા આવશો તો ગાડી જમા લઇ લેવામાં આવશે. જેને કારણે આજે ઘણા કર્મચારીઓ ફરજ ઉપર હાજર થઇ શકયા નથી.

રાજપીપળા નગરપાલિકાને ઝગડીયાની DCM શ્રીરામ કંપનીએ વિનામૂલ્યે ૪ હજાર લીટર સેનેટાઈઝર આપ્યુ

કોરોના તકેદારી ના ભાગરૂપે રાજપીપળા શહેરની સાંકળી ગલીઓમાં અગાઉ હેન્ડ પમ્પ વડે સેનેટાઈજેસન થયું હતું હજુ જરૂર જણાય ત્યાં ચાલુજ છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



કોરોના વાયરસને લઈને રાજપીપળા શહેરમાં તંત્ર સાબદુ થયું હોય જેમાં નગરપાલિકા દ્વારા આખા શહેરમાં સેનેટાઈઝર કરાયું છે અને હજુ જરૂર જણાય ત્યાં સેનેટાઈજેસન ની કામગીરી થઈ રહી હોય ત્યારે હાલ ઝગડીયાની DCM શ્રી રામ કંપનીએ રાજપીપળા નગર પાલિકા ને વિનામૂલ્યે ૪૦૦૦ લીટર

સોડિયમ હાઇપો ક્લોરાઇટ(સેનેટાઈઝર)આપ્યુ હોય માટે શહેરની સુરક્ષા માટે પાલીકા તંત્ર આ સેનેટાઈઝર ઉપયોગ માં લેશે જેથી શહેર જંતુ મુક્ત રહે અને લોકોના સ્વાસ્થ્ય સ્વસ્થ રહે તેવા તમામ પ્રયાસો પાલીકા દ્વારા કરવામાં આવી રહ્યા છે.

જોકે પાલીકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલ પોતે કોરોના મહામારી બાબતે ખૂબ ગંભીર હોય પાલીકા ની ટિમો ને સતત માર્ગદર્શન આપી જરૂરી કામગીરી બાબતે સૂચનો આપી રહ્યા છે. ત્યારે સૌથી મહત્વની વાત એ પણ છે કે અગાઉ શહેરના મુખ્ય માર્ગો ઉપર ફાયર ના વાહન દ્વારા રાત્રે સેનેટાઈજેસન કરાયું હતું ત્યારે મુખ્ય અધિકારી પાલીકા ટિમ સાથે ખડે પગે રહ્યા હતા અને આજે પણ દરેક કામગીરી બાબતે ખાસ તકેદારી રાખી રાજપીપળા શહેર ના લોકો સ્વસ્થ રહે એ બાબતે ખાસ પગલાં લઈ રહ્યા છે.ઝગડીયાની DCM શ્રી રામ કંપની એ વિનામૂલ્યે સેનેટાઈઝર આપતા પાલીકા ના મુખ્ય અધિકારી એ કંપની નો આભાર વ્યક્ત કર્યો હતો.

પાલીકા મુખ્ય અધિકારી જયેશ પટેલે જણાવ્યું હતું કે અમે હજુ પણ આ કંપની પાસે વધારાનું સોડિયમ હાઇપો ક્લોરાઇટ માંગ્યું છે.જેનો ઉપયોગ નગરના વિસ્તારો સેનીટાઇઝ કરવામાં થશે.

લોકડાઉન માં રાજપીપળા જિલ્લા જેલમાં ઈ- મુલાકાત સુવિધા શરૂ થતા બંદીવાનો તથા તેમના પરિવારમાં ખુશી



જેલરની સામે જ કેદી રડવા લાગ્યો, દ્રશ્ય જોઈ અન્ય લોકો પણ થયા ભાવુક

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસ અંતર્ગત સમગ્ર રાજ્યમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યુ છે.જેથી જેલમાં સજા ભોગવી રહેલા આરોપી ઓની રૂબરૂ મુલાકાત પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.એ જ કારણે કેદીઓ તેઓના સગા સંબંધીઓને રૂબરૂ મળી શકતા નથી.અધિક પોલીસ મહાનિર્દેશક(જેલ) ડો.કે.એલ.એન.રાવે રાજ્યની જેલો માં સજા ભોગવતા કેદીઓ પોતાનો પરિવાર સાથે ઘરે બેઠા વિડીયો કોન્ફરન્સીગ મારફતે મુલાકાત કરી શકે તે હેતુથી ઈ-મુલાકાત શરૂ કરવા જણાવ્યું હતું.

જેના ભાગરૂપે રાજપીપળા જિલ્લા જેલના ઈ.ચા અધિક્ષક એમ. એલ. ગમારાએ જેલમાં ઈ-મુલાકાત સુવિધા શરૂ કરી છે.૧૮ એપ્રિલ ૨૦૨૦ ના રોજ સાંજના સમયે રાજપીપળા જેલના એક પાકા કેદીને ઈ-મુલાકાત સુવિધા હેઠળ જામનગર ખાતે રહેલ તેના પરિવાર સાથે વિડીયો કોન્ફરન્સીંગથી મુલાકાત આપવામાં આવી હતી. કોરોના વાયરસ અંતર્ગત કેદીના સગા છેલ્લા ઘણા સમયથી જેલ ખાતે રૂબરૂ મુલાકાતે આવી શક્યા ન હતા. ત્યારે ઈ-મુલાકાત દરમ્યાન કેદીએ એના પરિવાર સાથે વાતો કરી હતી અને ઘરના લોકોના ખબર અંતર પૂછ્યા હતા.દરમિયાન કેદીની આંખોમાં આંસુ આવી ગયા હતા અને ભાવુક થઈ ગયો હતો.આ દ્રશ્ય જોઈ ખુદ જેલર એમ.એલ.ગમારા અને અન્ય લોકો પણ ભાવુક થયા હતા.ઈ-મુલાકાત સુવિધા શરૂ થતા જેલના બંદીવાનો તથા તેમના પરિવાર દ્વારા ખુશીની લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઈ-મુલાકાત સુવિધાનો લાભ લેવા માટે કેદીના સગા સબંધી પાસે એન્ડ રોઇડ મોબાઇલ હોય તેમાં વિડીયો મોબાઈલ એપ ડાઉનલોડ કરવાની રહે છે. બાદમાં e-prisons.nic.in માં e-mulakat મા જઈ તેમાં દર્શાવિલ જરૂરી તમામ વિગતો ભરી રજીસ્ટ્રેશન કરવાનું રહે છે.રજીસ્ટ્રેશન થયા બાદ જેલ ખાતેથી કેદીના સગા સબંધીને ઈ-મુલાકાત માટે તારીખ અને સમય આપવામાં આવે છે.રાજપીપળાની જેલમાં ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન રવિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય ઘરે બેઠા વિડીયો કોન્ફરન્સથી મુલાકાત કરી શકાય છે.

સુરતના સચિન તલંગપુરમાં પરપ્રાંતિયોએ વતનમાં જવાની માંગ સાથે ફરી કર્યો હોબાળો



સુરત

લોકડાઉનને લઈને કામ ધંધા બંધ રહેતા કામદારો અકળાયા છે. વતન જવાની માંગ સાથએ સચિન તલંગપુરમાં કામદારોએ હોબાળો મચાવ્યો હતો. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને તમામને સમજાવીને તેમના ઘરે પરત મોકલ્યાં હતાં.

શહેરના અલગ અલગ વિસ્તારોમાં લુમ્સ અને એમ્બ્રોઈડરી સહિતની મીલો અને અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલા કામદારો લોકડાઉનમાં વતન જવા માટે અધીરા થયા છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં છેલ્લા સાતેક દિવસથી કામદારો વતન જવાની જીદ કરી રહ્યાં છે. આ જીદ હવે સચિન તલંગપુર પહોંચી હોય તેમ કામદારો રસ્તા પર ઉતરી આવીને હોબાળો કરી રહ્યાં હતાં. સચિન પોલીસને જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને તમામ કામદારોને સમજાવીને પરત તેમના ઘરે મોકલી આપ્યાં હતાં.તથા લોકડાઉનનો અમલ કરવા સમજાવટથી પોલીસે કામ લીધું હતું.

સુરતના નાનપુરામાં કર્ફ્યુ છૂટ દરમિયાન મોટી સંખ્યામાં મહિલાઓ રસ્તા પર ઉતરી



સુરત

કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને સુરતના ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. શહેરના નાનપુરા અથુગર મોહલ્લામાં દુધ લેવા માટે આવેલા મહિલાઓ કર્ફ્યુની છૂટ દરમિયાન લાઈનો લગાવી દીધી હતી. મોટી સંખ્યામાં મહિલાઓ રસ્તા પર ઉતરી પડી હતી. જીવનજરૂરીયાતની વસ્તુઓ ખરીદવા માટે મહિલાઓ રસ્તા પર ઉમટી પડી હતી.

કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા વધતા અને લોકો દ્વારા સાવચેતીનાં પગલાંનું ચુસ્તપણે પાલન ન થતાં પોલીસ કમિશનર આર.બી.બ્રહ્મભટ્ટે કોટવિસ્તારના ૪ પોલીસ મથકો અને લિંબાયત પોલીસ મથકની હદમાં આવેલી કમરૂનગર ચોકી વિસ્તારમાં ગુરુવાર મધરાતથી કરફ્યુ લાદી દેવાયો છે.

પત્રકાર પરિષદમાં પોલીસ કમિશનરે આપેલી માહિતી મુજબ ૧૬ એપ્રિલ, ગુરુવારની મધરાતથી લઈને ૨૨મી એપ્રિલ સુધી સવારે ૬ કલાક સુધી કરફ્યુ લાગુ રહેશે. કોટ વિસ્તારના સલાબતપુરા, મહિધપુરા, લાલગેટ અને અઠવાલાઈન્સ અને લિંબાયતની કમરૂનગર પોલીસ ચોકી સહિતનો ૨૭ કિલોમીટરનો વિસ્તાર આવરી લેવાયા છે. કરફ્યુવાળા વિસ્તારોમાં મહિધરપુરાની ૫, લાલગેટની ૭, સલાબતપુરાની ૭, અઠવાલાઈન્સની ૭ અને અને લિંબાયતની એક પોલીસ ચોકી શામેલ છે.

નર્મદામાં કોરોના મહામારીમાં પણ ઉદારતાના દર્શન કરાવતો કિસ્સો ગરીબોની ઉદારતાના દર્શન



અમારી પાસે અનાજ છે જે લોકો બાકી છે એમને આપોઃ કોરોના મહામારીમાં થયા ઉદારતાના દર્શન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોનાના કેહેર વચ્ચે કેન્દ્ર સરકારે લોકડાઉન ૩ જી મેં સુધી લંબાવ્યું છે. લોકડાઉન ૧ અને લોકડાઉન ૨ દરમિયાન પણ જરૂરિયાતમંદોને સેવાભાવી સંસ્થાઓ દ્વારા અનાજની કિટોનું વિતરણ પણ કરાઈ રહ્યું છે.ગતરોજ અમદાવાદના કલસ્ટર ક્વોરેન્ટાઈન ગુલબાઈ ટેકરા વિસ્તારમાં શ્રમજીવીઓએ અનાજની કિટોની લૂંટફાટ મચાવી હતી.પોલીસે સ્થળ પર જઈ મામલો થાળે પાડી લોકોને સમજાવ્યા હતા.એક તરફ અનાજની કિટોની લૂંટફાટની ઘટના સામે આવી હતી તો એ જ દિવસે નર્મદા જિલ્લામાં કીટ વિતરણ દરમિયાન ઉદારતાના દર્શન થયા હતા.

નર્મદા જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી અને નર્મદા જિલ્લા ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન વલ્લભભાઈ જોશી પોતાના વિસ્તારના નામલપુર, અગર,જેસિંગપુરા, કાકડિયા, સિંધિયાપુરા, આમલિયા, રતુડિયા,ગોધામ, કસુન્દરા અને સીરા સહિત અન્ય અંતરિયાળ વિસ્તારમાં આદિવાસી સમાજના જરૂરિયાતમંદ લોકોને અનાજની કીટ વિતરણ કરવા ગયા હતા.દરમિયાન ઘણા લોકોએ એમને એવું કહ્યું હતું કે તમે પેહલા જ એવા વ્યક્તિ છો કે આવ્યા બાકી અત્યાર સુધી અહીયા મદદ માટે કોઈ આવ્યું ન્હોતું.

બીજી બાજુ તેઓ કાકડિયા ગામના લોકોને અનાજની કીટ આપવા પહોંચ્યા ત્યારે એમણે સામે ચાલીને કહ્યું કે અમારી પાસે તો અનાજ છે પણ ગામની બહાર ૩-૪ કુટુંબો એવા છે એમની પાસે કશું જ નથી એમને આપો. તેઓ વલ્લભ જોશી સાથે ત્યાં ગયા હતા અને તમામને કીટ વિતરણ કર્યું હતું.ત્યારે કોરોના મહામારીમાં પણ ઉદારતાના દર્શન કરાવતો આ કિસ્સો લોકોમાં ખાસ્સો ચર્ચાઈ રહ્યો છે.

સુરતમાં કર્મકાંડી બ્રાહ્મણોએ કરી મૃત્યુ પછીની ઉત્તરક્રિયામાં જવા દેવા માટે માંગ



સુરત

લોકડાઉનની સ્થિતિમાં જનજીવન ખોરવાઈ ગયું છે. અમુક વિસ્તારોમાં કર્ફ્યુ છે. લોકોને ઘર બહાર નીકળવાની છૂટ નથી. ત્યારે હિન્દુ ધર્મમાં મરણોત્તર ક્રિયાની એક મહત્વની ધાર્મિક ક્રિયાને જોતાં સુરતના કર્મકાંડી બ્રાહ્મણોએ સરકારને પત્ર લખીને આવી અશુભ વિધિઓમાં જવા દેવાની છૂટછાટ આપવામાં આવે તેવી માંગ કરી છે. ૧૧માની વિધિમાં જવા દેવામાં આવે તેવો પત્ર પણ લખવામાં આવ્યો છે.

અલ્પેશ રાજેન્દ્રભાઈ પંડ્યા નામના મહારાજે જણાવ્યું હતું કે, હિન્દુ ધર્મમાં સોળ સંસ્કાર માનવામાં આવે છે જેમાં ઉત્તરક્રિયા પણ એક સંસ્કાર છે. ઉઠમણું તથા ૧૧મુંએ મહત્વની ક્રિયા છે. અમે ચાર પેઢીઓથી આ પ્રકારની વિધિઓ કરાવતા આવી છીએ પરંતુ હાલના સમયમાં અમે ઘર બહાર નીકળી શકતા નથી જેથી સરકારને વિનંતી કરવામાં આવે છે કે અમને આ સમય દરમિયાન છૂટછાટ આપવામાં આવે.

અલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, થોડા દિવસો અગાઉ ઉત્તરક્રિયાની વિધિ માટે જતા એક ગોર મહારાજને પોલીસે રસ્તામાં રોક્યા હતાં. અને દંડાવાળી કરીને અપશબ્દો કહ્યા હતાં. અમારે પણ લોકડાઉનનું પાલન કરવું છે પરંતુ ધાર્મિક વિધિ પણ થાય અને લોકડાઉન પણ સચવાય રહે તે રીતે અમને મંજૂરી આપવામાં આવે તેવી માંગ કરીએ છીએ.